Vol. 41, No.2
June 2020
ISSN 2455 - 4162

Rs: 30

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક




BHAVAN'S BOOK UNIVERSITY

Just Released

MOHANDAS KARAMCHAND GANDHI

150th Birth Anniversary Edition

MRINALINI SARABHAI



an inspiring book for children!!!

₹ 150/-

any child who picks up this marvellous book
to read will be impelled to work for peace

Postage Extra

ISBN 978-81-7276-403-6

9 788172 764036 >

For copies, please contact:
BHARATIYA VIDYA BHAVAN Publication Division
505, Sane Guruji Marg, Gora Gandhi Compound, Tardeo, Mumbai 400 034
Ph.: 23530916/23514466/23519808 (Direct) Fax: 23520385
E-mail: pvsankarankutty@gmail.com or pvsankarankutty@bhavans.info
Website: www.bhavans.info
*Postage Extra

અનહદ બાની

□ સુભાષ ભટ્ટ

આધ્યાત્મ એટલે જીવનમાંથી પ્રગટેલ સંદેહ અને સમાધાન. માત્ર બૌદ્ધિક અને તાત્ત્વિક પ્રશ્નોત્તર નહીં, જીવન પ્રયોગમાંથી પ્રગટતી સમજ. શાસ્ત્ર નહીં, જીવન નિસ્બત વિનાનાં વ્યાખ્યાનો નહીં પણ જીવન કેન્દ્રમાંથી નિષ્પન્ન થતા અનુભવો અને ડહાપણ. આવો, આવા એક પ્રયોગના સાક્ષી બનીએ.

એક જીવન-ઋષિ શિષ્યોને લઈને એક આલીશાન મોલમાં જઈ ચડ્યા. શિષ્યો તો વિશ્વભરની મોંઘીદાટ અને મનોહારી વસ્તુઓ અને તેના અંતહિન રંગ-રૂપ-આકારોથી દંગ રહી ગયા. બ્રાન્ડેડ કંપનીઓની આવી જાજરમાન ગેલેરીઓ અને જીવનની આવી-આટલી ભૌતિક સમૃદ્ધિથી પ્રભાવિત થઈ ગયા. જાણેકે વિશ્વની બધી દિશાઓમાંથી આવીને સુખો વેરાઈ ગયાં હોય. એક શિષ્યે આ અંગે પ્રશ્ન પૂછ્યો તો ગુરુજી કહે, ''તમારા આંગણે વિશ્વભરની વસ્તુઓ લાવી મૂકવાનો યશ વૈશ્વિકીકરણને જાય છે.'' અને પછી આશ્ચર્યચકિત થયેલા સૌ મોલની બહાર નીકળ્યા. ત્યાં બહારના ભાગમાં થોડાંક લઘરવઘર, ગરીબ, અર્ધનગ્ન ભૂખ્યાં બાળકો ભીખ માગતાં જોયાં. એક આત્મવાન શિષ્યે ગુરુજીને આ પીડાકારક વિરોધાભાસ વિશે પૂછ્યું તો ગુરુજી કહે,

''આપણે પ્રેમ, સંવેદનશીલતા, ભાઈચારો, કરુણા જેવાં માનવીય મૂલ્યોના બ્રાન્ડિંગ અને ગ્લોબલાઈઝેશનમાં નિષ્ફળ ગયા છીએ. આપણે ત્યાં વસ્તુઓના બ્રાન્ડ એમ્બેસેડર મળે છે પણ આદર્શો-મૂલ્યોને જીવી દેખાડે તેવાં ચારિત્ર્યો લુપ્ત થઈ રહ્યાં છે.''

શ્રી શ્રી રવિશંકરજી અને આત્મવાન અને પ્રત્યાનુભૂતિસભર વાત કરે છે.

આપણે માત્ર પોટેટો ચીપ્સ અને કોલ્ડડ્રિન્ક્સ નહીં પણ પ્રેમ, ડહાપણ અને માનવતાને પણ ગ્લોબલાઈઝ કરવાં જોઈએ.

❑❑❑

૧૦૭

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૧ અંકઃ ૨, જૂન ૨૦૨૦

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ : રોહન જોશી
તિબેટન વાઇલ્ડ એસ - કિઆંગ

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ



મુનશીવાણી

ભારતનું રાજ્યબંધારણ અને રાષ્ટ્રપતિ

મારા નવયુવાન મિત્ર,

અન્ય સાંસ્થાનિક બંધારણોના સમાન આલેખનને આપણા બંધારણમાં ઘટાવવું ઉચિત નથી. સાંસ્થાનિક બંધારણોમાં કોઈ 'પ્રમુખ' નથી પણ કારોબાર ચલાવતા ગવર્નર-જનરલ છે. નથી એમની ચૂંટણી થતી કે નથી તે પ્રજામતનો પડઘો પાડતા. તે તાજના પ્રતિનિધિ છે અને બ્રિટનમાં રાજા જે પ્રણાલિકા મુજબ ચાલે છે તે જ મુજબ એ ચાલે છે.

દેશનાં સંરક્ષણ દળોના વડા રાષ્ટ્રપતિ છે. આ કેવળ ઔપચારિક ઘટના છે એમ કોઈ ભાગ્યે જ કલ્પે. આ હોદ્દાની રૂએ તેમનાં કર્તવ્યો ઉપર (બંધારણની) કલમ 53 (2) પ્રમાણે કેવળ પાર્લામેન્ટે ઘડેલો કાયદો જ નિયંત્રણ મૂકી શકે.

અર્થઘટનમાં સર્વસ્વીકૃત નિયમો મુજબ જે વ્યક્તિ ઉપર ફરજ નાખવામાં આવેલી હોય અથવા તો જે વ્યક્તિમાં વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હોય તે કાર્ય કરતાં પોતાની વિવેકબુદ્ધિનો જરૂર ઉપયોગ કરશે અને એમ તો ન જ માની બેસાય કે તેનો વિવેકબુદ્ધિ વાપરવાનો હક આડકતરી રીતે લઈ લેવામાં આવ્યો છે.

કટોકટી જાહેર કરવાની સત્તા રાષ્ટ્રપતિના (તે જરૂર અંગેના) સંતોષ ઉપર અવલંબે છે. ધારી લેવામાં આવેલા અથવા તો નક્કર શિરસ્તાઓ ઉપર તેનું સંચાલન શક્ય નથી. પ્રત્યેક કટોકટી અને તેના સંયોગો રાષ્ટ્રપતિએ જોવા રહે છે. કાયદાની નજરે જોઈએ તો આ 'સંતોષ'ની બાબતમાં સત્તા ધરાવતી વ્યક્તિ (રાષ્ટ્રપતિને) પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવાનો રહે છે અને લેખિત જોગવાઈઓ મુજબ તો કોઈ બીજી વ્યક્તિ રાષ્ટ્રપતિ વતી આ સત્તા વાપરી ના શકે.

[ક્રમશઃ]

|| શબ્દમૂળની શોધ ||

ઊધઈ, ઉધેઈ, ઉધેઉ

☐ હેમન્ત દવે

જૂનો *સાર્થ જોડણીકોશ* 'ઊધઈ'ની સમજૂતી 'જમીનમાં અંધારામાં રહેતું એક જીવડું' એમ સાવ અસ્પષ્ટ આપે છે. નવા *સાર્થ કોશ*માં 'જમીન, કાગળ, કપડાં કે લાકડાંને ખાઈ જતી જમીનમાં થતી સફેદ કીડી' એમ થોડી ચોકસાઈવાળી સમજૂતી આપવાનો યત્ન અને એ સિવાય 'એણે બનાવેલો રાફડો' એવો નવો અર્થઉમેરો કોઈ થોડી ચીવટવાળી વ્યક્તિએ એ પ્રવિષ્ટિ જોઈ હોવાનું સ્પષ્ટ કરે છે. (જોકે, ત્યાં જૂના કોશનો 'જમીનમાં અંધારામાં રહેતું એક જીવડું' એવો અર્થ રદ કરવાની જરૂર હતી.) કે. કા. શાસ્ત્રીના *બૃ. ગુ. કોશ*માં એની ચોખ્ખી સમજ અપાઈ છેઃ 'જમીનમાં થતી સફેદ પ્રકારની કીડી (કે જે કાચું લાકડું અને અન્ય પદાર્થોને ખાઈ જઈ માટીમય બનાવી નાખે છે)'. કાચા લાકડાથી શાસ્ત્રીને 'અનસીઝન્ડ વુડ' અભિપ્રેત હોય એમ લાગે છે. ઊધઈ સીસમ કે સાગ જેવાં કેટલાંક લાકડાંને બાદ કરતાં બધાં લાકડાં હજમ કરી જાય. અસ્તુ. સાર્થ.ની વ્યુત્પત્તિ ઉપલબ્ધ હોવા છતાં એમણે એ આપી નથી એ એમની શંકા બતાવે છે. જૂના *સાર્થ કોશ*માં એની વ્યુત્પત્તિ સંસ્કૃત उद्देहिका પ્રશ્નચિહ્ન સાથે અને દેશ્ય उद्देही એમ બતાવાઈ છે. સંસ્કૃત उद्देहिकाમાં બતાવેલી શંકાને કારણે કે પછી કે. કા. શાસ્ત્રીના કોશનું અનુસરણ કરવાને કારણે નવા કોશમાં આ વ્યુત્પત્તિને રદ કરવામાં આવી છે.


ઋગ્વેદમાં સંસ્કૃત उपजिह्विका શબ્દ પ્રયોજાયો છે (૮.૧૦૨.૨૧); અથર્વવેદમાં उपजिह्विका (૨૦.૧૨૯.૨૦) તેમ જ उपजीका/उपचिका (૨.૩.૪;૬.૧૦૦.૨), *તૈત્તિરીય* અને *શતપથ બ્રાહ્મણ*માં उपदीका, કોશોમાં उद्दीपिका, उपदिपिका, उपदेहिका, उत्पादिका એમ વિવિધ રૂપો નોંધાયાં છે તો પ્રાકૃતમાં उद्देही, उवदेही જેવાં રૂપો (સર. માયર્હોફરનો નવ્ય કોશ, ૧.૨૧૯; ટર્નરનો તુ. કોશ, ૨૧૭૮). એક જીવ માટેનાં આટલાં બધાં નામ માટે વાકર્નાગલે નિષેધ અને લૌકિક વ્યુત્પત્તિનું કારણ બતાવેલું પણ માયર્હોફર અને 'nicht mehr zu ermitteln' કહી નકારી કાઢે છે. उपजिह्विकाનો અર્થ માયર્હોફર 'eine Ameisenart, Termite [?]' એટલે કે 'એક પ્રકારની કીડી; ઊધઈ?' એમ આપી શંકા વ્યક્ત કરે છે પણ એમના જેમિસન અને બ્રેરટન એમના ઋગ્વેદના અનુવાદમાં 'ટર્માઇટ' જ અનુવાદ આપે છે. દેશ્ય उद्देही उपदेहिका એવા અર્થ સાથે *દેશીશબ્દસંગ્રહ*માં મળે છે (૧.૯૩); उपदेह એટલે 'મૃત શરીર ઉપર નભતો જીવવિશેષ.'

હવે મૂળ વાત. સંસ્કૃત उपदेहिकाમાંથી પ્રાકૃત उवदेही(आ), અને ત્યાર બાદ વર્ણલોપથી उद्देही અને એની ઉપરથી, 'હ' આગળના અલ્પપ્રાણ વ્યંજન સાથે મળી જતાં જેમ 'પ્રતિહાર-' (>'પડિહાર-') ઉપરથી 'પઢિયાર' અને 'સૂત્રધાર-' (> 'સુત્તહાર-') ઉપરથી 'સુથાર' તેમ, આપણને 'ઉધેઈ' શબ્દ મળ્યો.

જૂના *સાર્થ જોડણીકોશ*ની અટકળ આ જોતાં સાચી દિશાની હતી; નવા *સાર્થ જોડણીકોશે* એનો કરેલો નિકાલ અવિચારી છે. ❑❑❑

પ્રમુખના પત્રો

ભારતીય ઇતિહાસ : એક અનુદર્શી અને આગામી ભવિષ્ય




હજારો વર્ષનો પ્રલંબ અને વૈવિધ્યપૂર્ણ ભારતીય ઇતિહાસ અનેક રાજકીય તબક્કાઓમાંથી પસાર થયો છે. આવા લાંબા ગાળા છતાં એણે પોતાની સંસ્કૃતિ અને સભ્યતા ટકાવી રાખી છે. જ્યારે અન્ય સંસ્કૃતિઓ નાશ પામી છે અને એના અલ્પ અવશેષો વસ્તુસંગ્રાહલયોમાં સચવાયેલા છે. ભારત એક માત્ર એવો દેશ છે જેની આદરણીય સભ્યતા યથાવત હોવા છતાં એની સંસ્કૃતિ આજના વિશ્વના સુધારાવાદી લોકો જેટલી નૂતન છે. વિદેશીઓ દ્વારા થતાં સતત આક્રમણો, મધ્ય એશિયાના સંસ્કારહીન જંગલી આક્રમકો, પર્શિયનો અને યુરોપિયનો પણ આપણી ભવ્ય પ્રાચીન સંસ્કૃતિના પાયા હલાવી ન શક્યા એટલા એ સ્થિર રહી શક્યા. મોટા ભાગના દેશના સામાજિક-ધાર્મિક માળખામાં સાવ વિલીન થઈ ગયા અથવા ભારતીય સંસ્કૃતિ સાથે એમનો સમન્વય થયો. આપણી સંસ્કૃતિમાં બે મુખ્ય લાક્ષણિકતાઓ હતીઃ વૈવિધ્યનું સમન્વિકરણ અને અનેકતામાં એકતા. આને લીધે ભારતીય ચેતનામાં શ્રદ્ધા અને શક્તિ જળવાઈ રહ્યાં. ભારતીય પ્રજાની ભીતર પડેલી અનેક વિવિધતાઓ છતાં એક વિશિષ્ટ આવશ્યક ઐક્ય આ બધાને પર હરીને ઉપર ઊઠે છે. ભારતીય સંસ્કૃતિએ પોતાની શક્તિ અને

જીવંતતા ટકાવી રાખી છે. ભારત ઉપર બ્રિટિશ સામ્રાજ્યનું શાસન અને પશ્ચિમ સાથેનો સંપર્ક ભારત માટે એની સાચી કિંમત સમજવા ઉપયોગી થયું. મેક્સ મુલરે ઠેઠ 1882માં સાચી રીતે ધ્યાન દોર્યું હતું, ''મનુષ્ય મનના કોઈ પણ કાર્યક્ષેત્ર તમે તમારા વિશેષ સંશોધન માટે પસંદ કરો, ભલે તે ભાષા હોય, ધર્મ કે પુરુકથા હોય, તત્ત્વજ્ઞાન હોય કે કાયદા કે રિવાજ હોય ગમે તે હોય, તમને ગમે કે ન ગમે, તમારે ભારત પાસે જવું પડશે. કારણ કે મનુષ્ય ઇતિહાસની સૌથી મૂલ્યવાન જણસ અને સૌથી વધુ બોધક સામગ્રી ભારત અને માત્ર ભારત પાસે જળવાયેલી છે.''

સુખ્યાત ઇતિહાસવિદ્ વિલ ડ્યુરાનું સૂક્ષ્મ નિરીક્ષણ છે કે વિશ્વભરની સભ્યતાઓમાં જે કંઈ ઉદાત્તતત્ત્વ છે એ સર્વનું મૂળ સ્રોત પ્રાચીન ભારતના હિંદુઓ છે. પશ્ચિમે આખરે ભારત શોધ્યું. પશ્ચિમના સંપર્કના પરિણામે ભારતીય સંસ્કૃતિના મૂલ્યનું યોગ્ય આકલન થયું. પશ્ચિમી વિદ્વાનો દ્વારા ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસ ક્ષેત્રે સંશોધનો માટે નવો માર્ગ કંડારાયો. અને ભારતની બહાર પણ એની સંસ્કૃતિનો વિકાસ થયો. આ બીજો તબક્કો પણ એટલો જ મહત્ત્વનો છે. એને લીધે એશિયાઈ એકતા અને સહાનુભૂતિનો વિચાર સફળતાપૂર્વક અમલી બન્યો.

આપણી આઝાદીને સાત દાયકા કરતાં વધુ સમય થઈ ગયો છે. આપણે આપણાં સંસાધનો દેશના કલ્યાણ અર્થે પ્રયોજ્યાં છે. તેમ છતાં યાત્રા ઘણી લાંબી છે. કાર્ય વિકટ છે અને માર્ગ અનેક અવરોધોથી ભરેલો છે. વિધ્વંસક અભિગમો આપણી સામે ખડા છે. સત્તાપ્રધાન તાકાતો વિકાસનો સ્થિર દર જાળવી શકે નહીં કારણ કે એને લીધે રાજકીય સમતુલન ખોરવાઈ શકે. આવા તોફાની દરિયામાં આપણું જહાજ સુખરૂપ પ્રવાસ કરી શકે? એનો જવાબ 'હા' છે. ભારતીય ઇતિહાસ પાસે આપણે માટે પદાર્થપાઠ છે. આપણે સમજવું પડશે કે આપણી સંસ્કૃતિ આપણને ઝનૂની સંસ્કૃતિ માટે પ્રોત્સાહન નથી આપતી. શ્રદ્ધા, સંકલ્પ અને જીવંતતાના હાથમાં ભારતીય સંસ્કૃતિની નાવ સુરક્ષિત, અને સ્થિર ગતિએ પોતાના ગંતવ્યસ્થાને પહોંચશે.



સુરેન્દ્રલાલ ગિ. મહેતા

નવ ગઝલો

□ અનિલ ચાવડા

ખૂલી તલવાર જેવી જિંદગીને મ્યાન તો આપો;
તમારી નગ્નતાને ઢાંકવામાં ધ્યાન તો આપો!

નથી કુરાન, ગીતા, બાઇબલમાં સ્હેજ પણ શ્રદ્ધા;
તો એવા માનવીને કોઈ સંવિધાન તો આપો!

ફકત ચિંતા જ કરશો વ્હાણની ઓ વૃદ્ધ કપ્તાનો?
ભરોસો રાખી કોઈ યુવાનને સુકાન તો આપો!

એ બારી છે તો છે, કંઈ એમાં એનો વાંક ઓછો છે?
કદી તોરણ લગાવી એને પણ સન્માન તો આપો!

હું એક સૂમસામ, ઉજ્જડ, રાંક ને કંગાળ રસ્તો છું,
મને થોડાંક પગલાંઓનું કોઈ દાન તો આપો!

જીવનભર પારદર્શક રાખવા માટે શું કરવાનું?
કોઈ સંબંધ નામે કાચનું વિજ્ઞાન તો આપો!

નથી એને કવિની જેમ પુરસ્કાર દેવાનો;
કશે જો પંખીઓ ટહુકે તો એને કાન તો આપો!

□

સમયે જ્યારે બીડી પીને મારી ઉપર ગલ ખંખેરી;
મારી આંખોએ પણ ત્યારે ભીની એક ગઝલ ખંખેરી.

આ વખતે પણ તમે હૃદયને કરી જ નાખ્યું ધૂળધૂળ સાવ;
આ વખતે પણ તમે ન આવ્યા મારામાં ચંપલ ખંખેરી.

દર્પણ જોતાં થાય તમે સ્પર્શ્યાનું આ કોઈ નિશાન છે શું?
મથીમથીને થાક્યો છું હું ચહેરા પરનો તલ ખંખેરી.

અબજો તારા ગેલેક્સીઓ એમનેમ કંઈ બની ગયાં છે?
કોઈ પરમ તત્ત્વે દીધું છે પોતાનું જ સકલ ખંખેરી.

વર્ષો પહેલાં એક ફકીરે મને કાનમાં એમ કહ્યું 'તું,
બીજું તો ખંખેરી દે પણ પોતાને પણ ચલ ખંખેરી.

□

આભના હોઠે ગરજતું વાદળોનું ગાન ઊગે છે;
તેને સાંભળવા ધરાને વૃક્ષરૂપી કાન ઊગે છે.

લાડકો સંબંધ તૂટ્યે થાય દુઃખ, પણ હારવું નહિ દોસ્ત,
ઝાડની ડાળી કપાયા બાદ તેને પાન ઊગે છે.

આભ જોતાં ભૂલકાંઓનાં નયન જોઈને લાગ્યું કે-
વસ્તીનાં એ બાળકોની આંખમાં વિમાન ઊગે છે.

હે હૃદય! સૌને તું કહેજે, 'કૂંપળો મારામાં ફૂટે છે',
ભૂલથી પણ એમ ના કહેતું કે અહીં વેરાન ઊગે છે.

જોઉં છું હું મૃત પિતાની છબીને જ્યારે જ્યારે,
સાવ આપોઆપ મારામાં ઘણું સન્માન ઊગે છે.

□

હું પવન ઝૂકવે એ તરફ ઝૂકવાનું ગણિત જલદી પામી ગયો,
ઝાડની જેમ તોફાન સામે કડક તું રહ્યો તેથી બટકી ગયો.

ગાય કુરાન ચાવી ગઈ ને સૂવર ગીતાને ખાઈ ગયું ભૂલથી,
બે પશુ પેટની આગને ઠારવા શું ગયાં, દેશ સળગી ગયો.

મોં શરમથી ઝૂક્યું, આંખ ભીની થઈ, આટલું પૂરતું છે ફકત,
રહેવા દે, તું હવે માફી ના માગ ઓ દોસ્ત હું વાત સમજી ગયો.

કોઈ સેલિબ્રિટીની ક્ષણિક હાજરી જેટલો તારો આ પ્રેમ પણ-
રાહ બહુ જોવડાવ્યા પછી ખૂબ મોડેથી આવ્યો ને જલદી ગયો.

આપણા બેઉનો સૂર્ય અજવાળું પ્રસરાવતો બંધ કાં થઈ ગયો?
એવું તે કેવું વરસી પડ્યું આભ કે સૂર્ય પોતેય પલળી ગયો?

□

મારી પાસે એક જે શ્રદ્ધાનું સાંબેલું હતું.
મેં જીવનનું ધાન એનાથી જ ખાંડેલું હતું.

બ્હાર ટંકાવ્યાં હતાં એ ક્યારનાં તૂટી ગયાં,
બસ ટક્યું એક જ બટન, જે માએ ટાંકેલું હતું.

કાયદામાં એક, બીજો અલકાયદામાં જઈ રહ્યો,
આમ તો એ બેઉએ કુરાન વાંચેલું હતું.

માત્ર ઝભ્ભો હોત તો પ્હેરત નહીં ક્યારેય હું,
ખાદી સાથે એમાં કોકે સત્ય કાંતેલું હતું.

ઓ અતિથિ જેને સાચું સમજો છો એ ભૂલ છે;
જે તમે જોયું હતું એ દૃશ્ય માંજેલું હતું.

જે જગા પર દબદબો રહેતો હતો તલવારનો,
ત્યાં હવે બસ જર્જરિત એક મ્યાન ટાંગેલું હતું.

એટલે મેં રાહ જોઈ હાંફ ઊતરે ત્યાં લગી,
મારી પાસે આવ્યું'તું એ તથ્ય હાંફેલું હતું!

□

મને આ એક વાતે બહુ ચડે છે દાંત, હા-હા-હા!
મને પણ એક કવિ હોવાની થઈ છે ગાંઠ, હા-હા-હા!

હસું નહિ હું પ્રભુ ઉપર તો બીજું શું કરું બોલો?
મેં માગી પાંખ ને દઈ દીધી એણે ચાંચ, હા-હા-હા!

હતા દિવસો જ કાળામેશ પણ જાણી શક્યો નહિ હું,
મને મૂર્ખાને લાગ્યું રાતનો છે વાંક, હા-હા-હા!

નશામાં ઝાડવું પ્રત્યેક આવું કેમ ડોલે છે?
ઢળે છે ચંદ્રમાંથી ચાંદની કે ભાંગ? હા-હા-હા!

ઉડાડે છે એ વાતે આજ પણ સૌ ઠેકડી મારી;
ફસલ મેં નીંદી નાંખી ને બચાવ્યું ઘાસ, હા-હા-હા!

ઘરેઘર મ્હેંકને પ્હોંચાડવાની લ્હાયમાં જુઓ,
હરખઘેલા પવનને પણ ચડ્યો છે હાંફ, હા-હા-હા!

બિચારી સાંજને એવું પૂછી ચીડવે છે સૌ વાદળ,
"દિવસનો ભાર ઊંચકી લાલ થઈને કાંધ? હા-હા-હા!"

કહ્યું મેં: રાત કાળો શર્ટ છે, તારા બટન એનાં!
કહે અંધાર: ટાઢાપોરની ના હાંક, હા-હા-હા!

□

લોક ચ્હેરાઓ પોતાના ફિક્કા લઈને ફરે છે,
એટલે હાથમાં પાન-બીડાં લઈને ફરે છે?

જાય જ્યાં, ત્યાં બધાને ઉઝરડા જ કરતો રહે છે,
એક માણસ અણીદાર ઇચ્છા લઈને ફરે છે.

જેને તલવાર વિના કશું ખપતું નો'તું કદી પણ,
એ હવે હાથમાં રોજ પીંછા લઈને ફરે છે.

જિંદગીમાં ભણ્યો ખૂબ, પણ જિંદગીને ભણ્યો નહિ,
એ હજી રોજ પાટીમાં લીટા લઈને ફરે છે.

અન્યને ભીંત જેવા જ સમજે છે એ વ્યક્તિ, અર્થાત્;
મનની અંદર હથોડી ને ખીલા લઈને ફરે છે.

સાવ અંગત સ્વજનનેય હણવામાં ખોટું નથી કંઈ
એમ પુરવાર કરવા એ ગીતા લઈને ફરે છે.

□

આખું જગત જોયું હતું બસ એક જણમાં અમે,
બીજું કશું જોઈ શક્યા નહિ ભોળપણમાં અમે.

કાલે તમે કહેતા હતા ને? કંઈક તૂટી ગયું!
ત્યારે હતા એ 'કંઈક'ના પ્રત્યેક કણમાં અમે!

વાદળ બનીને કોઈ ઉપર જિંદગીભર ઊડ્યા,
સઘળું લીલુંછમ રાખવાની ગોઠવણમાં અમે.

દરિયાપણામાં સ્હેજ મીઠપ લાવવી છે હવે,
છીએ મીઠી કોઈ નદીની વેતરણમાં અમે.

મનની મહાસત્તા રહી ગઈ હાથ ઘસતી અને-
સાબિત કર્યા ખુદને હૃદયના પોખરણમાં અમે.

જો અંત આવ્યો તો થયું, માટી મને ખાય છે;
પણ સૌ કહે, ખાતા'તા માટી બાળપણમાં અમે.

□

ફકત થોડા જ દિવસોમાં જે કંટાળી ગયો ઘરમાં.
એ વર્ષોથી કરી બેઠો છે ઈશ્વર કેદ પથ્થરમાં.

અહીંયાં કોઈએ ટોળે ન વળવું એમ કહેવાને;
હજારો માણસો ભેગા થયા છે એક ખંડરમાં.

જીવન પોતે જ બીમારી છે એમ કહેનાર એક ફિલસૂફ,
જરા ખાંસી ચડી તો એકદમ ધ્રૂજી ઊઠ્યા ડરમાં!

કબૂતર બાંધતું'તું જાદુગરની ટોપીમાં માળો!
એ જોઈ આવી ગઈ શ્રદ્ધા બધાને જાદુમંતરમાં.

ગહન અંધારનો કાળો વિષય શિખવાડવા માટે;
વદ્યા શિક્ષક, 'દીવા કરજો બપોરે ઘરના ઉંબરમાં!'

તમારા આંકડા શિકારી ન્હોતા એ વખતના છે,
હવે ક્યાં એક પણ જોવા મળે છે હંસ સરવરમાં?

ટીવીમાં બેઘરોના ન્યૂઝથી રડનારને પૂછ્યું,
ઘડીક બાળકને સાચવશો? તો બોલ્યો હેં-હેં ઉત્તરમાં!

પડે નહીં સવાર...

□ પીયૂષ ઠક્કર

ઘડીક આ બાજુ
ઘડીક ઓ બાજુ
ડોકું હલે લોલક જેમ

પણ
પડે નહીં ટકોરો એક

ન જાગું
ન ઊંઘું
ન સ્વપ્નું
ન ઝરું
મુડદાલ શો
પડ્યો રહું

ન ઘર માંહે
ન ઘર બારે
અધવચ
જડાયેલો ઊંબરે
લાભ - શુભના અખ્ખરો વચ્ચે
બારસાખે બેઠા ઉપર
દુંદાળા ગણપતિ શો
સાવ બેરંગ - ઉજ્જડ - ભૂખરો

(- ને ત્યાં જૂઓ તો
આ પાસેથી ઓ પાર
જાય કીડીઓ સરી...)

મારું ડોકું ફરે
ઘડીક આ જમણે
ઘડીક ઓ ડાબે

પણ પડે નહીં સવાર...

ત્રીજું વિશ્વયુદ્ધ

☐ કમલ વોરા

૧. ત્રીજું વિશ્વયુદ્ધ

બ્યુગલો બજ્યાં નથી
રણશિંગાં ફૂંકાયાં નથી
સીમાડા સળગ્યા નથી
ધૂળધુમાડા ઊડ્યા નથી
રણગાડીઓ ખણખણી નથી
દારૂગોળાની બિછાતો પથરાઈ નથી
તોપનાં મોઢાં ખૂલ્યાં નથી
બંદૂકોનાં નાળચાં ગંધાયાં નથી
મશીનગનો હણહણી નથી
દૂરબીનો મંડાયાં નથી રડારો ઘૂમ્યાં નથી
બૉમ્બરો સુસવાટે ચડ્યાં નથી
અગનગોળાઓએ સમુદ્રો ધમરોળ્યા નથી
શત્રુ-મિત્રનાં સમીકરણો મંડાયાં નથી
છે તો
એક બિહામણી કાળવી ચુપકીદી છે
કારમો સન્નાટો છે
નથી ખબર, પંથે શી આફત ખડી
નથી ક્યાંયથી પડી કોઈ હાકલ
નથી કોઈ ઘનચક્કરની ડાગળી ચસકી
નથી કોઈ નરભક્ષીની દાઢ સણકી
ને છતાં વિશ્વ આખું જુદ્ધે ચડ્યું છે
હાથમાં હથિયાર વિના
આંખમાં ધિક્કાર વિના
સહુ ચાલ્યા છે જીતવા જંગ :
હાંફતા શ્વાસોને
ઍમ્બ્યુલન્સની ઝગમગતી લાલ બત્તીઓનો
ટેકો દેતા,
હૉસ્પિટલોની પરસાળોમાં દોડાદોડ કરતી
સ્ટ્રેચરગાડીઓ પર સવાર થઈને,
કમ્પ્યુટરની સ્ક્રીન પર ફફડતી વાંકીચૂંકી રેખાઓમાં
ઝોલાં લેતા તરફડાટ આઘા કરવા ઝઝૂમતા,
શરીરોમાં આરપાર ઊતરી જતી
નળીઓના ઘેરાથી
ઠરી જતા શ્વાસોને ઉત્તેજિત કરવા મથતા.
ઠપ્પ થઈ ગયું છે વિશ્વ આખું આ યુદ્ધમાં...
આ યુદ્ધમાં
હિંસા નહીં છતાં મરણ
ગણ્યાં ગણાય નહીં, એટલાં
ધરા જેવી ધરા નમી જાય, એટલાં.
આટલાં, આટઆટલાં મરણ
આ પૃથ્વી પર સઘળું
સપાટ, સમથળ, સીધું, સમાન
કરી રહ્યાં છે, આ ત્રીજી વારમાં.
આ ત્રીજી વારમાં
મોં-માથાં વિનાનું
હાથ-પગ વિનાનું એક વિષાણુ
ચીપિયો ખખડાવે, પછાડે છે - લાવ, લાવ
લાવ
સ્ત્રી સ્વાહા, પુરુષ સ્વાહા
આબાલ-વૃદ્ધ સ્વાહા
કદાવર-કૃશ સ્વાહા
ભણેશરી-ઠોઠ-શઠ-સંત સ્વાહા
અર્થવાન સ્વાહા અર્થહીન સ્વાહા
બલિષ્ઠ સ્વાહા નિર્બલ સ્વાહા
શ્વેત સ્વાહા અશ્વેત સ્વાહા
ધર્મ-અર્થ-કામ સ્વાહા
દેશ સ્વાહા દેશાવર સ્વાહા
સ્વાહા
ખપ્પરમાં ઊભરાતું ઊનું ઊનું લોહી સ્વાહા
સ્વાહા... સ્વાહા... સ્વાહા...
આ ત્રીજી વારના
વિષાણુયુદ્ધમાં

૨. પૃથ્વીનો ગોળો

બાપદાદાના વખતથી
પૃથ્વીનો એક ગોળો અમારા ઘરમાં છે
એની ધરી ગોળગોળ ફેરવીને
પેઢી દર પેઢીએ
દેશદેશાવર, ખંડખંડ, સમુદ્ર-મહાસાગરની
ઓળખ લીધી છે.
આજે
અચાનક જ એ ગોળો ફાટી પડ્યો ને
કંઈ કેટલા દેશ મહાસાગરને તળિયે ગરકી ગયા,
ક્યાંક વળી કોઈ ભૂ-ખંડ હેઠળ
સમુદ્રો લોપાઈ ગયા.
દેશદેશોના, સમુદ્રોના તૂટી ગયેલા ટુકડાઓ
ઉપાડી ઉપાડીને
જેમતેમ મેજ પર એકઠા કરું છું,
ગોઠવવા મથું છું;
પણ કોઈ દેશની સરહદ-રેખાઓ
મળતી નથી, બંધ બેસતી નથી.
એકેય દેશ
એની મૂળ જગાએ ગોઠવાતો નથી,
એકેયના આંકા કે અક્ષાંશ-રેખાંશના
તાળા મળતા નથી.
ઠેરઠેર
કાળા ડાઘા ઊભરાઈ રહ્યા છે,
સઘળું ગૂંચવાઈ ગયું છે.
ઉતરડાઈને ઉઘાડા પડી ગયેલ
પૃથ્વીના નાક-નકશામાં
ઓળખાય એવું કંઈ જડતું નથી.
એની પર એક કોરો કાગળ ઢાંકી
એક પછી એક દેશને
થોડું સ્મૃતિને આધારે
થોડું આછા અણસારે
ફરી દોરવા-આકારવા મથું છું,
પણ એક લીટીય પાડી શકતો નથી;
મારાં આંગળાં, મારા પગ ધ્રૂજ્યાં કરે છે,
ગાત્રો શિથિલ થાય છે.

બટકીને વાંકી વળી ગયેલી
ધરીના ટેકે
ઊભો રહેવા જાઉં છું;
પણ વેરાઈ ગયેલી મારી પૃથ્વી પર
ફસડાઈ પડું છું.

૩. લોકડાઉનમાં 'પોએટ્રી લાઇવ'[1]

દોસ્ત,
આભાસી વિશ્વના કોઈ ખૂણે બેસી
લાઇટ-કૅમેરા-ઍક્શન કહેતો
તું મને કવિતા વાંચવાનું
ફરમાન કરી રહ્યો છે...
જરા થોભ,
આ હાથમાં લીધાં ઢગલો વાસણ પૂરાં કરી
લઉં?
સાબુવાળા લિસ્સા હાથે
તપેલીને આમ ઊંડે સુધી અડવાનું
આ સિત્તેરે પહોંચીને પહેલી વાર બન્યું છે.
ઉંમરમાં મારાથીય મોટી અમારી વંચાબાઈ
બાબા, તું ભાંડી ઘાસતો
એટલું બોલતાંમાં તો
ફોનમાં, ધ્રુસકે ચડે છે
તું પોએટ્રી લાઇવ, પોએટ્રી લાઇવ - બરાડી
રહ્યો છે
તે મને સંભળાય છે,
શ્રોતાઓ કાન માંડીને બેઠા છે
તેય જોઉં છું,
આપણે કોઈ હોઈએ, ન હોઈએ

કવિતા હશે
તે પણ હું જાણું છું,
પણ એક મિનિટ દોસ્ત,
વર્લ્ડોમીટર[2] પર આ ક્ષણનો સ્કોર જોઈ
જરા અપડેટ લઈ લઉં
ત્યાં લગી તું
આ લાઇવ અટકાવી ન શકે?
આંકડાઓના આ વીંછી
મારા શરીરની અંદર-બહાર દોડી રહ્યા છે
એમના ડંખનાં ઝેર
મારી કવિતાના શબ્દોને
બાળીને ભડથું કરી રહ્યા છે.
હું પાંચ-પચાસ-સિત્તેર હજાર[3] વાર મરું-
મરું છું, ત્યારે તો માંડ જીવી શકું છું.
ચોમેરથી ઊઠી રહેલા *કવિતા-કવિતા*ના પોકારો
મને ઉત્તેજે છે;
તે લાવ, હામ એકઠી કરું,
કરું કવિતાની ખાતર,
ભાષાની ખાતર,
મનુષ્યની ખાતર.
એ બધું
રસાતળમાં ટકી જાય એ કારણે નહીં
પણ એ બધાંનાં ઋણને
હાથમાં ઝાલેલા આ તરણાની ટોચે મૂકીને
એક વાર વાવટો ફરકાવી લેવો છે.
પણ જુઓ, મારા પહેલા જ શબ્દને
વીજળીના કડાકા જેવી
ઍમ્બ્યુલન્સની સાયરને વીંધી નાખ્યો છે.
આ ઊથલપાથલમાં
એક નાનો બ્રેક, કવિતાપ્રેમીઓ,
પ્લીઝ, મને નહીં આપો?
આ ઊંધે માથે પટકાયેલી પૃથ્વી પર
કાળીભખ્ખ ચાદર પડી ગઈ છે.
કવિતા? કવિતા?
આ જ તો છે કવિતા - આ ક્ષણની
આ મરણની
મારાં-તમારાં-આપણાં સહુનાં મરણની.
શું આપણે નથી જાણતા
કવિતા કંઈ વિષાણુનું મારણ નથી!
કવિતા હણાયેલાના ઘાને
રૂઝ વાળતું પૂમડું નથી!
કવિતા
આ જીવતર વિનાના જીવવું-ને
લંબાવી-ટૂંકાવી કે ટકાવી શકતી
જીવાદોરી નથી.
કવિતા કશું જ ખાળી શકતી નથી,
ખાળી શકી નથી, ખાળી શકવાની નથી;
પણ આ કાળી ચાદરમાં
એકાદ ઝીણું કાણું પાડીને
ડોકિયું કરી લેવા જરૂર મથી શકે છે;
અત્યારે
આ કવિતા મથી રહી છે.

[1] *કિતાબખાના - મુંબઈ અને કવિ અશ્વિનિકુમારે લોકડાઉન દરમિયાન ૩૧ માર્ચથી ૧૪ એપ્રિલ સુધી રોજ સાંજે ઇન્સ્ટાગ્રામ પર કવિતાપઠનનો લાઇવ કાર્યક્રમ યોજેલો જેમાં મેં પણ કવિતા પ્રસ્તુત કરી હતી.*

[2] *વર્લ્ડોમીટર નામની વેબસાઇટ જે જગતભરના કોરોનાના દર્દીઓની સંખ્યા અને મરણાંક દર્શાવે છે.*

[3] *આ કવિતા લખાઈ હતી ત્યારે જગતનો મરણાંક સિત્તેર હજાર હતો.*

૪. વસંતમાં પાનખર

ઊર્ધ્વ મૂલ
હ… ચચ… મચચચ… મચી રહ્યાં છે
અધઃ શાખ પરથી
પાંદડાં
ખર્રર… ખર… ખર્રર… ખર…
ખરી રહ્યાં છે


૫. અનાવરણ

પહેલાં તો ખેંચી કાઢ્યાં
એકએક પડદા-પડળ
ઉતરડી નાખ્યા
થીજીને બાઝી ગયેલા લપેડા
એની હેઠળ
વરખની જેમ ચોડેલો ચળકાટ
ઉખેડી નાખ્યો
હજુ
ઢોળ ઉતારવાનો હતો
ફૂંકમાત્રથી એ પણ ગયો
સઘળાં આવરણ ઊતરી ગયાં અને
ખુલ્લો થઈ ગયો ચહેરો
ન સુંદર ન કદરૂપો
સાવ સાચુકલો

૬. પ્રાર્થના

માફ કર! માફ કર!
સૂર્યને ટાઢો કર્યો, માફ કર!
પાણી મેલાં, માફ કર!
ધરતીમાં ઝેર વાવ્યાં, માફ કર!
આકાશ ધુમાડે ગૂંગળાવ્યું, માફ કર!
પવનને અંગારવાયુથી દઝાડ્યો, માફ કર!
માફ કર!
જંગલો ચાવી ગયાં
પહાડો ઓહિયાં કર્યા
નદીઓ ગટગટાવી, માફ કર!
આ હાથનાં કર્યાં, માફ કર!
આંચક્યું, ખૂંચવ્યું, ઝૂંટવ્યું છે
લાવ… લાવ… લાવ… હજી લાવ
કહી લીધુંલીધુંલીધું લીધા કર્યું છે
મનુષ્યના
પશુ-પક્ષી-પ્રકૃતિના પેટ પર
પાટુ દીધું છે, માફ કર!

હે વિષાણુ!
વિષ ઉતાર અમારાં!
આ પહેલી વાર અથવા છેલ્લી વાર…
અમારાં પાપ, માફ કર!



‘તો મારો અંતરાત્મા પ્રસન્ન થશે’

☐ કુન્દનિકા કાપડીઆ

‘દુનિયામાં બધા અસમાન છે, પણ સ્ત્રીઓ વધુ અસમાન છે.’

૧૯૮૨ના જુલાઈથી શરૂ થઈ ૪૦ અઠવાડિયાં સુધી આ નવલકથા

ધારાવાહી રૂપે જન્મભૂમિ-પ્રવાસી'ની રવિવારીય આવૃત્તિમાં પ્રગટ થઈ ત્યારે એણે ઠીક ઠીક ઊહાપોહ જગાડેલો. 'તમને જેલમાં મોકલવાં જોઈએ'થી માંડી 'તમને નોબેલ પારિતોષિક અપાવું જોઈએ' - સુધીની પ્રતિક્રિયાઓ સાંભળવા મળી હતી. મારા સદ્‌ભાગ્યે જેલમાં મોકલવાની ઇચ્છા રાખનારાઓની સંખ્યા જૂજ હતી. મારો મોટો પુરસ્કાર તો હતો ચારે તરફથી મને મળેલા સેંકડો સ્ત્રીઓના પત્રો, જેમાં એક જ સૂર મુખ્ય હતો કે આ તો અમારી વાત છે, અમે જે સહ્યું છે ને કહ્યું નથી તે અમારી વેદના, અમારાં આંસુ, અમારા દબાયેલા આક્રોશની આ વાત છે. એટલે સુધી સ્ત્રીઓને વસુધાના જીવનમાં પોતાના જીવનનું પ્રતિબિંબ દેખાયું છે કે તેમણે મને ઘેર મળવા આવીને, પત્રો લખીને, ટેલિફોન કરીને, રસ્તામાં ઊભી રાખીને એ વિશે વાત કરી છે. સાવ અજાણી સ્ત્રીઓએ રાત વખતે ઘેર આવીને પોતાની વેદનાની કથાઓ મને સંભળાવી છે. રેખા જોષી નામનાં બહેને બહુ કલાત્મક રીતે લખેલું કે : 'વસુધાનું પાત્ર! મને લાગે છે કે હું એને મળી છું, એને ઓળખું છું. ખૂબ યાદ કર્યા પછી ખ્યાલ આવ્યો કે એ હું જ છું.'


નવલકથામાં આલેખાયેલી મોટા ભાગની પરિસ્થિતિઓ પાછળ સત્ય ઘટનાઓનો આધાર છે; અને એ રીતે આ લગભગ દસ્તાવેજી કથા છે. આ દુનિયામાં સ્ત્રીઓનું સ્થાન હંમેશાં બીજા દરજ્જાનું રહ્યું છે, એ હકીકતના કાંઈ પુરાવા શોધવા જવું પડે એમ નથી. આ દેશમાં જ નહિ, દુનિયાના બધા દેશોમાં આ સ્થિતિ રહી છે. છતાં કેટલાક લોકોને એમ લાગ્યું છે કે નવલકથાનું આલેખન વાસ્તવિકતાથી દૂર છે. તેમને લાગે છે કે સ્ત્રીઓનું આ સમાજમાં હંમેશાં ગૌરવભર્યું સ્થાન રહ્યું છે. માતા તરીકે તે પૂજનીય ગણાઈ છે, પુરુષની પાછળ તેની જ શક્તિ કામ કરે છે. ભારતીય સ્ત્રીત્વનો ખ્યાલ સદા ઊંચો રહ્યો છે અને તેના આધારે જ ભારતીય સમાજ હજી ટકી રહ્યો છે. ખરેખર વાસ્તવિકતા શી છે?

નામની જેમ વેશભૂષા પણ સ્ત્રી તરીકે પુરુષ-સંબંધમાં તે શું છે, તે વ્યક્ત કરવાનું કામ કરે છે. પતિ હોય, તો તે અમુક શણગાર કરે, સરસ કપડાં પહેરે. ન હોય તો મંગલસૂત્ર, નાકમાં ચૂંક, ચાંલ્લો વગેરે ધારણ ન કરી શકે. (હમણાંથી વિધવા થતાં કાળો ચાંલ્લો કરવાનું શરૂ થયું છે, જે પણ આ પ્રકારની જાહેરાતનું સૂચક છે અને તેથી એક ખોટી પ્રથા ઊભી થઈ છે.) અ.સૌ. માં પતિ જ સ્ત્રીનું સૌભાગ્ય એવું સ્પષ્ટ સમીકરણ છે. સ્ત્રી બીજી રીતે ગમે તેટલો યશ મેળવે, ઉત્તમ કાર્યો કરે, પણ પતિ ન હોય તો તેને સૌભાગ્યવતી ન કહી શકાય. સૌભાગ્ય એટલે કે

સારા ભાગ્યમાં માત્ર પતિ જ ગણાય. તે ગમે તેવો દુર્જન હોય ને તેનાથી છૂટતાં સ્ત્રીને 'હાશ' થતું હોય તોપણ, તે ન હોય તો સ્ત્રીનું ભાગ્ય આથમી ગયેલું જ ગણાય. વળી સ્ત્રીને આશીર્વાદ અપાય : 'સૌભાગ્યવતી ભવ.' અને એ દ્વારા પતિનું દીર્ઘાયુષ્ય ઇચ્છવામાં આવે. સ્ત્રીને સીધા ‘દીર્ઘાયુષી થા’ના આશીર્વાદ અપાતા નથી, કારણ કે એક પત્ની ગુજરી જાય તો બીજી સ્ત્રી સાથે લગ્ન કરી લેવાનું પુરુષ માટે સહજ છે.

જે લોકો ભારતીય સ્ત્રીની પ્રતિમાને ઊંચા આસને બેસાડી તેના ભણી અહોભાવથી જુએ છે તેમને પૂછીએ કે : ધારો કે સ્ત્રીનું આ સમાજમાં જે સ્થાન છે, અને એને કારણે તેને જે સહેવું પડે છે, તે પુરુષને ભાગે આવે તો?

ધારો કે પુરુષને લગ્ન કરતાંવેંત માબાપથી વિખૂટા પડવાનું આવે તો? નાનપણથી પુરુષના મનમાં એમ જ ઠસાવાતું રહે કે પરણીને સ્ત્રી સાથે મેળપૂર્વક જીવવું અને સાસરિયાંની સેવા કરવી એ જ તેના જીવનનું લક્ષ્ય છે, તો? પરણતાવેંત પુરુષનાં નામઠામ-અટક-ધર્મ બદલાઈ જતાં હોય, તો? સ્ત્રીને આજ્ઞાધીન થઈને રહેવામાં જ તેની સર્વોચ્ચ ગુણવત્તા ગણાતી હોય તો? પત્ની મૃત્યુ પામતાં તેણે શોક પાળીને દિવસો સુધી ઘરમાં રહેવાનું હોય, મનપસંદ કપડાં ધારણ ન કરવાનાં



હોય, પોતે વિધુર છે એવું પોતાના પહેરવેશ અને નામ દ્વારા પ્રગટ કરતાં રહેવાનું હોય તો? લગ્નની વિધિમાં 'પુરુષદાન અપાતું હોય, પરણેલા પુરુષને ‘શ્રીમાન' કે 'સૌભાગ્યવાન' અને વિધુરને 'હિમાલય સ્વરૂપ જેવું વિશેષણ લાગતું હોય, તો? ઘરમાં સ્ત્રીનું જ વર્ચસ્વ હોય, સંપત્તિનો વહીવટ તે જ કરતી હોય, પુરુષને ઊતરતા સ્થાને રાખવાના કાનૂન તેણે જ ઘડ્યા હોય, જન્મથી જ પુરુષ ત્યાગ અને સેવા માટે, સ્ત્રીનાં સુખ ને સગવડ માટે સર્જાયો છે એવો આદર્શ ઘડી તેને સરસ મજાનું નામ પહેરાવી પુરુષના મગજમાં ઉતારી દીધો હોય, તો? વિધુર થતાં તે અપશુકન ગણાતો હોય, તો? વિધુર પુરુષોનાં ટોળેટોળાં કાશી કે હરદ્વારમાં

ગંગાના ઘાટ પર નિષ્ક્રિય જીવન ગાળતાં હોય, તો? અથવા તે ફરી પરણે તો, જેટલી વાર પરણે તેટલી વાર તેનાં નામ-અટક બદલાતાં હોય, તો?

કોઈ પણ ન્યાયપ્રિય વ્યક્તિ આ પ્રશ્નો વાંચીને અસ્વસ્થ થઈ જાય. અને સ્ત્રીઓ અન્યાય સહે જ છે, સદીઓની સદીઓથી સહેતી આવી છે. નાનપણથી જ સ્ત્રીના જીવનની ગતિ પુરુષની દિશામાં રહી છે. છોકરીએ પરણીને બીજાના ઘેર જઈ ત્યાં આજ્ઞાધીન થઈને સમાધાનપૂર્વક રહેવાનું છે એ લક્ષ્ય ખ્યાલમાં રાખીને જ છોકરીને ઉછેરાય છે; કંઈક ભૂલ થતાં 'સાસરે જઈને શું કરીશ?'નો ઉપાલંભ અપાય છે. એને અનુલક્ષીને જ તેને ભણાવાય છે કે ભણતી ઉઠાડી લેવાય છે.

છોકરી પરણીને પતિને માબાપથી અલગ રહેવા પ્રેરે તો તેની ખૂબ ટીકા થાય છે, પણ લગ્ન પોતે જ છોકરીને તેનાં માબાપથી અલગ કરે છે, તે વિશે કોઈને કાંઈ અયોગ્ય લાગતું નથી. પ્રેમ કે સંબંધ કે ફરજ પુત્ર અને તેનાં માતાપિતા વચ્ચે જ હોય છે? પુત્રી અને પુત્રીનાં માબાપ વચ્ચે નહિ?

છોકરી પોતાના ભવિષ્યનો પોતે નિર્ણય ભાગ્યે જ કરે છે. આ નવલકથા લખતાં - ૧૯૮૩માં - મેં ઘણી કૉલેજકન્યાઓ, કામ કરતી છોકરીઓ, કલા-પ્રવૃત્તિ કરતી તરુણીઓને પૂછેલું: 'લગ્ન પછી તમે તમારું કામ ચાલુ રાખશો? એક-બે અપવાદ સિવાય બધી જ છોકરીઓએ કહેલું : 'ઘર કેવું મળે છે તેના પર આધાર.' 'તમે જ તમારા ભવિષ્યના ઘડવૈયા છો' - એ પ્રેરણાત્મક સૂત્ર સ્ત્રી માટે નથી. પતિ કે સાસરિયાં ન ઇચ્છે, તો તેઓ પોતાનું કામ, કલા, પ્રવૃત્તિ વગેરે છોડી દેવા તૈયાર છે, અને એમાં ગૌરવ પણ માને છે; કારણ કે પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરી કશી સિદ્ધિ મેળવવી તે નહિ, પણ પોતાની જાતનું વિલોપન કરવું તે પુરુષદત્ત આદર્શ સ્ત્રીના લોહીમાં વણાઈ ગયો છે. એ જ તેને પોતાનું ચરમ કર્તવ્ય લાગે છે. બૌદ્ધિકતા, નિર્ભયતા, સ્વતંત્ર અભિપ્રાય, વિકસિત વ્યક્તિત્વ, આત્મવિશ્વાસ – એ પરણવા માગતી છોકરીના ગુણ ગણાતા નથી. પહેલાં રૂપ જોવાય છે, પછી વિનય-વિવેક છે કે નહિ તે જોવાય છે અને એ વિનયને, સંકોચશીલતાને સંસ્કારિતાનું નામ અપાય છે. લગ્ન પહેલાં તેની અન્ય ક્ષેત્રની સિદ્ધિઓની પ્રશંસા થાય છે, પણ લગ્ન પછી તો ઘરકામની કુશળતા, સંપૂર્ણ આજ્ઞાંકિતતા ને લજ્જા જ તેનાં આભૂષણ ગણાય છે. કવિઓ-લેખકોએ 'લજ્જા'ને શોભા ગણી તેનાં સુંદર આલેખનો કર્યાં છે, જેથી સ્ત્રીઓ લજાઈને પોતાના સ્પષ્ટ અભિપ્રાય ઉચ્ચારી ન શકે. હકીકતમાં લજ્જા કોઈ ખોટું કામ કર્યું હોય તેની હોય, બાકી લજ્જામાં ગુણ જેવું છે જ શું? વિનય અને લજ્જા પર્યાય નથી.

સરળતા, સ્પષ્ટતા, નિર્ભીકતા એ સરાહનીય તત્ત્વો છે.

પતિ સારો હોવા છતાં, માત્ર બાળક માટે સ્ત્રી ફરી પરણી હોય એવાં ઉદાહરણો આપણે ત્યાં નથી. સ્ત્રી મા તરીકે જ સંપૂર્ણ બનતી હોય, તો તેને માતા થવા માટે તમામ શક્ય તકો આપવી ન જોઈએ? એટલે જ મેં કહ્યું કે સામાજિક દૃષ્ટિએ 'માતૃત્વનું ગૌરવ' એ એક 'મિથ' છે, દંભ છે. માતાનો નિ:સ્વાર્થ પ્રેમ એ પણ એક અતિશયતાભરી કલ્પના છે. માના પ્રેમમાં પણ ભેદભાવ હોય છે. દીકરા-દીકરી વચ્ચે તે ભેદ કરે છે. કમાઉ દીકરો તેને વધુ વહાલો લાગે છે. કુટુંબીજનોના પોતાને ઘેર સંજોગવશાત્ રહેવા આવેલા બાળક પ્રત્યે તે ઘોર ઉપેક્ષા ને અન્યાયથી વર્તી શકે છે, નાની ઉંમરના નોકરો પ્રત્યે કઠોર વર્તાવ કરી શકે છે, સાવકાં બાળકો પર જુલમ વરતાવી શકે છે, સંતાન માટે દેવીને રીઝવવા ક્યારેક બીજાના બાળકનો ભોગ પણ આપી શકે છે. ક્યાં જાય છે ત્યારે એનું માતૃહૃદય, એનો નિ:સ્વાર્થ પ્રેમ? ખરેખર તો માબાપ પોતાનાં બાળકોની ચિંતામાં પુરાયેલાં હોય છે કારણ કે એ બાળકો તેમના ભવિષ્યનો આધાર છે, તેમના અહંનો વિસ્તાર છે, તેમનાં અધૂરાં સપનાં પૂરાં કરવાનું માધ્યમ છે. બાળકને બાળક ખાતર ચાહનારા લોકો ઓછાં જ છે. એટલે જ આપણે ત્યાં બાળકોનો પણ મુક્ત સ્વતંત્ર વિકાસ થવા માટેનું વાતાવરણ નથી. આમ માનો પ્રેમ ખરેખર કેટલો નિ:સ્વાર્થ છે અને અભણ, અણઘડ મા કરતાં સુશિક્ષિત, તાલીમ પામેલા માયાળુ શિક્ષકો કે સામાજિક કાર્યકરો બાળકને વધુ સારી રીતે સંભાળી શકે અને તેના વિકાસમાં સહાય કરી શકે કે કેમ તે નવેસરથી શોધવાનો વિષય છે.

પુરુષે પોતાની જાતને હંમેશાં સ્ત્રી કરતાં ચડિયાતી માની છે, અને સ્ત્રીએ પણ એ કબૂલ કરી લીધું છે. તેથી તો પોતાના કરતાં પુરુષ વધુ ઊંચો, વધુ ભણેલો અને બન્ને કમાતાં હોય ત્યારે વધુ કમાતો હોય, એ પરિસ્થિતિ બન્નેને અનુકૂળ લાગે છે. સ્ત્રી વધુ કમાય કે પોતાના કરતાં વધુ પ્રભાવશાળી હોય તો પુરુષને ઝાંખપ લાગે છે, તેનો અહં ઘવાય છે. પણ પુરુષ વધુ પ્રભાવશાળી હોય, ઘણું કમાતો હોય તો સ્ત્રી તેમાં ગર્વ અનુભવે છે. સ્ત્રીમાં લઘુતાગ્રંથિ છે. તેને પ્રતિબિંબિત કીર્તિ (રિફ્લેક્ટેડ ગ્લોરી)માં રાચવાની ટેવ પડી છે. પતિ ને સંતાનોની સિદ્ધિને તે પોતાની સિદ્ધિ ગણી લે છે. દરેક પુરુષની પાછળ એક સ્ત્રીની મહેનત કે પ્રેરણા હોય છે એમ કહેવાય છે. એમાં સ્ત્રીએ આમ 'પાછળ' રહેવું જોઈએ એવું અપેક્ષિત છે. કોઈ સ્ત્રી મહાન થઈ હોય તો તેની 'પાછળ' પુરુષ નથી હોતો, ઘણુંખરું તે કુટુંબીજનો સાથે સંઘર્ષ કરીને મહાન બની હોય

છે. સ્ત્રીને કાર્યેષુ મંત્રી, કારણેષુ દાસી, ભોજ્યેષુ માતા, શયનેષુ રંભા'નું કર્તવ્ય બજાવવાનું કહેવામાં આવ્યું છે. તે મંત્રી છે, સેક્રેટરી છે, 'પાછળ' છે. પતિ કદી પત્નીનો સેક્રેટરી બનતો નથી. પત્નીને 'વીર પુત્રોની માતા' બનવાના આશીર્વાદ અપાય છે, પણ તે પોતે વીર બને, પરાક્રમી બને, ઊંચાં શિખરો સર કરે તેવું તેની પાસે અપેક્ષિત નથી. સ્ત્રીએ પુરુષના સંબંધમાં શું બનવાનું છે તેના સેંકડો આદર્શો છે, એ 'રોલ'માં તે બંધબેસે તે માટે અનેક રીતે તેને પ્રશિક્ષિત કરાય છે, પણ પુરુષે સ્ત્રીના સંબંધમાં કશું વિશેષ બનવાનું હોતું નથી.

સ્ત્રીઓની આ જગતવ્યાપી પરિસ્થિતિની પડછે, ભારતીય હિન્દુ (અને ક્યારેક ગુજરાતી) સમાજની વર્તમાન પરિસ્થિતિની પૃષ્ઠભૂ પર 'સાત પગલાં આકાશમાં' લખાઈ છે. આ માત્ર નવલકથા નથી, હજારો સ્ત્રીઓની જીવનકથા છે. જેમ અસ્પૃશ્યોનું શોષણ થયું છે તેમ સ્ત્રીઓનું પણ થયું છે. પુરુષે વ્યક્તિ તરીકે અને સમૂહ તરીકે સ્ત્રીને નબળી સ્થિતિમાં રાખી તેનો પોતાના હિત માટે લાભ લીધો છે, અને તેને આદર્શનું રૂપ આપ્યું છે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કહ્યું છે તેમ, 'નારીરત્નોના ગુણગાન ગાઈ સાધારણ માનવીના હકોને ભોગે તેને આસમાની આદર્શો ઉપદેશવા એ સામાજિક ખંધાઈ છે.'

શોષણ ઘણી વાર એવા સૂક્ષ્મ સ્વરૂપનું હોય છે કે શોષણનો ભોગ બનનારને પણ એનો ખ્યાલ ન આવે. ઘણીખરી સ્ત્રીઓ આ અવસ્થામાં છે, એટલું જ નહિ, જાણ્યે-અજાણ્યે તે પોતાના શોષણમાં પોતે જ સાથ આપે છે. સ્ત્રી જ્યારે (પોતાની જ જાતિની) પુત્રીનો જન્મ વધાવી શકતી નથી, એક સાસુ કે નણંદ થઈને જ્યારે વહુ પર ત્રાસ ગુજારે છે, દીકરા માટે દહેજ માગે છે, દીકરા-દીકરીમાં ભેદ કરે છે, સ્વાયત્ત સ્ત્રીની ટીકા કરે છે, બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી પરત્વે તુચ્છકારથી જુએ છે કે વિધવાને નિષેધોની વાડમાં પૂરે છે, ત્યારે પોતે પોતાની જાતિનો દ્રોહ કરે છે, પોતાનાથી નબળી સ્થિતિમાં મુકાયેલી સ્ત્રીનું શોષણ કરવાનું પાપ કરે છે અને એ રીતે સ્ત્રી જ ખરેખર ઘણી વાર સ્ત્રીની દુશ્મન બને છે.

બહારથી લાદેલાં નિયંત્રણો અને વ્યક્તિની પોતાની સમજમાંથી પાંગરતી આંતરશિસ્ત તેમ જ સહજસ્ફૂર્ત સ્નેહ પર રચાયેલા સંબંધો – બે તદ્દન જુદી બાબતો છે. દરેક વ્યક્તિને પોતાની સમજ ખીલવવાનો, તે અનુસાર જીવન ગોઠવવાનો, જીવનના ઊંડા અર્થોનું ઉદ્‌ઘાટન કરવાનો અધિકાર છે.

સ્ત્રી પુરુષની પ્રતિસ્પર્ધી નથી કે તેની સ્વતંત્રતાથી પુરુષ ભય પામે. બન્ને એકમેકનાં સાથી છે, જીવનયાત્રાએ નીકળેલાં સહપ્રવાસી છે. સ્ત્રી મુક્ત નહિ હોય તો પુરુષ પણ બંદી જ રહેશે.



આપણા સાથીનો સર્વાંગી વિકાસ થાય તે આપણા જ હિતમાં છે. સમાજમાં જેટલી વધુ વ્યક્તિઓ જાગ્રત, સ્વાયત્ત, વિચારશીલ બને તે સમાજના જ હિતમાં છે. પ્રજાના અડધોઅડધ ભાગને અજ્ઞાનમાં, મહત્ત્વની બાબતોમાં સક્રિય ભાગ ભજવવામાંથી વંચિત રાખીને કોઈ પ્રજા ઉન્નત થઈ શકશે નહિ. આ માટે સ્ત્રી કે પુરુષ બન્ને પોતાનાં વલણો બદલે, પોતાની માની લીધેલી ‘ઇમેજ'માંથી મુક્ત થાય, સ્ત્રીઓ પોતે સામૂહિક રસોડાં અને બાળસંભાળ કેન્દ્રો ઊભાં કરી સ્ત્રીને સહુથી વધુ જકડી રાખતી કામગીરીને સામાજિક જવાબદારીની ભૂમિકા પર મૂકે તો સંબંધોની એક નવી તરાહ ઊભી થશે. આપણે સંવેદનાનું ફલક વિસ્તારીએ અને જગતના સર્વ મનુષ્યોને સમાનભાવે જીવવાનો ને સુખી થવાનો અધિકાર છે એમ સ્વીકારીએ તો માનવ ખરેખર માનવ બનશે અને જીવન વધુ જીવવા જેવું લાગશે.

ફક્ત સ્ત્રીએ જ નહિ, આખા સમાજે આ મુક્તિયાત્રા માટે જાગ્રત થવાનું છે. એ પ્રક્રિયામાં આ નવલકથા યત્કિંચિત પણ ફાળો આપશે તો મારો અંતરાત્મા પ્રસન્ન થશે.

(‘સાત પગલાં આકાશમાં’ની છઠ્ઠી આવૃત્તિની પ્રસ્તાવનામાંથી ટૂંકાવીને)

❑❑❑



જોડિયો ભાઈ

☐ કુન્દનિકા કાપડીઆ

આટલાં બધાં વર્ષોમાં દુ:ખને મળવાનું તો ક્યારેય બન્યું જ નહિ. આટલી બધી સરળતા કોઈના જીવનમાં હોઈ શકે? રસ્તો આખો ગુલાબની પાંખડીઓથી છવાયેલો જ રહ્યો. શા માટે પોતાના ભાગ્યમાં જ આવું લખાયું

હશે? નાનપણમાં સેંકડો વાર સાંભળેલું કે સુખ ને દુ:ખ તો જોડિયા ભાઈ. સુખ આવે કે પાછળ દુ:ખનાં પગલાં સંભળાય જ. એ બન્ને એકમેકનાં અભિન્ન સાથી. જીવન નામના તત્ત્વનો જન્મ થયો ત્યારથી બન્ને જોડાજોડ ચાલેલાં. તો પોતાના ઘર સુધી આવતાં દુ:ખ કેમ એનાં પગલાં ચૂકી ગયું?

એક પછી એક એણે કેટલાંયે મિત્રોને, સ્વજનોને, સંબંધીઓને, ઓળખીતા-પાળખીતાને યાદ કરવા માંડ્યાં. બધાંનાં જીવનમાં બધું હતું, અંધારું હતું, થોડા કે વધુ જખ્મો હતા, ઓછી કે વધુ આસાયેશ હતી. એણે ઇતિહાસ યાદ કરી જોયો. મહાપુરુષો, રાજનેતાઓ, ટોચે ચડીને ભોંયે પટકાનાર લાખોકરોડોઅબજો લોકોની વચ્ચે પોતે એકલો એક, કેવળ સુખથી ભરેલો, આગળપાછળ, અંદરબહાર ચોમેર સુખ જ સુખ. આ કાંઈ બરોબર તો ન કહેવાય. ન્યાય પણ ન કહેવાય. જીવન ભરપૂર તો જ કહેવાય જો એ વિવિધ અનુભવોની તીવ્રતા વડે ધારદાર ને તેજસ્વી બનેલું હોય.

એણે બાજુમાં સૂતેલી પત્ની તરફ જોયું. સુખની લીસી સપાટી પર પોતાનો હાથ પકડીને સલામતીપૂર્વક સરક્યા કરતી, ખિલખિલાટ હસતી સુમા અત્યારે ગાઢ ઊંઘમાં શાંત થઈને પડી હતી. તેને ખૂબ સુખી હોવા માટે કશું ખરાબ લાગતું નહોતું. દુનિયાના કરોડો લોકોનાં, કરોડો પ્રકારનાં દુ:ખોના ઘૂઘવતા મહાસમુદ્ર વચ્ચે આપણે બસ બે જણ નર્યા સુખના ટાપુ પર, સુખની હરિયાળી પર... એવું એવું પોતે બોલતો ત્યારે તે હસ્યા કરતી. તેને આમાં કાંઈ અન્યાય જેવું લાગતું નહોતું. 'જેવી ભગવાનની મરજી' તે કહેતી.

'પણ આ અન્યાય ન કહેવાય? આપણે બીજા માણસ જેવા માણસ જ છીએ, તો આપણે માટે ભગવાને કેમ દુ:ખનું એક ટીપુંયે રહેવા દીધું નહિ?'

'આપણો પ્યાલો કાણો હતો ને! દુ:ખ તો આપ્યું ભગવાને, પણ કાણામાંથી સરી ગયું. આપણે સફાળાં થઈને અખંડ પાત્ર લઈ આવ્યાં ત્યાં સુખ વહેંચવાનો વારો આવી ગયો હતો.' સુમા બોલતાં બોલતાં હસ્યા જ કરતી. બોલ્યા પહેલાંયે હસતી. બોલ્યા પછી પણ. 'તને સુખ વિશે આટલું દુ:ખ કેમ લાગે છે? - અને આ લાગે છે તે જ દુ:ખ.'

વિષ્ણુ હસીને સુમાના વાળમાં આંગળી પરોવતો. સુમા કેટલી સરસ હતી! બહુ વહાલી લાગતી હતી. મોટી થઈ તોયે નાના બાળક જેવી હતી. મનમાં કશો ભાર નહિ, કોઈ ભૂતકાળ નહિ. તેની વાતોમાં આખું હૃદય ઠલવાઈ આવતું. તેને કામ કરવું ગમતું. પલંગમાં પડ્યા રહેવાનુંયે ગમતું. વાંચવું ગમતું. એકલાં બેસવું ગમતું. વિષ્ણુ પાસે બેઠો હોય - તે તો ખૂબ ગમતું. ચુપચાપ.

બસ, હાથ પકડીને બેસવાનું. બહુ બોલબોલ કરનારા લોકો તરફ જરા ચીડ ચડતી. તેમના મિત્રો આવતા. જાત-જાતની વાતો કરતા. 'મેં આમ કર્યું, મેં તેમ કર્યું, મેં આટલા લોકોને મદદ કરી. મને બધા આટલું બધું ચાહે. મને લોકોએ પહેલી હરોળમાં બેસાડ્યો. હું ખૂબ કમાઈ. અમે બહુ ફર્યા. બહુ મઝા કરી, ખૂબ સંઘર્ષ કર્યો. નાની હતી ત્યારે એકલી છાની છાની ગાંધીજીની સભામાં જતી. મારાં માબાપ આમ... મારો વર આમ... મારી પત્ની આવી.. મારાં છોકરાં આવાં...'

'હું' ને 'અમે'ની વાતોની વણજાર. ધીરજથી બંને સાંભળ્યાં કરતાં. બધા જાય પછી શાંત થઈને બેસતાં. વરંડામાં હીંચકા પર રાતના કોમળ અંધકારમાં નર્યા સુખની વાંસળી સાંભળતાં. નીરવતામાં ન્હાતાં..

'આપણે કેટલાં બધાં સુખી છીએ!' સુમા અસ્ફૂટપણે બોલતી. વિષ્ણુ તેનો હાથ હાથમાં લેતો. આંગળીઓ સાથે રમતો. કોઈ કવિની પંક્તિ ધીરે ધીરે ગણગણતો : 'પ્રિયાની આંગળીઓની સાથે રમી રહેવાના દિવસો આવ્યા.'

બન્ને એકમેકથી ભરપૂર હતાં, તેથી સ્તો વિષ્ણુ કામ પર જાય તોયે સુમા એકલી પડી જતી નહોતી. અને સુમા તેની માને ઘેર થોડા દિવસ રોકાવા જાય તો વિષ્ણુને ઝુરાપો અનુભવાતો નહોતો. જાણે, જે છે તે બરોબર જ છે. ક્યાંક કશી ખામી નથી, તિરાડ નથી, કશું ઝરી જતું નથી, કશું સ્થગિત પણ થઈ જતું નથી. વહ્યા કરે છે એક પ્રસન્ન સરવાણી, અંદરબહાર, આગળપાછળ.

વિષ્ણુએ ફરી ઊંઘી રહેલી સુમા તરફ નીરખીને જોયું. કેટલી બધી સુંદર! ને કેટલી બધી પ્રસન્ન! જ્યારે જુઓ ત્યારે પ્રસન્નતામાં ન્હાઈને તાજી થયેલી. ઝાકળથી ધોવાયેલી પાંદડી જેવી. રોજ સવારે નવીનક્કોર. સુ-વર્ણા.

'હું તને કેમ ગમું છું, સુમા?' કદીક તે પૂછતો.

'કારણ કે તું તું છે.'

'એટલે શું?'

'એટલે કે ગમે છે.'

'પણ ગમવાનું કારણ શું?'

'પ્રેમને કારણો સાથે કોઈયે સંબંધ નથી...' સુમા હસતી.

'પણ ધારો કે હું છું એથી જુદો હોત! મારું નાક વધુ લાંબું કે વધુ પહોળું હોત અથવા મારે નોકરીમાં ફાંફાં મારવા પડતાં હોત અથવા મારો સ્વભાવ ઈર્ષાળુ કે ગુસ્સાખોર હોત!'

'અથવા હું કચકચિયણ હોત, વારતહેવારે ઘરેણાં કે સાડી માગતી હોત, આળસુ હોત, રસોઈ કાચી રાખતી હોત-'

'પણ આપણી પાસે ગાડી નથી. તને ગાડી હોય, એવું મન નથી થતું?'

'અને આપણી પાસે આલીશાન બંગલો નથી. આપણા ઘરની

ફરસ આરસની નથી. આપણે ત્યાં નોકરચાકરોની ફોજ નથી. આપણો નળ તૂટેલો છે, પ્લમ્બરને કેટલા દિવસથી બોલાવ્યો છે, પણ આવતો નથી.'

શબ્દો પાંખા થઈ જતા. એમાંનું પોલાપણું બહાર ડોકિયાં કરતું. બન્ને સાથે હસી પડતાં. સંવાદો નીરવતામાં ઓગળી જતા. સુમા વધુ નજીક સરી આવતી. વિષ્ણુનો શ્વાસ સુગંધી બની જતો. સુમા સાવ ધીરેથી બોલતી :

'તું મારો ઉત્તમોત્તમ મિત્ર છે, વિષ્ણુ!'

એક મૃદુ આલિંગન, શાંતિનો ઝરમરતો વરસાદ અને અઢળક સુખ.

* * *

પણ હમણાંથી એમ થયા કરતું હતું કે આવું શાથી હશે?

પેલો જોડિયો ભાઈ ગયો ક્યાં? ભગવાને આ તે કેવી કૃપા કરી?

કે પછી –

સહસા તે ચોંક્યો. કે પછી દુઃખ હવે આવવાનું હશે?

એકસામટું આવવાનું હશે ? અત્યાર સુધી નથી આવ્યું તેનો ખંગ વાળી દેવાની રીતે આવવાનું હશે?

આ વિચાર એટલો અણધાર્યો હતો કે ઘડીભર તો તે સ્તબ્ધ થઈને બેસી રહ્યો. આવું કેમ કદી પોતાને સૂઝ્યું જ નહોતું? દુઃખનો પોતાને માટે નિર્ધારિત થયેલો જે જથ્થો હોય, તે કણ કણ કરીને આપવાને બદલે આખેઆખો એકી વખતે ભગવાન આપવાના હશે?

દુઃખનો આટલો બધો વિચાર આવતો હતો, પણ એ દુઃખ આવશે તો શું પોતાથી સહેવાશે? એનું રૂપ કેવું હશે? ધારો કે -

- ધારો કે પોતાની નોકરી ચાલી જાય, ભૂખે મરવાનો વારો આવે, ઘરની ચીજવસ્તુ વેચવા કાઢવી પડે, ઘરનું ભાડું ન ભરી શકાય.

અથવા-અથવા ધારો કે આટલાં બધાં સ્વજનો-મિત્રોનો જે પ્રેમ મળ્યો છે, તે બધો છીનવાઈ જાય! લોકમાં હાંસી ને નિંદા થાય! પોતાનાં હોય તે મુખ ફેરવીને બેસે!

- અથવા સુમાને કોઈ વિચિત્ર રોગ થાય.

- અથવા પોતાને અકસ્માત થાય, આંખ જાય કે હાથપગ કપાઈ જાય!

- અથવા

તેનું હૃદય ધ્રૂજવા લાગ્યું. આ બધી તો કલ્પનાઓ હતી, સુખની પણ કલ્પના જ હતી. જેમ આવે તેમ જીવવાનું હિંમતથી, આનંદથી, પ્રેમથી. સુમાનો પ્રેમ છે પછી જિંદગીમાં બીજું શું જોઈએ!

ઓહ! આ વાત તો સુમાને કહેવી જોઈએ. એ એક મિનિટમાં મગજમાંથી જે વાવાઝોડું પસાર થઈ ગયું તે સુમાને કહેવું તો જોઈશે. ઊંઘમાંથી ઉઠાડીને પણ કહેવું જોઈશે.

તેણે સુમાને ઢંઢોળી, સુમાએ

કણસવાનો અવાજ કર્યો.

'સુમા, ઊઠ તો, એક વાત કહેવી છે. એક બહુ જ સરસ વાત. આપણી વાત.'

સુમા જાગી નહિ. તેનો શ્વાસ ભારે કેમ હતો? હમણાં તો તે પ્રસન્ન હતી. હવે અસ્વસ્થ કેમ લાગે છે?

'ઓ સુમા, આટલી બધી ઊંઘ! જોને, હું ક્યારનો જાગું છું.'

સુમા તોપણ જાગી નહિ. એનું શરીર જરા સળવળ્યું. એનો શ્વાસ ઊંચકાયો ને નીચો ગયો. ધબ દઈને જાણે નીચે બેસી ગયો.

જોડિયો ભાઈ સૌથી કઠોરરૂપે સુમાના પલંગ પર આવીને બેઠો હતો.

❑❑❑

[*'પ્રેમ જ સર્વ કાંઈ': કુન્દનિકા કાપડીઆ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯, પૃ. ૧૬૪, કિંમત રૂ. ૧૫૦, નવભારત સાહિત્ય મંદિર, જૈન દેરાસર પાસે, પતાસા પોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, ફોન (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧માંથી સાભાર.*]

હાઈકુ

❑ પંચમ શુક્લ

સાત પગલાં
પરમ સમીપે જઈ
ભળ્યાં સાંઈમાં.

પ્રાર્થના

❑ કુન્દનિકા કાપડીઆ

અમારી પ્રાર્થના એટલા માટે નથી કે,
અમે જે માગીએ તે તમારી પાસેથી મળે,
અમારી પ્રાર્થના તો તમારા ભણી
અમારાં હૃદયને ખુલ્લાં કરવા માટે છે,
જેથી અમારી દ્વારા
તમારે જે કરવું હોય તે કરી શકો.

અમારે જે જોઈએ છે તે કેવી રીતે પામવું-તે નહિ
પણ તમે જે ઇચ્છો, તેનો કેમ સ્વીકાર કરવો,
તમારી મરજી અમને અનુકૂળ ઇચ્છવી-તે નહિ
પણ અમારું મન અને અમારાં વલણો બદલવાં,
એ પ્રાર્થનાનું લક્ષ્ય છે.

સાચી ને સફળ પ્રાર્થના એટલે
ઇચ્છેલું પરિણામ નહિ,
પણ પરમને પામવાની ઊંડી અભીપ્સા
પરમાત્મા પર પૂર્ણ વિશ્વાસ
પોતાની પકડ છોડી દેવાની, બધું જતું કરવાની
ભગવાન જે કરે તે કરવા દેવાની તૈયારી;

પ્રાર્થના એટલે
પરમ પિતા સમીપમાં છે એમ અનુભવવું
અને તે પ્રમાણે જીવવું.

('પરમ સમીપે'માંથી સાભાર)



બેઠેલાં ધીરુબહેન પટેલ અને કુન્દનિકા કાપડીઆ
પાછળ ઉભેલાં બકુલા ઘાસવાલા, આશા વિરેન્દ્ર અને હિમાંશી શેલત

થોડી વાતો સાથે જોયેલાં સપનાંની

□ હિમાંશી શેલત

ક્યારેક અમે સાથે જોયાં હતાં થોડાં સપનાં, અને એની વાવણી સુધ્ધાં સાથે જ કરેલી. એટલે આજે, જ્યારે કુન્દનિકાબહેન નથી ત્યારે, તીવ્ર આરત અને ઉલ્લાસથી અમે જે સપનાંનાં સહયાત્રી બનેલાં એ સમયગાળામાં ખેંચાઈ જવાનું સહજ છે, ખેંચાઈને ત્યાં ઠરવાનુંયે સહજ.

પૂરાં પાંત્રીસ વર્ષના સમયપટ પર પથરાયેલો અમારો સંબંધ, તે પાછો સમથળ સપાટીનો સુંવાળો નહીં, ખાડાટેકરાળો અને કંકરકાંટાળો. પ્રારંભનો પરિચય તો 'નવનીત'ના સંપાદક લેખે, અને 'જન્મભૂમિ'માં વાંચવા મળતાં માર્મિક લખાણોનાં સંપ્રજ્ઞ લેખિકા તરીકે. 'સાત પગલાં આકાશ'માંથી જે વંટોળ જાગેલો એ થકી શબ્દનો પ્રભાવ સમાજ પર કેવો હોય એ અનુભવેલું. પ્રસ્તુત નવલકથા વિશે વિવેચન દ્વારા કેવી ટિપ્પણી થઈ છે, અને

એના કલાપક્ષ અંગે શું કહેવાય છે એનો પરિચય, છતાં વૈચારિક ભૂમિકાએ એક નવલકથા સમાજને કઈ રીતે હચમચાવી શકે એ મારા રસનો વિષય.

કોઈ અકળ ઋણાનુબંધથી પ્રેરાઈને કુન્દનિકાબહેને નંદિગ્રામની પરિકલ્પના સાવ ટચૂકડી પુસ્તિકા દ્વારા મને મોકલેલી. એમને પણ મારી ઓળખ શબ્દ થકી જ. 'તમને કદાચ રસ પડશે' એવડી નોંધ સાથે આવેલાં એ દસેક પાનાંમાં એમણે સહનિવાસની-કોમ્યુનની રૂપરેખા આપેલી.

જીવનનાં થોડાં સક્રિય વર્ષો સામાજિક કામોને આપવાં, અને સાદું જીવન જીવી શકાય એટલી આત્મનિર્ભરતા આવ્યા બાદ નોકરી છોડી દેવી, એવા મારા મનસૂબા તો જૂના. 'નંદિગ્રામ' સાથે સભ્ય તરીકે જોડાવાનો પ્રતિભાવ ત્વરિત. કુન્દનિકાબહેનને મળવા મુંબઈ પણ જઈ આવી અને એને પગલે એ અને મકરન્દભાઈ જ્યારે જ્યારે વલસાડ આવે ત્યારે ત્યારે એમને મળવા મોટેભાગે તો પહોંચી જ હોઉં. 'નંદિગ્રામ' માટે જમીન સંપાદનનો એ સમય બહુ સાહસભર્યો અને રોમાંચક લાગ્યો હતો. અમારો પત્રવ્યવહાર નિયમિત, મોબાઈલનો જમાનો નહીં એટલે લાંબા પત્રોમાં વિચારો ઠલવાય. 1996ના ડિસેમ્બરમાં બહેનનો એક પત્ર મળ્યો:

''દિવસમાં સેંકડો વિચાર આવે અને એમ થાય કે તમે પાસે હોત તો તમને આ કહેત. મુખ્યત્વે તો અહીંના કામના વિચારો, એની વચ્ચે થોડા આનંદના અને થોડા ઉદ્વયનના વિચારો. આંતરિક જીવનના વિકાસમાં, એ માટેના પ્રયોગો કરવામાં, આપણે માટે પોતાનું દર્શન ખોળી કાઢવામાં તમને કેટલો રસ છે એનો પરિચય હજુ મળ્યો નથી. આશા રાખું છું કે આ બાહ્ય કામોની સાથે એ અંદરની કેડી પર પણ આપણે સાથે ચાલી શકીશું.''

નવી દિશાઓમાં જવાનો ભારે ઉત્સાહ હતો. સ્ત્રીઓ માટે ગૃહઉદ્યોગો, પ્રૌઢશિક્ષણ, સંસ્થાની પોતીકી બેકરી, બાળકો માટે પુસ્તકાલય, રમતગમત અને પૂરક શિક્ષણ, હરતીફરતી શાળાનો પ્રયોગ, વિવિધ પ્રવૃત્તિઓ માટે નાની-નાની રૂપકડી કુટીરો, વૃદ્ધ અને અશક્ત ગ્રામજનો માટે આરોગ્યસેવા અને અનાજવિતરણ, ગૌશાળા તે ખેતી, સહિયારું રસોડું... આયોજનો બેસુમાર અને અમારે ભરવાની હતી હરણફાળ! સાદું, મહેનતકશ તથા સમાજોપયોગી જીવન જીવવાના મનોરથ પૂરા થવાના હતા એ કંઈ નાનીસૂની વાત!

'નંદિગ્રામ'માં માળો રચવાનો નિર્ણય થઈ ગયો અને એ નીડનું નામ પાડ્યું 'આરોહી.' એ દિવસોમાં અમે બંને ઠેકઠેકાણે સહિયારાં રસોડાં, બેકરીઓ અને એવા નવતર પ્રયોગો જોવા ભ્રમણ કરતાં, વચ્ચે વચ્ચે નર્સરી અને ફૂલઝાડના રોપાઓ ખરીદવાનુંયે ગતિમાં.

*

કેવળ સાહિત્યસર્જનને કેન્દ્રમાં

રાખીને કુન્દનિકાબહેન વિશે વિચારી ન શકાય. સર્જક તરીકે એ જે રીતે પોંખાયાં એમાં એમના લાલિત્યપૂર્ણ ગદ્યની સાથે સાત્ત્વિક વિચારોનો ફાળો મોટો. એમની જીવનશૈલીમાં બીબાંઢાળ અને સર્વસ્વીકૃત કશું નહીં. તે વિના મુંબઈનું નગર-જીવન છોડી ક્યારેય અજમાવ્યાં ન હોય એવાં કામોમાં કોણ ઝંપલાવે? ભારોભાર દૃઢતા અને ચુસ્તીથી એમણે વહીવટી આંટીઘૂંટીઓ ઉકેલતાં સંસ્થાગત માળખાંનો પાકો પરિચય કેળવ્યો. નવા નવા પડકારો ખડકાતા ગયા, ગૂંચો અને સંઘર્ષોમાં અટવાઈ જવાનું આવ્યું અને એ સમયે માનભેર સંકેલો કરી સંસ્થા પર પૂર્ણવિરામ મૂકી દેવાનાં સૂચનો મિત્રો- શુભેચ્છકો તરફથી મળતાં રહ્યાં. પરંતુ નિશ્ચિત યાત્રામાંથી કુન્દનિકાબહેન વિચલિત ન થયાં. એમાં મકરન્દભાઈની શ્રદ્ધાનો આધાર ઘણો મોટો.

વિનોદ મેઘાણીના પ્રવેશ બાદ મારા જીવનમાં અણધાર્યો વળાંક આવ્યો. મકરન્દભાઈ અને કુન્દનિકાબહેન, બંને માટે જે અત્યંત પ્રીતિપાત્ર છે એવી વ્યક્તિ સાથે હું જોડાઈ રહી છું એ હકીકતને આખા નંદિગ્રામે જે રીતે વધાવી એ ઘટનાનો રોમાંચ હજી આજેય અનુભવી શકું. તેમ છતાં નંદિગ્રામમાં નિવાસ હવે અશક્ય, એટલું તો સ્પષ્ટ થઈ ગયું. વિનોદને કોમ્યુનમાં જીવવાનું નાપસંદ હતું. પરિણામે સંસ્થાની કાર્યપદ્ધતિ સંદર્ભે મારા મનમાં જે પ્રશ્નો ઊભા થયેલા અને જેની ચર્ચા તથા નિરાકરણ જરૂરી લાગતાં હતાં, એ સઘળું અચાનક અપ્રસ્તુત બની ગયું. મારે હવે ત્યાં રહેવાનું નહોતું, અને એટલે અંશે ત્યાંનાં કામોમાં મારી સક્રિયતા ઘટી જવાની હતી.

અંતે નંદિગ્રામની નજીક રહેવાનું તો પસંદ થયું જ. મકરન્દભાઈનાં પુસ્તકોના પુનર્મુદ્રણનું કામ વિનોદે માથે લીધું અને મારે માટે તો ત્યાં અનેક પ્રવૃત્તિઓ રહેતી. આમ જોડાણ લાંબા સમય માટે અતૂટ રહ્યું. એમાં ઓટ આવી વિનોદના જીવનમાં પાછલાં વર્ષોમાં. નંદિગ્રામ જવાનું ઓછું થતું ગયું, અને પછી તો અઠવાડિયે-દસ દહાડે માત્ર મળવા પૂરતું બાકી રહ્યું.

મને જે હંમેશ અસાધારણ લાગ્યો છે તે બહેનનો ઉત્કટ જીવનરસ. હકારાત્મક અભિગમથી કશુંક વિશેષ હતું એમાં. પ્રયોગો કરવાની ઊર્જા એમણે અંત સુધી જાળવી રાખેલી. જાતને પૂર્વધારણામાં બાંધી રાખવાને બદલે મોકળાશમાં તરતી રાખવાનું એમને ગમતું. સ્વાસ્થ્ય સંદર્ભે જાતજાતના પ્રયોગો કરે જાત સાથે, ક્યારેક વિપરીત પરિણામ આવે તો એ ભોગવી લેવાનીયે તૈયારી. હોમિયોપેથીની સારી જાણકારી અને આયુર્વેદ રસનું ક્ષેત્ર. આદર્શવાદી, કર્મશીલ અને થનગનતાં વ્યક્તિત્વો માટે ખાસ લગાવ અને એવાં અનેક માટે નંદિગ્રામ પ્રિય સ્થળ બની ગયેલું. વિવિધ ક્ષેત્રોના અનેક લોકો આવે, થોડાં એમનાથી તો થોડાં મકરન્દભાઈથી આકર્ષાઈને. એમાં વળી મકરન્દભાઈને

તો આધ્યાત્મમાર્ગના સાધકો-શોધકો પણ શોધતાં આવે. આ માર્ગના પ્રવાસીઓ સાચુકલા કેટલાં, અને દેખાદેખી સંપ્રદાયનાં કેટલાં, એ પારખવું અઘરું, એમ હવામાં થોડી કૃતકતા પણ ભળી. પ્રામાણિકતા અને સચ્ચાઈને માપવા તોલવાનાં સાધનો તો ક્યાં ઉપલબ્ધ હોય?

વહીવટીસૂત્રોને અને કામનાં વૈવિધ્યને પહોંચી વળવાનું સહેલું નહોતું. એમાં વળી બધાં કામોના મોરચા એક વ્યક્તિએ સંભાળવાનાં હોય ત્યારે એના પર દબાણ વધતું જાય. એ દિવસોમાં મુંબઈથી લખાયેલા કુન્દનિકાબહેનનો એક પત્ર એમની મનઃસ્થિતિ વ્યક્ત કરે છેઃ

''ગયા રવિવારે અહીં આવી. અહીં તો એટલી બધી દોડધમાલ છે કે જાણે શ્વાસ લેવાની ફુરસદ નથી. મનમાં એમ થઈ જાય- આ બધું શાને ખાતર? જે પાત્રોની વાર્તાઓ લખી હતી - સમયથી ધકેલાતાં, ભીંસમાં ભીંસાતાં, ઘટનાઓમાં ઘસડાતાં - એવું જ જીવન હું પણ જીવું છું. એવું મનમાં ક્યારેક થઈ જાય. પણ પછી એક શાતા મળે, શીતળતા મળે કે આ બધું પોતા માટે નથી કરતાં. અને એ જ તો ફરક છે! નંદિગ્રામમાં કેટલા બધા લોકોને આવવું - રહેવું ગમે છે! કશી મોજની સામગ્રી ન હોવા છતાં. તો આ વાતાવરણનું સર્જન એ જ આપણી કમાઈ. મોટી ઉંમરે કામ ઓછું થતું જાય, મારું તો અનેકગણું વધી ગયું છે!''

આમ કામો ખરેખર વધતાં ગયાં. થોડાં અડધેથી છોડવાં પડ્યાં, અપૂરતી સજ્જતાને કારણે કહો કે છૂટી ગયાં. જેમ કે સ્મૃતિવનની યોજના. એ એક રમણીય વિચાર હતો. પ્રિયપાત્રની યાદમાં વૃક્ષ વાવવાનાં અને વૃક્ષ પર એ પ્રિયપાત્રનાં નામની તકતી ઝૂલે. આવાં સંકુલ પણ હોઈ શકે. પ્રિયજન કે પ્રિય પ્રાણીઓને યાદ કરવાની આ રીત ગમી જાય એવી. દાનની અપીલને સરસ પ્રતિસાદ મળ્યો. પછી વૃક્ષ દીઠ જે રકમ મેળવી હતી તેના કરતાં એની માવજતનો ખર્ચ વધતો ગયો. ઠીકઠીક સમય પછી કોઈક દાતા જ્યારે સ્મૃતિવન જોવા આવ્યા ત્યારે એમને એની ઝાંખી ન કરાવી શકવાનો રંજ અને ક્ષોભ અજંપ બનાવી દે એવા. અમારો પનો ટૂંકો પડ્યો, અને જે કાર્ય સંપન્ન ન થાય એનો આરંભ જ ન કરવો, એ બુદ્ધિનું પ્રથમ લક્ષણ અમને હાથતાળી દઈ ગયું.

સંસ્થાને ગતિશીલ અને ધબકતી રાખવા માટે સતર્કતા, કાબેલિયત, બેહદ ઉદારતા, સંવેદનશીલતા, મોકળાશ, દીર્ઘદૃષ્ટિ, પ્રામાણિકતા, પારદર્શિતા અને વાસ્તવિકતા પર મજબૂત પકડ જોઈએ. એક જ વ્યક્તિમાં આટલું બધું ભાગ્યે જ મળે. તેથી જ ટ્રસ્ટ ચલાવવા સમૂહની કુશળતા અને કાર્યશક્તિને પ્રયોજવાં જરૂરી બને. અનેક સાથીઓને વિશ્વાસમાં લઈને એમને જેવી ફાવટ હોય તેવી પ્રવૃત્તિમાં જોતરવાં પડે. એમનું શ્રેષ્ઠ વ્યક્ત થાય તેવી સ્વતંત્રતા પણ એમને આપવી પડે. જાત પાસેથી કુન્દનિકાબહેને ઘણું

કામ લીધું પરંતુ કોઈ ને કોઈ કારણસર અનેક સાથીઓ સંસ્થાથી અલગ પડતા ગયા. આવા સમયમાં પણ એમણે ઉત્સાહ અને ધૈર્ય ટકાવી રાખ્યાં. છેવટ લગી એ વિવિધ આયોજનોમાં પ્રવૃત્ત રહ્યાં. નબળા સ્વાસ્થ્યની ફરિયાદો એ જ્વલ્લે જ કરતાં. એવા દિવસોમાં પણ એમનાં મુલાકાતીઓ સાથે માણેલાં ઉત્તમ કાવ્યો, ગદ્યાંશો કે વિશિષ્ટ વ્યક્તિઓના રસાળ પ્રસંગોની રોચક સામગ્રી વહેંચી શકતાં. સ્મૃતિ છેવટ સુધી સતેજ, અનેક કાવ્યપંક્તિઓ કંઠસ્થ.

ધ બેસ્ટ ઈઝ યટ ટુ બી. જીવનનું સર્વોત્તમ હજી આવવું બાકી છે. આ એમની પ્રતીતિ હતી. અજ્ઞાતમાં શ્રદ્ધા, માનવની સારપમાં શ્રદ્ધા, અને પૃથ્વીનાં સૌંદર્યો માટે અહોભાવ કુન્દનિકાબહેનનાં લેખનમાં પ્રતિબિંબિત થયાં, તેવાં એમનાં જીવનમાંયે વણાયાં. નિજી સીમાઓ વળોટવાનું સાહસ એમણે કર્યું, અને એ એમને ફળ્યું.

2018ની 27 ફેબ્રુઆરીએ વલસાડ ખાતે એક યાદગાર ઘટના સર્જાઈ. ધીરુબહેન પટેલ મુંબઈથી અમદાવાદ જઈ રહ્યાં હતાં, અને માર્ગમાં કુન્દનિકાબહેનને મળવા રોકાવાનાં હતાં. આટલી જાણ થતાં આ બંને સર્જકો અહીં ભેળાં થાય છે ત્યારે એમની અંતરંગ વાતોમાં એમનાં ચાહકો અને સાહિત્યરસિકો સામેલ થાય તો ઉત્તમ, અને એ વિચાર અમલમાં મૂકી શકાયો. આ બંને સર્જકોની સાહિત્યયાત્રા સમાંતર, વળી બંનેનું કાર્યક્ષેત્ર મુંબઈ. એ સાંજે ગુજરાતી ભાષાના આ માતબર સર્જકોના સાહિત્યનું પઠન થયું. એમના સર્જનની ચર્ચા થઈ અને એ બંનેએ એમનાં સ્મરણો શ્રોતાઓ સાથે વહેંચ્યાં. શ્રોતાઓ ન્યાલ. એ અપૂર્વ અવસર અનેકની સ્મૃતિમાં ઝળહળતો હશે.

પાંત્રીસેક વર્ષ પૂર્વેનાં કુન્દનિકાબહેન અને છેલ્લાં સાત-આઠ વર્ષમાં મળતાં ઈશા-કુન્દનિકા ઘણાંને અલગ લાગવાનો સંભવ છે. દૃઢાગ્રહોને કારણે વર્તનમાં પ્રવેશેલી સખ્તાઈનું સ્થાન હળવાશે લીધું હતું. એમનાં કેટલાંક નિશ્ચિત વલણોને કારણે એમને મળવા આવેલાં કોઈક ક્યારેક ભોંઠપ અનુભવીને પાછાં પડતાં, એવુંયે નોંધ્યું છે. એ સઘળું પછીનાં વર્ષોમાં દેખાતું નહીં. કુમાશમાં વૃદ્ધિ થઈ હતી, અને કડવા-મીઠા અનુભવોના સત્ય પછી વ્યવહાર વિશેષ નિસબતભર્યો અને કાળજીપૂર્ણ વરતાતો હતો. મનુષ્ય હોવું એટલે વિકાસ અને આરોહણની નિરંતર સંભાવના એમ એ માનતાં. એમની એક વાર્તા 'વધુ ને વધુ સુંદર'માં આ જ ભાવ ગૂંથાયો છે.

આયુષ્યના અંતિમ તબક્કામાં એમના વ્યક્તિત્વની શાંત આભાએ અનેકને આકર્ષેલાં. આ શાંતિ એમણે નિજી પ્રયત્ને પ્રાપ્ત કરી હતી. પ્રગાઢ અને પ્રસન્ન શાંતિ, સદ્‌ગતિ મળે એવી શાંતિ. મૂલ્યવાન બાબત એટલી, કે આવી શાંતિ એમને જીવન દરમિયાન જ પ્રાપ્ત થઈ હતી.

❑❑❑



ઈશા-કુન્દનિકા - મેધા ને માનવતાનું માંગલ્ય

☐ ડો. રમા વૈદ્ય - ડો. અશોક વૈદ્ય

''ઈશ્વર સાથે મારો સંબંધ બહુ જૂનો નથી. જન્મથી કે સંસ્કારથી હું ઈશ્વરવાદી નહીં. પણ પછી એક ઘટના ઘટી, અને અત્યારે મારા જીવનને સર્વાંગપણે આવરી રહેલું તત્ત્વ તે ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા છે. એમ કહું કે પરમાત્મા સાથે મારો એક અંગત સંબંધ છે.''

- ઈશા-કુન્દનિકા, પ્રસ્તાવના,
'ઊઘડતાં દ્વાર અંતરનાં.'

પરમાત્મા જે વ્યક્તિ દ્વારા પોતાનું

વિભૂતિમત્ત્વ પ્રગટ કરવા માંગે તેની ચેતનાના વિકાસ માટે શૈશવથી જ વિલક્ષણ વિકાસક્ષેત્ર સર્જે છે. ઈશા-કુન્દનિકાના જીવનકાર્યને ગુજરાતે ભરપૂર અંજલિ આપી છે. પરંતુ મેધા અને માનવતાના મંગલ સંગમસમા આ ચૈતન્યની અગ્નિશિખા કેમ પ્રગટી તે મનનીય છે. આ અગ્નિશિખાનાં સ્ફુલ્લિંગો માનવની ખરી-ઔદ્યોગિક સંસ્કૃતિ માટે પથદીપ બની શકે તેમ છે.

ઈશાનું બાળપણ ગ્રામીણ સૃષ્ટિ-સૌન્દર્ય અને ખુલ્લા આકાશ અને ખુલ્લી વ્યક્તિઓ વચ્ચે વીત્યું. ''વધુ અને વધુ સુંદર'' એ જાણે જીવન-અભિગમ બની રહ્યો. સાંઈ મકરન્દનું કાવ્ય - ''સૌન્દર્યનું ગાણું મુખે મારે હજો...'' એ ઈશામાનો પણ જીવન-મંત્ર બની રહ્યો. સૌન્દર્ય, સંવાદિતા અને સાદાઈ-આ જીવનની ખરી સંપદા છે. વેરાન, ખડકાળ જમીન પર જે રીતે 'નંદિગ્રામ' - રળિયામણું દીપી રહ્યું છે તે સાક્ષી છે.

બાળપણમાં જ એમને હરિજન-બાળાને ભણાવવાનું ગમતું. એને સ્પર્શ ન કરાય એવી એક વડીલની ટકોર એમને કઠી હતી. માનવ અને માનવ વચ્ચેનાં ભેદ અને અંતર એમને ખૂંચતાં હતાં. 'નંદિગ્રામ'નાં નિકટવર્તી ગામોનાં આદિવાસી બાળકોની સાર-સંભાળ, સેવા-માવજત અને રમત-ગમતની વ્યવસ્થા તો જેમણે જોઈ હોય તેમને જ આ નાગરી અને ગ્રામ્ય સંસ્કૃતિ વચ્ચેનો સેતુ સ્પર્શી જાય. ભારત માટે આ એક નવી કેડી ખુલ્લી થઈ છે.

મારા પિતાશ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય, જેતપુરનો વૈદ્યકીય વ્યવસાય છોડી, ઝવેરચંદ મેઘાણી સાથે 'ફૂલછાબ'ના સહતંત્રી તરીકે રાણપુરમાં જોડાયા (1944). એમના સહકાર્યકર જયંતભાઈ ઈશામાના ભાઈ થાય. ડો. કાપડીઆનો પરિવાર રાણપુરમાં હતો. એમની સીમમાં એક વાડી હતી. બાબુભાઈનો કાપડીઆ પરિવાર સાથે સંબંધ હતો. કુન્દનિકાબહેનને જોયાનું નિશ્ચિત સ્મરણ નથી પરંતુ વીરાણી વિદ્યાલય રાજકોટમાં, ઈશામાના પિતરાઈ સુરેન્દ્ર કાપડીઆ જોડાયા. એમની સાથે મૈત્રી થઈ. ત્યારથી કુન્દનિકાબહેન અને કુંજબહેન સાથે પરોક્ષ ને પ્રત્યક્ષ પરિચય વધ્યો. ''યાત્રિક'' - સામાયિક હું નિયમિત વાંચતો અને કુંજ અને ઈશામાને મળવા, વિનોદ મેઘાણી સાથે ખાર જતા - આ ઈ. સ. 1957-1961નો ગાળો હતો. ''યાત્રિક''માં એમના લેખો મને પ્રેરણાદાયક રહ્યા.

મકરન્દભાઈ-કુન્દનિકાબહેનનાં લગ્ન થયાં ત્યારે અમે અમેરિકા હતાં. એ ત્રણ વર્ષ દરમિયાન એમની સાથે સારો પત્ર-વ્યવહાર રહ્યો. મકરન્દભાઈના પત્રોનું પ્રકાશન કરેલ છે - 'અનહદ પ્રીત્યુંની પિછાણ' આ પુસ્તિકામાં એ કામની (1963-1970) રસપ્રદ વાતો

છે. એ સમયે કુન્દનિકાબહેન 'નવનીત' માસિકનાં સંપાદિકા હતાં. 'નવનીત'માં લેખ લખવા મને નિમંત્રતા- 'નવનીત સમર્પણ' સાથે આ નાતો ચાલુ રહ્યો. વૈજ્ઞાનિકો લોકોપભોગ્ય વિજ્ઞાન-માહિતી આપતા રહે તેવો ઈશામાનો આગ્રહ હતો. એમનાં વિશાળ વાંચનમાં વિજ્ઞાનનો સમાવેશ હતો. તેઓ ઘાટકોપર છોડી અંધેરીના ઘેર રહેવા આવ્યાં એ પછી મળવાનું અવાર-નવાર બનવા લાગ્યું. 'નંદિગ્રામ'નું દર્શન એ કાળમાં પ્રગટ થયું. મુંબઈ જેવા મહાનગરની દોડધામ મૂકી પ્રકૃતિને ખોળે એક નવી જીવનપદ્ધતિ માટેની વ્યાખ્યા બંધાઈ રહી હતી. ફિન્ડહોર્ન વસાહતે ઈશામાના આ દર્શનને વેગ આપ્યો.

'નંદિગ્રામ'ની પ્રેરણા માટે અનેક પરિબળોએ ભાગ ભજવેલ. પરંતુ સૌથી અગત્યની વાત તો છે માનવજાતની જીવનવ્યથા. આ જીવન-વ્યથા પાછળ કારણ આજની ભૌતિક સુખ માટે આંધળી દોટ છે. મુક્ત વ્યાપાર, મૂડીવાદ અને શોષણને કારણે શહેરો ગંધાઈ ઊઠ્યાં છે અને મોટા ભાગનાં ગામડાં ભાંગી પડ્યાં છે. મુઠ્ઠીબંધ તાલેવંત ધનવાનો અને સત્તાભૂખ્યા રાજકારણીઓએ જીવનનાં મૂળભૂત મૂલ્યો - સત્ય, પ્રેમ અને કરુણાને છેહ દીધો છે. આજે કોવિદ-19ના કાળા કેર પછી આ દુષ્પરિણામો હદ વટાવી દેશે. ત્યારે શું કોઈ નવો જીવન-માર્ગ શક્ય નથી?

પરાઔદ્યોગિક વસાહતો આત્મનિર્ભર, પર્યાવરણપ્રેમી, માનવીય સેવાયુક્ત, ઉપાસના-કેન્દ્રિત અને સર્જનશીલ અને સરલ-સુંદર હોવી આવશ્યક છે. આ માટે 'નંદિગ્રામ' એક પાયાનો પ્રયોગ છે. સાંઈ મકરન્દની તપશ્ચર્યા, ઈશા-કુન્દનિકાની પ્રબળ કર્મનિષ્ઠા 'નંદિગ્રામ'ની ધરોહર છે. મકરન્દભાઈનું દર્શન હતું કે 'નંદિગ્રામ' નવા વિશ્વ માટેનું વિદ્યામંદિર બની રહે. આવી વસાહત જ્યારે ઈશ્વરકેન્દ્રિત જીવનવ્યવહાર ને ચરિતાર્થ કરે છે ત્યારે માનવ-ચેતના માટે નવી જ દિશા ખૂલી જાય છે. પ્રાચીન ભારતનાં ઋષિ-આશ્રમો આવાં ઊર્જાકેન્દ્ર હતાં.

ભારતના અને વિશ્વના નવસર્જન માટે આવશ્યક છે ''અખિલ જીવનનું શિક્ષણ આપતી નવી આધ્યાત્મિક વસાહતો.'' 'નંદિગ્રામ'નાં આરંભકાળમાં જ ઈશામા અને સાંઈએ ગ્રામ-સ્વાસ્થ્ય પર પ્રથમ લક્ષ્ય આપ્યું. ભારતીય વિદ્યાભવને સ્વામી પ્રકાશાનંદ આયુર્વેદ સંશોધન કેન્દ્ર (સ્પાર્ક) સ્થાપેલ. 'સ્પાર્ક'ના ડોક્ટરો, વૈદ્યો અને સહાયકોએ 'નંદિગ્રામ' દર મહિને જઈને આરોગ્યસેવાનું કાર્ય આરંભ કર્યું. મને યાદ છે એક દિવસ સ્વાસ્થ્ય-કેમ્પમાં મને 54 દરદીઓની તપાસ કરવાનું આવેલ. ગ્રામ-સ્વાસ્થ્ય અને અદ્યતન હોસ્પિટલો વચ્ચે સેતુ બાંધવાનું પાયાનું કામ થયું. મુંબઈથી

નિષ્ણાત ડોક્ટરો 'નંદિગ્રામ' આવતા થયા. જાણીતા રક્ત-વિશેષજ્ઞ ડો. સુનીલ બિચિલે ડો. જગજીવન પારેખ વ્યાખ્યાન આપેલ. વિષય હતો સ્વાસ્થ્ય-સેતુની અત્યંત આવશ્યકતા. આજે પણ 'નંદિગ્રામ'માં સ્વાસ્થ્ય-સેવા સારી અપાઈ રહી છે. વલસાડના અને બીજા તજજ્ઞો આવે છે અખિલ જીવનના પાયામાં સ્વાસ્થ્ય હોવું આવશ્યક છે. ડો. અમીબહેન પરીખ, આયુર્વેદ-નિષ્ણાત આજે નંદિગ્રામમાં મોટું ઉત્તરદાયિત્વ સંભાળે છે. ઈશામા પ્રાથમિક સારવાર અને સ્વાસ્થ્ય-સેતુના આગ્રહી હતા. કદાચ 'નંદિગ્રામ'માં ગ્રામીણ હોસ્પિટલ અને મેડીકલ કોલેજ શરૂ થઈ શકી હોત. શ્રી ધીરુભાઈ મહેતા અને અમારા મહાત્મા ગાંધી ઇન્સ્ટિટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીઝ, સેવાગ્રામનો અનુભવ કામમાં લાગ્યો હોત.

ઈશામા સેવા અને સમાજકલ્યાણને મહત્ત્વ આપતાં હતાં. સાંઈ મકરન્દની ભાવના ભજન વિદ્યાપીઠ અને ઉપાસના-કેન્દ્રની પણ હતી. નિરંજન રાજ્યગુરુ, નાથાભાઈ ગોહિલ ઇત્યાદિ સાથે આ માટે આયોજન પણ થયેલ. હિમાંશી શેલતના 'સેતુબંધ'માં શ્રીહરિવલ્લભ ભાયાણી સાથેના સાંઈના પત્રોમાં આ યોજના આલેખાઈ છે. હજી પણ આ કામ થઈ શકે તો એક ઉત્તમ કેન્દ્ર થશે. મુંબઈનું કીર્તન-કેન્દ્ર અને નિરંજને બીડું ઝડપવા જેવું છે.

'નંદિગ્રામ'માં અનેક શિબિરો અને કાર્યશાળાઓ યોજાઈ છે. સાહિત્ય, કલા, અધ્યાત્મ વગેરે વિષય રહ્યા છે. ઈશામાને વેદાંત ઇત્યાદિનાં દીર્ઘસત્રોમાં શ્રદ્ધા નહોતી. આ અંગે એક વાર એમણે કહેલું, ''બે-ચાર શ્લોકમાં જ બધું ન સમાઈ જાય? ઉદાહરણ તરીકે "येनाहं नामृता स्याम् तेनाहं किं कुर्याम्।" (જેથી મને અમરત્વ ન મળે તેનું મારે શું કામ?'' આવી આંતરિક અનાસક્તિ એમણે ચરિતાર્થ કરી.

'નંદિગ્રામ' એ ઈશામાનું સાકાર થયેલ સ્વપ્ન છે. ભારતમાં ઘણી જ ઉત્તમ સંસ્થાઓ, એની મુખ્ય વ્યક્તિઓની વિદાય પછી, આથમવા લાગે છે. કેવળ જે સંસ્થાના પાયામાં અધ્યાત્મ હોય તે જ દીર્ઘકાળ સજાગ અને વિકાસશીલ રહે છે. સાંઈ-મકરન્દ અને ઈશામાની ઊંડી ઈશ્વરનિષ્ઠા અને ભક્તિથી આ ભૂમિ રસાયેલ છે. તેથી 'નંદિગ્રામ' માટે આવું ભયસ્થાન નથી. પરંતુ 'નંદિગ્રામ'નાં સતત વિકાસ અને ઉત્કૃષ્ટતા માટે એમનાં જ અધૂરાં કાર્યો પૂરાં કરવાની સમાજની જવાબદારી છે. એમના અગણિત ચાહકો, મિત્રો અને પ્રશંસકોનું ઉત્તરદાયિત્વ છે અને આ કાર્ય કેવળ ભૌતિક કે આર્થિક સહાયથી જ સિદ્ધ ન થઈ શકે.

મકરન્દભાઈના પત્રોનું પુસ્તક 'લિ. તમારો મકરન્દ' (સંપાદક ડો. મીનુ ભટ્ટ)નું એક અવતરણ ટાંકવા જેવું છે. ''નંદિગ્રામ માટે હવે જમીન

પ્રાપ્ત થઈ જશે એમ લાગે છે. સાધનો તો ઊભાં થઈ જાય, પણ સત્ત્વશીલ માણસો કયાં? આપણે કેન્દ્રમાં માણસ રાખીશું તો બાકીનું બધું તેની પાછળ ખેંચાતું આવશે. નંદિગ્રામ એટલે રામની પ્રતીક્ષા, ભરતની તપસ્યા. પરમાત્મા - આ પ્રતીક્ષા, તપસ્યાને પગલે આવે જ છે. પ્રાર્થના કરશો કે આપણું અંતઃકરણ એ માટે સુયોગ્ય બને.'' રામ માટેની તીવ્ર પ્રતીક્ષા જ એક દિવસ રામરાજ્યનું વરદાન આપી શકે. પૂજ્ય નાથાભાઈ જોશીનું વચન છે, ''ખરેખર તો, દરેક મનુષ્ય Divinity (ભગવાન) છે, Every Individual is divinity' આપણામાં Divine (દિવ્ય) અંશ તો છે જ. જે પૂર્ણ છે, પણ એ અંશ ગુપ્ત અને સાથે-સાથે સુપ્ત થઈને પડ્યો રહ્યો હોય છે. આપણે આપણી અંદર જે છે એને અનાવૃત્ત કરવાનું છે, એને જાગ્રત કરવાનું છે. આ કાર્ય માટે પ્રભુના અનુગ્રહની આવશ્યકતા રહે છે. એ માટે સતત એને પ્રાર્થના અને અવિરત નામ - સ્મરણ ચાલુ રાખવા.'' (શ્રી રમાનાથ પ્રસાદી - પ્રસ્તુતિ ડૉ. આશા આડતિયા). શ્રીનાથ અને સાંઈનો સંબંધ સનાતન અને અવિચ્છિન્ન છે. મારી સમજ અનુસાર - શ્રીરામકૃષ્ણ અને સ્વામી વિવેકાનંદની જેમ - આ અધ્યાત્મધારા બાહ્ય રીતે પણ વ્યક્ત થશે ત્યારે વિધિને એક તદ્દન નવલ દર્શન પ્રાપ્ત થશે.

અંતમાં, ઈશામાનાં 'ઊઘડતાં દ્વાર અંતરના' પુસ્તકના અવતરણને ટાંકીએ છીએ. 'મોટાં બારણાં નાના મિજાગરા પર ઝૂલે છે. પ્રચંડ ઘટનાઓની શરૂઆત સાવ નાની બાબતોથી થાય છે. હું તમને કહું છું કે અહીં જે સાવ નાનકડી રીતે શરૂ થયું છે તે વૃદ્ધિ પામશે અને જગદ્વ્યાપી વૈશ્વિક આંદોલનરૂપે વિસ્તરશે, પ્રાગટ્ય એક ક્રાંતિ બનશે. મારી રીતો પણ અકલ્પ્ય અને ઘણી અદ્ભુત છે. તમારી રીતે નથી. પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી મારા માર્ગે ચાલો અને મારા આશ્ચર્યો અને મહિમાને ઉદ્ઘાટિત થતાં જુઓ. નવા યુગની વસંત આવી ગઈ છે. સંપૂર્ણ સંવાદિતા, સૌંદર્ય અને ભરપૂરતામાં વ્યક્ત થઈ રહી છે. એને કોઈ અટકાવી શકે તેમ નથી.'' આ જાણે 'નંદિગ્રામ' અંગે જ કેમ ન લખાયું હોય. નંદિગ્રામનાં વૃંદગાનમાં સાંઈ મકરન્દે લખેલ છે, 'નંદિગ્રામ તણું વૃન્દ આનંદે વિહરો સદા... જોશે સકળ વિશ્વની માનવ મેદની અહીં!'' આ માટે આપણે સૌ સંકલ્પબદ્ધ થઈએ અને નામ-સ્મરણ અને પ્રાર્થનાથી દર્શનને જીવનમાં ચરિતાર્થ કરીએ. આ જ સાંઈ-ઈશાને ખરી અંજલિ હોઈ શકે.

❑❑❑

સુધારો : મે અંકમાં કુન્દનિકાબહેનની જન્મ તારીખ 11 જાન્યુઆરીને બદલે ભૂલથી 1 જાન્યુઆરી છપાઈ છે. ક્ષમસ્વ.



ઊડશું જીવનમાં જોડાજોડ, પાંખો જેવી પતંગની

☐ ડો. રાજશેખર બ્રહ્મભટ્ટ

''સર, ડો. કામદાર સાહેબનો ડ્રાઈવર આવ્યો છે.''

ડો. વાડીલાલ કામદાર પારલાનું મોટું નામ સાહિત્ય-વિજ્ઞાન-કલા અને વાણીજ્યનો સંગમ!

મારા બીજા દવાખાના 'મયુરેશ ક્લિનિક'નું ઉદ્‌ઘાટન 1976ના ઓગસ્ટમાં તેમના હાથે થયું હતું. મેં કહ્યું-

''અંદર મોકલ.''

ડ્રાઈવર કહે, ''ડોક્ટરસાહેબ તમને બોલાવે છે.''

મેં પૂછ્યું- ''ક્યાં છે?''

''મોટરમાં, બહાર કંપાઉન્ડમાં.''

તરત જ સ્ટેથોસ્કોપ ટેબલ પર મૂકી બહાર ગયો. જોઉં તો કામદારકાકા કંઈક વાંચી રહ્યા હતા. કહે, “જો સમય હોય તો સરસ ઓળખાણ કરાવવી છે.''

મેં કહ્યું, ''પાંચેક મિનિટ આપો, એક પેશન્ટને તપાસીને આવું છું.''

પછી ગાડી કંપાઉન્ડમાં મૂકી. ડાબી બાજુ જઈ, સામેની ફૂટપાથ પર એક મકાન છોડીને 'આનંદ સોસાયટી.' નાનકડા દરવાજામાંથી અંદર જવાય. બીજો દરવાજો એસ.વી.રોડ પર ખૂલે.

લિફ્ટમાં સી બ્લોકના બીજે માળે પહોંચ્યા. 222 નંબરનો બ્લોક. સામે જ જાળીવાળો દરવાજો. બેલ માર્યો. બાઈ આવી. બેસવા કહી ગઈ. જમણી બાજુ અંગ્રેજી એલ આકારમાં બેસવાનો સોફા. વચ્ચે નાનકડી ટિપાઈ. ડાબીબાજુ લગભગ 10x7નો ભીંત પર પુસ્તકોનો ઘોડો. એકાદ બે નાનકડાં ચિત્રો. સામે બારી અને બાજુમાં બારીને અડીને ડાઈનિંગ-કમ રાઈટિંગ ટેબલ. અંદર નાનકડું રસોડું અને શયનખંડ. નાનકડું ગોકુળ-વૃંદાવન!

ત્યાં તો અંદરની રૂમમાંથી જેને હું 'ટાવરિંગ પર્સનાલિટી' કહું એવી વ્યક્તિ બહાર આવી. આભને પહોંચે તેવી ઊંચાઈ! સફેદ કુરતો અને લેંઘો. લાંબા, સિંહની કેશવાળી જેવા વાળ અને પ્રસન્નમુદ્રા - મકરન્દભાઈ સાથેનો મારો આ પહેલો પરિચય.

દર્શન સાથે જ ભાવવિભોર થઈ જવાય. અજાણ્યે જ મસ્તક નીચું નમી વંદન કરે.

પાછળ કોટનની મરૂન સાડી, કપાળમાં સૂરજ જેવો લાલ ચાંદલો, મૃદુ પગલાં... જોતાંની સાથે જ મારું મન 1962-63ની સાલમાં પહોંચી ગયું. તે વખતે 'નવનીત'ની ઓફિસમાં જોયાં હતાં તેવાં જ કુન્દનિકાબહેન.

ડો. કામદારે મારી ઓળખાણ કરાવી, ''કુન્દનિકાબહેન અને મકરન્દભાઈ.''

મને તો ગુલાલ મળી ગયો. વગર હોળીએ ગુલાલમાં હું રંગાઈ ગયો!!

ત્યારે જ મકરન્દ દવે અને કુન્દનિકાબહેન જીવનસાથી છે તેનો ખ્યાલ આવ્યો!

એકની અટક દવે હોય અને બીજાંની કાપડીઆ- એ જુનવાણી જમાનામાં આવા ખૂબ ઓછા દાખલા મળે.

''આ છે ડો. રાજશેખર. તમારી સામે જ તેમનું દવાખાનું છે. પતિપત્ની બંને ડોક્ટર છે. કંઈ પણ કામ હોય તો વગર સંકોચે બોલાવી લેજો.''

કામદારકાકાએ એક સરસ સજાવેલી ભેટ મકરન્દભાઈના હાથમાં મૂકી.

“ઘણા વખતથી આપવાની રહી જતી હતી. ગયા અઠવાડિયે ડોક્ટરના દવાખાનાનું ઉદ્‌ઘાટન કર્યું, ત્યારે તમારું મકાન જોયું ને યાદ આવ્યું.''

મકરન્દભાઈએ ધીરેથી રીબન ખોલી અને અંદર જોયું તો...

'દીવાન-એ-ગાલિબ' - એક બાજુ હિંદીમાં અને બીજી બાજુમાં ઉર્દૂમાં સોનેરી કેલિગ્રાફીમાં લખેલું અલભ્ય પુસ્તક.

મારું મન પહોંચ્યું 1963-64ની સાલમાં. 'નવીનીત કાર્યાલય', તારદેવ સર્કલ, બીજે માળે. હું કે. સી. કોલેજમાં ભણું. જહાંગીર, કેમોલ્ડ, તાજ, પંડોળે આર્ટગેલેરીઓમાં આંટા મારું, થોડાંક રેખાંકનો 100 પાનાંની કોરી નોટમાં દોરેલાં. બંદાને થયું છપાવવાં જોઈએ. 'નવનીત'માં વરસોથી લેખ સાથે નાનકડાં રેખાંકનો આવતાં. ક્યાંક લાઈબ્રેરીમાં 'નવનીત' વાંચી, તેમાંથી એડ્રેસ લઈ, વગર અપોઈન્ટમેન્ટે તંત્રીને મળવા પહોંચ્યો. તંત્રી આપણાં કુન્દનિકાબહેન.

કામમાંથી નવકરાશ મળતાં કુન્દનિકાબહેને મને બોલાવ્યો. મારાં રેખાંકનાં જોયાં. ''સારું દોરો છો, પણ હજુ વધારે મહેનત કરો, કંઈક નવું, અલગ, જૂદું જ વિચારી કલ્પનાથી ચિત્રો દોરો.'' કહી મારી નોટ પાછી આપી!

વરસો પછી મારી વાર્તા 'ટાળ્યા તે કોઈના નવ ટળે' નવનીતમાં છાપી.

તે દિવસે છૂટાં પડ્યાં તે આજે કુન્દનિકાબહેન આ રીતે મળ્યાં.

ત્યારબાદ મને જાણે સોનાની ખાણ મળી ગઈ. ભાવતું હતું અને વૈદે કહ્યું. દવાખાને પહોંચવા પહેલાં અઠવાડિયામાં 3 થી 4 વાર બેઠક, ગોષ્ઠી, ગોઠડી, સત્સંગ લગભગ દોઢેક દાયકો ચાલ્યો. જુદાંજુદાં ક્ષેત્રોની એવી એવી સુંદર વ્યક્તિઓને તેમના ઘરે મળ્યો, તેની નામાવલી બનાવું તો ચારેક પાનાં સહેજે ભરાય!

શરૂઆતમાં કુન્દનિકાબહેન અને પાછળનાં વરસોમાં મકરન્દભાઈની તબિયત નરમ ગરમ રહેતી. એટલે બેગ લઈને વિઝિટે પહોંચું. ત્યારે હું ફેમિલી પ્રેક્ટિશનર હતો.

એક દિવસ તેમની બાઈ સાથે કુન્દનિકાબહેને ચિઠ્ઠી મોકલાવેલી. તે જમાનામાં મારી અને તેમની પાસે ફોન નહોતો. 'સાંજે પહેલાં ઘરે આવજો. એક નિસર્ગપ્રેમી ડોક્ટર આવવાના છે. આવશો તો ગમશે.'

તેમની બાઈ મેં શોધીને આપેલી! બાઈ મને હંમેશાં મરાઠીમાં કહે. તમે મને શેઠ નહીં પણ દેવ જેવા માણસોનું કામ અપાવ્યું છે. મારી અને મારી દીકરીની ખૂબ જ કાળજી કરે છે. તેને કુન્દનિકાબહેન કે મકરન્દભાઈ કોણ છે તેની કોઈ જ જાણ નહોતી!

આ બેલડીની આજ તો ખૂબી. કોઈ પણ વ્યક્તિને પોતાની બનાવી લે. સામાન્ય વ્યક્તિ સાથે પણ સહજતાથી સ્વાર્થ વિના સંબંધ બાંધે.

કુન્દનિકાબહેનને લખતાં જોવાં તે એક લાહવો. શાંત ચિત્તે, વિચારશીલ મુદ્રામાં બારી પાસે બેઠાં હોય. બે ત્રણ પુસ્તકો. સાથે નાની નાની ચબરખીઓ અને ફાઈલ. લેખ અવતર્યા પછી જ

ઊઠે. ત્યાં સુધી બને ત્યાં લગી મૌન.

તેમનું ઘર હંમેશાં સ્વચ્છ, સુઘડ, સાદગીપૂર્ણ. જમવાનું અને નાસ્તો પણ સાત્ત્વિક. એક આશ્રમ જેવાં સ્પંદનો અનુભવાય.

સાંજે તેમના ઘરે પહોંચ્યો. કુન્દનિકાબહેન સફેદ પંજાબી સલવાર કુર્તામાં. તેમને આછા રંગના પંજાબી ડ્રેસ ખૂબ જ ગમતા.

ડોક્ટર બોરીવલીથી આવેલા. મૃદુ - ચશ્મા પહેરેલા - ખૂબ વાંચન કર્યું હશે. (પહેલાના જમાનામાં લોકો માનતા.) માંડ બે શબ્દો બોલે.

તે નિસર્ગપ્રેમી ડો. પ્રદીપ સંઘવી. ત્યારબાદ પ્રદીપ, પ્રકાશ વોરા સાથે અજાણ્યાં સ્થળોએ, જંગલો, ધોધ, તારલા, લીલીનાં વનો વગેરે જોવા નીકળી પડ્યા. કોકણ કિનારે ખૂબ રખડ્યા અને કુદરતને માણી. પ્રદીપ મારા મિત્રમાંથી મારો વેવાઈ પણ બન્યો તે નફામાં!

કુન્દનિકાબહેન પ્રકૃતિપ્રેમી અને મકરન્દભાઈ માણસભૂખ્યા, ડાયરાના માણસ.

તેમનાં લગ્નજીવનને ખૂબ જ નજીકથી જોયું છે. તેમના સુખી દાંપત્યજીવનની નાની, નાની થોડી અંગત વાતો.

સવારથી સાંજ સુધી બન્ને સર્જનાત્મક રમત રમતાં. હવામાંય આનંદયજ્ઞ કરતાં. આનંદ સોસાયટીમાં એમનું હોવું એ રીતે સાર્થક હતું.

ક્યારેક આખો દિવસ મૌનથી ફક્ત ઇશારા અને સંકેત વડે એકબીજા સાથે સંવાદ રચતાં.

ક્યારેક રમતનો એવો નિયમ કે આખાય દિવસ દરમિયાન એકપણ અંગ્રેજી શબ્દ નહીં વાપરવો. જેમ કે 'ટેબલ' માટે મેજ શબ્દ.

ક્યારેક એક શબ્દનો પર્યાય શબ્દ બોલીને જ જવાબ આપવાનો!

ક્યારેક કવિતા, શ્લોકોની પંક્તિઓનો સંદર્ભ લઈ કોઈક ગંભીર વિષય પર વાત કરતાં. હા, ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, બંગાળી કે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવાની છૂટ!

કંઈક ખોટું થયું હોય તો ચલાવી ન લે. ખૂબ જ સહજતાથી, મક્કમતાથી, લગીરે ગુસ્સો પ્રગટ કર્યા વિના, સામી વ્યક્તિને ખોટું ન લાગે તે રીત ખૂબ જ નમ્રતાથી પોતાની વાત બેધડક કહેતાં. એ કહેતાં વ્યથા પણ અનુભવતાં.

આમ સામી વ્યક્તિના સન્માનનું ધ્યાન રાખી કાર્યક્રમોમાં ભાગ લેવાનું ટાળતાં. પણ બંને જણાં અંગત મિત્રો સાથે ખીલતાં.

આરે કોલોનીમાં એક નાનકડી તલાવડી. વહેલી સવારે ડો. મનુ કોઠારી, ડો. જ્યોતીબહેન, ડો. જયંત દોશી, ડો. કોટીચા, હું, મારી પત્ની ડો. સ્મિતા અને ગોરેગામ Cibaના કેમ્પસમાંથી ડો. અશોક વૈદ્ય - ડો. રમાબહેન, ડો. અરુણ ભટ્ટ - ડો. મીનુબહેન ભેગાં થતાં.

ઊગતા સૂર્યદેવનું મૌનથી સ્વાગત.

દર્શન. ત્યારબાદ સાથે લાવેલો નાસ્તો અને નાસ્તામાં સૌથી વધારો આકર્ષણ સાહિત્ય, સંગીત, કલા, નિસર્ગ, તારાઓ, વેદ, પુરાણો અને વિજ્ઞાનના વિચારો. વાતો અને ચર્ચાઓથી વન ગજવતાં.

કુન્દનિકાબહેન નાનાં નાનાં પક્ષીઓનો, વૃદ્ધોનો, ફૂલોનો આત્મીયતાથી પરિચય આપતાં તે વખતે તેમના ખીલેલા ચહેરાને જોવાનો અનેરો આનંદ.

કાન્તાબહેન મહેતા અમારી ટોળકીમાં પાછળથી ઉમેરાયાં. કાન્તાબહેન જેવી પ્રસન્ન, સૌમ્ય વ્યક્તિ ક્યારેય જોઈ નથી. કુન્દનિકાબહેન અને મકરન્દભાઈના કુટુંબમાં દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયેલાં. તેમની પાસે કળા વિશેનું ખૂબ જ ઊંડું જ્ઞાન, તેનો લાભ અવારનવાર મળતો.

કુન્દનિકાબહેનને ક્યારેય સોનાચાંદીનાં ઘરેણાં પર આકર્ષાતાં જોયાં નથી. ભરપૂર સાદગી. નામમાં જ કુન્દન હોય કે સોનાને શું કરે?

એક દિવસ સાંજે તેમના ઘરે પહોંચ્યો. કુન્દનિકાબહેન કહે, ''શેખરભાઈ, આજે બપોરે ઘરે કોણ આવ્યું હશે?''

તેમના ઘરે આવતી જાણીતી વ્યક્તિઓનાં નામો ગણાવ્યાં. કહે, “ના છેલ્લો ચાન્સ, સાચો જવાબ મળે તો ઇનામ!''

મકરન્દભાઈ ખૂણામાંથી ઇશારો કરે પણ મને સમજ ના પડે. મેં હાર સ્વીકારી.

કહે, ''આજે બારીમાં અચાનક પોપટ આવીને બેઠો હતો.''

મેં કહ્યું ''ખોટું! તમારી 'સાત પગલાં આકાશમાં' દર રવિવારે 'જન્મભૂમિ પ્રવાસી'માં છપાય છે. તે વાંચીને કોઈ પોપટ તો આવવાની હિંમત જ ન કરે. જરૂર કોઈ પોપટી તમને અભિનંદન આપવા આવી હશે.''

ત્રણેય જણ ખડખડાટ હસી પડ્યાં.

'સાત પગલાં આકાશ'માં ગુજરાતી સાહિત્યની એક ઘટના. સિમાચિહ્ન નવલકથા. ત્યારે પ્રસંગો, પાત્રો પર ચર્ચા વિચારણા કરવા અઠવાડિયે બે ત્રણ વાર મળતાં. આ વાતનો ઋણસ્વીકાર એમણે એની પ્રસ્તાવનામાં કર્યો છે. કથા પરથી ટી.વી. ધારાવાહિક સુશીલાબહેને કરી, અંગ્રેજીમાં અનુવાદ થયો અને સાહિત્ય એકેડેમીનો પુરસ્કાર પણ મળ્યો એ વાત સર્વવિદિત છે.

'સાત પગલાં આકાશમાં' વાંચી કોઈને થાય કે લેખિકા એક નારીસ્વાતંત્ર્યની ચળવળ ચલાવનાર કોઈ ઝંડાધારી સ્ત્રી હશે.

ના.

સાવ ઊલટું.

અંદરની વાત કરું તો મકરન્દભાઈની ખૂબ જ કાળજી લે. મકરન્દભાઈ મેં કહ્યું તેમ માણસપ્રેમી, વાતોમાં ખોવાઈ જાય ને તબિયતનું ધ્યાન ન રહે, કુંદનબહેન તેમની ફરતે કવચ થઈને ફરે. ખૂબ જ નમ્રતાથી આરામ કરવાનું ફરમાન કરે.

તો બીજી બાજુ કુન્દનિકાબહેનને

શ્વાસની તકલીફ અવારનવાર રહે. ઘરગથ્થુ ઉપચારથી સારું ન થાય, આખી રાત શ્વાસ ચઢ્યો હોય.

મકરન્દભાઈની ચબરખી સાથે બાઈ આવે "શેખરભાઈ, આવીને કોર્ટિઝોનનાં રામબાણ આપો." આયુર્વેદમાં સંપૂર્ણ શ્રદ્ધા હોવા છતાં કેવી સુંદર લવચિકતા.

બન્ને, પતંગિયાની બે પાંખો. વિવેક, સાદગી, સમજણ, સન્માન, મિત્રભાવે એકબીજાના વિચારોને સમજે, સ્વીકારે. એકબીજાનો 'સ્નેહાધિકાર' માણે, 'સપ્તપદી'ના પ્રસન્ન દાંપત્ય માટે એકબીજાને કહે છે: 'આપણે જીવનભર મિત્રો બની રહીશું એકમેકના.'

ખૂબ જ સુખી દાંપત્યજીવન.

હું હંમેશાં કહું જીવન Competitive (સ્પર્ધાત્મક) નહીં પણ

Complementary (પૂરક) હોવું જોઈએ.

યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયી જેવું.

નંદિગ્રામ, એક સ્વપ્નું સાકાર થતું જોયું છે. મહાનગરીથી છૂટવું અને ઋષિ કક્ષાનો આશ્રમ સ્થાપવા એ કંઈ નાનીસૂની વાત નથી. તેના પાયાના વિચારોમાં દિવસોના દિવસો વિતાવ્યા છે. ન્યૂ યોર્કથી ભાઈ કાર્તિક ત્રિવેદી આવે. તેને વિઝન આવે, નંદિગ્રામ કેવું હશે.

આખરે એ વિદાયવેળા આવી.

કુન્દનિકાબહેને યુરોપની યાત્રામાંથી લાવેલું એક ૫' x ૫'નું કાસ્ટ આયર્નનું મોઝેઇક આપ્યું. ઘુવડનું શિલ્પ કહી શકાય. ઘુવડ એ લક્ષ્મીનું વાહન અને ખૂબ જ વિચારક પંખી.

ત્યારબાદ ત્રણેક વખત નંદિગ્રામ જવાનું થયું. ડો. પ્રદીપ સંઘવી - પ્રકાશ વોરા, લંડનથી આવેલા મિત્રો ડો. જયશ્રી - રજની શાહ અને ડો. હેમંતી વિઠલાણી સાથે.

બે એક વર્ષ પહેલાં ડો. સેજલને ત્યાં તેના ગૃહપ્રવેશ વખતે, છેલ્લે કુન્દનિકાબહેનને મળ્યો. નિરંજન રાજ્યગુરુ અને મિત્રોએ મકરન્દભાઈનાં ગીતો ગાયાં. કુન્દનિકાબહેને તેનો રસાસ્વાદ કરાવ્યો. તેમના અંગત મિત્રો ડો. શાંતિભાઈ શાહ અને મંજુબહેનને પણ મળ્યો.

ડો. મીનુ ભટ્ટ અને ડો. અરુણ ભટ્ટ મારી અને કુન્દનિકાબહેન વચ્ચે સંવાદસેતુ - નિસર્ગદૂત.

કુન્દનિકાબહેન આજે આપણી વચ્ચે નશ્વરદેહે નથી. પણ અક્ષરદેહે સદાય રહેશે. ❑❑❑

'અઘ' એટલે અઘટિત, થવા યોગ્ય નથી તે. આપણે પરમ ઋતથી, ચ્યુત થયા છીએ એ જ પાપ, એ જ અપરાધ. પણ એવું નથી કે પાછું જઈ ન શકાય. જે પડી જાય તે પાછું ઊભું જ ન થઈ શકે? ફરી ચાલી જ ન શકે? એને દંડ જ પ્રાપ્ત થશે? ના. જો બાળક કરુણામયીને પુકાર કરશે તો મા તેને ઊંચે લઈ જશે.

- મકરન્દ દવે

ભારતીય લેખનની પ્રાચીનકલા ભાગ-૨

□ પૂર્વી મોદી મલકાણ

ભારતીય લેખનની પ્રાચીન કલામાં આપણે આગળ જોયું કે પર્ણપત્રોનો ઉપયોગ લિપિઓ લખવા માટે થતો હતો. પર્ણ પછી માનવજાતિએ પોતાના મનોભાવોને, વિચારોને અને સંસ્કૃતિને રજૂ કરવા પથ્થરનો, કોડીનો, શંખનો ઉપયોગ શરૂ કરેલો. આજ કારણસર અમેરિકાના નેટિવ ઇન્ડિયનો અને માયન સંસ્કૃતિને રજૂ કરતાં અનેક ચિત્રો ગુફાઓમાં સચવાયેલાં છે. આપણે ત્યાં અજંતા-ઇલોરાની ગુફાઓ એક આવી જ સંસ્કૃતિને રજૂ કરે છે, પણ જ્યારથી અક્ષરોયુક્ત લિપિઓ અસ્તિત્વમાં આવી ત્યારથી તેઓ આ લિપિઓ તરફ વળી ગયા અને તે સાથે પથ્થર, કોડી અને શંખ ઉપરનો ચિત્રયુગ પૂરો થયો. આજ વસ્તુઓ ઉપર તેઓ લિપિઓ અંકિત કરવા લાગ્યા. ઇતિહાસ કહે છે કે જેમ જેમ માનવજાતિ વિકાસ કરતી ગઈ તેમ તેમ તેઓ હાથીદાંત, પ્રાણીઓનાં ચામડાં, કાષ્ઠ, તામ્ર, હેમ, ચાંદી, કાપડ, કાગળ વગેરે ઉપર લિપિયુક્ત ભાવોને રજૂ કરવા લાગ્યા.

પાષાણલેખ:- પ્રાચીન જીવન સંસ્કૃતિને ચિરકાલીન બનાવવા માટે પ્રાચીન સમયના લોકો પાષાણલેખનું નિર્માણ કરતા હતા. ગુફાઓમાં રહેનારા આદિમાનવો ગુફાઓની દીવાલો ઉપર ચિત્ર દોરતા હતા અને તે રીતે પોતાની સંસ્કૃતિનો ઇતિહાસ બદલાતા યુગને આપી જતા હતા. આ આદિમાનવો






ગુફાઓમાંથી મળેલું ચિત્ર અને લખાણ

પછી આવેલ સુસભ્ય માનવ સમાજ લિપિઓ અને સંજ્ઞાઓ રૂપે પોતાની સંસ્કૃતિનું ચિત્રણ કરતા હતા. આજે પણ વિશ્વમાં ઇન્કા સંસ્કૃતિ, માયા સંસ્કૃતિ, સિંધ સંસ્કૃતિ વગેરે એવી સંસ્કૃતિઓ છે જેઓ પાષાણ સંસ્કૃતિને રજૂ કરે છે. પાષાણનો ઇતિહાસ કહે છે કે ઈ. સ. ૧૯૬ વર્ષ પૂર્વે પ્રાચીન ઇજિપ્તવાસીઓએ રોસેટ્ટા નામના સ્ટોનમાં અનેક લિપિસંજ્ઞાઓનો ઉપયોગ કર્યો હતો, અને આ જ લિપિસંજ્ઞાઓને કારણે ઇજિપ્તની ભાષા શૈલીને વિવિધ અક્ષરો મળેલા. વિશ્વમાં રહેલ પાષાણ સંસ્કૃતિઓમાં આપણું ભારત પણ એક છે, જેમાં સૌથી મોટો ફાળો મૌર્ય અને ગુપ્ત સામ્રાજ્યનો રહેલ છે. આજે પણ આપણે ત્યાં શિલાસ્તંભો, શિલાખંડો, પ્રતિમાઓ, પ્રતિમા ચૌકી, મંજૂષાઓ, પાત્રોનાં ઢાંકણ, મંદિરો, સ્તંભમાળાઓ, દીપમાલાઓ, કૂવાઓના પથ્થરો પર, વાવોનાં પગથિયાં, પાળિયાઓ ઉપર અંકિત કરેલી લિપિઓ મળી આવે છે.

કાષ્ઠફલક:- એક સમયે કાષ્ઠફલકનો ઉપયોગ મોટાભાગે દક્ષિણભારતની લિપિશાળાઓમાં થતો હતો પણ કાષ્ઠફલક માટેની રીત ભગવાન બુદ્ધના સમયમાં બહાર આવેલી. કુમાર સિદ્ધાર્થ પોતાની રાજકુમારી યશોધરાને પોતાના પ્રેમનો સંદેશો કાષ્ઠમાંથી બનાવેલ શલાકા દ્વારા મોકલતા હતા. આ શલાકાઓ પર લખવા માટે કુદરતી કંદોમાંથી કાઢેલ રસનો ઉપયોગ લહી (ઇન્ક) તરીકે થતો હતો. આજ કારણસર બૌદ્ધ ભિક્ષુઓ નિષ્ક્રમણ દરમ્યાન વાંસની કાષ્ઠ શલાકાનો ઉપયોગ કરતા હતા. ઇતિહાસમાં કહ્યું છે કે કાષ્ઠ ઉપર ખાસ કરીને પાંડુલિપિને વધુ અંકિત કરાતી હતી. આપણે ત્યાં પૂર્વીય ભારતના ઇતિહાસમાં કાષ્ઠ ઉપર બ્રાહ્મીભાષામાં કોતરાયેલ અનેક દંતકથાઓ અને શિલાલેખો મળી આવ્યાં છે.

ચર્મ-ચામડું:- બિયાસ નદીના કિનારેથી આઠમી સદી ઈસવી પૂર્વેના મળેલા અમુક અભિલેખોમાં સૌ પ્રથમ ચર્મલેખનો ઉલ્લેખ કરાયો હતો તક્ષશિલામાં (આજે પાકિસ્તાનમાં) રહેલા બૌદ્ધ ગ્રંથોમાં પણ આ બાબતનો ઉલ્લેખ કરાયો છે. પરંતુ ઇન્ડસ સંસ્કૃતિમાં ચર્મલેખ અંગેના કોઈ પુરાવાઓ મળેલા નથી. ઇતિહાસકારો કહે છે કે રાજા







ટેરાકોટા લખાણ - ૨૦૧૮ માં તક્ષશિલા મ્યુઝિયમમાંથી મેળવેલો ફોટો

શતવાહનના સમયના કેટલાક અભિલેખો મળી આવ્યા છે જેમાં "પટિકા" શબ્દનો ઉલ્લેખ કરાયેલો છે. આ શબ્દ વિષે ઇતિહાસકારોના બે મત છે. એક મત અનુસાર આ શબ્દ "ચર્મલેખ" માટે તો બીજો મત "કપડાના લેખ" માટે કરાયો છે.

પાકી ગયેલી માટી:- પાકી ગયેલી માટી એટલે કે ઈંટ. ઉત્તરપ્રદેશમાં ઉત્ખનન કરતાં જે ઈંટો, માટીના ઘડાઓ, કુંજાઓ વગેરે મળી આવ્યાં જેના ઉપર બૌદ્ધ ધારણીનાં સૂત્રો અને સંજ્ઞાઓ અંકિત કરાયેલ હતાં. જ્યારે બિહારના કેટલાક પ્રાંતોમાં મૌર્ય, ગુપ્ત, ચૌલુક્યસંસ્કૃતિને દર્શાવતી અનેક ઈંટો અને મુદ્રાઓ અંકિત કરાયેલી મળી આવી છે. પ્રસિદ્ધ ઇતિહાસકાર ડો. માઈકલ વૂડે જ્યારે "ઇન્ડિયા" ઉપરની પોતાની સીરિઝ બનાવી ત્યારે તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે અફઘાનિસ્તાનમાંથી ઉત્ખનન દરમ્યાન મળેલી ઈંટોમાં એક સમયના ઉત્કૃષ્ઠ ભારતીય સમાજની ઉજ્જવળ છાયાનું દર્શન થતું હતું. પણ વિશ્વનું એ કમનસીબ છે કે એ મહાન ભારતીય સંસ્કૃતિના વારસાને અફઘાની પ્રજાએ પૂર્ણ રીતે ખંડિત કરી નાખેલ છે.

હાથીદાંત, શંખ, કોડી અને ઈંડાં:- ભારતીય સંસ્કૃતિ પર વધુ રિસર્ચ કરતાં ડો. વૂડે જણાવ્યું કે કમ્બોડિયા, બાલી, ઇન્ડોનેશિયા, શ્રીલંકા, થાઈલેન્ડમાંથી ભારતીય સંસ્કૃતિને દર્શાવતા અનેક હાથીદાંત મળી આવ્યા છે જેમના પર સંસ્કૃત ભાષામાં શબ્દો અંકિત કરાયેલા છે. આપણે ત્યાં આંધ્રપ્રદેશ,




પાકી ગયેલ માટી પર કરાયેલ ચિત્રકારી ઇતિહાસ



હાથીદાંત ઉપર કરાયેલ સંજ્ઞા


કર્ણાટકમાંથી હાથીદાંત ઉપર લખાયેલ લેખોની પ્રાપ્તિ થઈ છે, જ્યારે ગુજરાત, રામેશ્વરમ અને કેરળમાંથી શંખ-કોડી ઉપર ઉત્કીર્ણ કરાયેલા લેખોની પ્રાપ્તિ થઈ છે. તેજ રીતે ઇજિપ્તમાંથી મળેલાં ૫૦૦ વર્ષ જૂનાં ઓસ્ટ્રિચ પક્ષીનાં ઈંડાનાં



શાહમૃગ પક્ષીનાં ઈંડા પર થયેલ લખાણ

કોચલાં પર અરેબિક ભાષાને પ્રકાશિત કરવામાં આવી છે.

કચ્છપ લિપિ:- વિશ્વમાં સમુદ્રી કાચબાના ખોલ ઉપર પણ લખાયેલ લિપિઓ મળી આવી છે. આર્કિયોલોજિસ્ટનું કહેવું છે કે એક સમયે જે સંસ્કૃતિ દરિયાની નજીક રહેતી હશે તે સંસ્કૃતિઓને માટે




કાચબાની ઢાલ પર થયેલ લેખન

દરિયાઈ કાચબો સરળતાથી ઉપલબ્ધ થતો હતો તેથી તેઓએ કાચબાને પસંદ કર્યો હશે. આર્કિયોલોજિસ્ટોની આ વાતને સમજીએ તો ખ્યાલ આવે છે કે કાચબાની ઢાલ પણ મજબૂતીનું એક પ્રતીક ગણાય છે. આજ કારણસર

આપણે ત્યાં રાજા-મહારાજાઓ ભાલા-તલવાર સાથે ઢાલ રાખતા જેથી કરીને કોઈપણ હથિયારનો ઘા ઘાતક ન બને. હોઈ શકે કે કાચબાની મજબૂત ઢાલ ઉપર અંકાયેલી આ લિપિઓને આ જ કારણસર અંકિત કરવામાં આવી હોય. એક માન્યતા અનુસાર આપણે ત્યાં ગુજરાતના દ્વારકામાં ઉત્ખનન કરતાં સમુદ્રી કાચબાના ખોલ ઉપર લખાયેલ લિપિઓ મળી આવી છે, પરંતુ ઈતિહાસકાર શ્રી નરોત્તમભાઈ પલાણ આ વાતને સમર્થન નથી આપતા.

ધાતુ:- ધાતુઓની લેખન સામગ્રીના રૂપમાં તાંબાનો ઉપયોગ સર્વાધિક થયો છે. ચીની યાત્રી ફાહ્યાને લખ્યું છે કે ભારતના બૌદ્ધ સંઘોમાં તામ્રપત્રનો સૌથી વધુ ઉપયોગ થતો હતો. હ્યુ એન સાંગે પોતાના પુસ્તકમાં જણાવ્યું છે કે મહારાજ કનિષ્કે ભગવાન બુદ્ધનાં સૂત્રોને તામ્રપત્રમાં અંકિત કરીને અમર કરી દીધા. ઈતિહાસકાર રાજેશ પુરોહિત કહે છે કે મૌર્ય કાળમાં રાજઆજ્ઞાઓ તામ્રપત્ર પર કોતરવામાં આવતી હતી. દક્ષિણ ભારતમાંથી મળેલાં અમુક તામ્રપત્ર પર નાગરી અને ગુરુમુખીમાં લખાયેલી સાહિત્યિક કૃતિઓ મળી આવેલી છે. ઝવેરચંદ મેઘાણી લિખિત સૌરાષ્ટ્રની રસધારમાં પણ તામ્રપત્ર ઉપર સંદેશાઓનો ઉલ્લેખ કરાયો છે. તે જ રીતે વિજયનગરના ઈતિહાસમાં તામ્રપટ્ટાઓનો ઉપયોગ થયેલો જોવા






તામ્રપત્ર અને સુવર્ણપત્ર પર કરાયેલ લખાણ

મળે છે, અને આજ સમય દરમ્યાન બાદશાહ અકબરે પણ રજપૂતાનાને સોનાપત્ર ઉપર સંદેશાઓ મોકલ્યા હતા. આજે એક સમયના અખંડ ભારતની ભૂમિ ગણાતા તક્ષશિલાના ઈતિહાસમાં સોનાપત્ર અને ચાંદીપત્ર ઉપર લિપિઓ મળી હોવાના પુરાવાઓ મળ્યા છે. જેના ઉપર ખરોષ્ઠી લિપિ અંકિત થયેલી છે. જ્યારે હડપ્પામાંથી (પાકિસ્તાન) ઉત્ખનન દરમ્યાન સોનાપત્ર ઉપર લખાયેલ ભગવાન બુદ્ધના જીવનકાળનો ઉલ્લેખ મળી આવ્યો છે. આ સોનાપત્ર હાલમાં લાહોર મ્યુઝિયમમાં સચવાયેલ છે, એજ રીતે ઈસ્લામાબાદ પાસે આવેલ સૈદપુરમાંથી જૈન સંસ્કૃતિને

ઉજાગર કરતાં કેટલાંક તામ્રપત્ર મળી આવ્યાં છે જેના ઉપર (તાંબાના બનેલાં પાંદડાંઓમાં) જૈન ઇતિહાસ કોતરાયેલ છે. આ પ્રમાણે પેશાવરમાંથી પણ કાંસા અને લોઢાની બનાવેલી લિપિઓ, સંજ્ઞાઓ, અક્ષરો અંકિત કરાયેલ પત્રો, મૂર્તિઓ, મુદ્રાઓ, અલંકારો વગેરે મળી આવ્યાં છે.

રેશમી અને સુતરાઉ કાપડ:- આપણા દેશનો ઘણો ખરો ઇતિહાસ એ કાપડ ઉપર ઊતરેલો છે. કાપડનો ઇતિહાસ કહે છે કે મધ્યપૂર્વમાં રહેલા લોકોએ પ્રથમવાર કાપડની શોધ કરી ત્યારે પથ્થરયુગ ચાલતો હતો. આ સમયમાં કાપડનો કાપડ રૂપે નહીં બલ્કે રેસાઓ રૂપે ઉપયોગ થતો હતો. ઇતિહાસકારોના બે મત છે. એક મત કહે છે કે એક લાખ વર્ષથી માનવો કાપડનો ઉપયોગ કરે છે, જ્યારે બીજો મત પાંચ લાખ વર્ષને લઈને બેઠો છે. વોશિંગ્ટન ડી.સીનાં ટેક્સટાઇલ્સ મ્યુઝિયમમાં લિપિયુક્ત ભારતીય કાપડનો એક નમૂનો મૂકવામાં આવ્યો છે જેનો ઇતિહાસ બાર લાખ વર્ષ જૂનો છે. મધ્યપૂર્વના દેશોના ઇતિહાસમાંથી ઊનની ગૂંથણી ઉપર લિપિઓ અંકિત કરાયેલ હોવાના પુરાવાઓ મળ્યા છે. ૧૨મી સદીના પ્રારંભમાં ચાઇનીઝ સ્ત્રીઓ રેશમી પડદાઓ ઉપર પેઇન્ટિંગ કરી પોતાના મનોભાવોને વ્યક્ત કરતી હતી, તો આપણે ત્યાં ૧૬મી સદીમાં આચાર્યચરણ વિઠ્ઠલનાથજી દ્વારા પુષ્ટિમાર્ગના આખા ઇતિહાસને પિછવાઈમાં સંજ્ઞાલિપિ દ્વારા ચિત્રિત કરવામાં આવ્યો છે. આ સમય એવો હતો જ્યારે પિછવાઈ તરીકે પ્રથમવાર સુતરાઉ અને રેશમી કાપડનોય ઉપયોગ શરૂ થયો.

કાગળ:- કાગળની શોધ અંગે ત્રણ મત રહેલા છે. પ્રથમ મત અનુસાર પ્રાચીન ઇજિપ્તવાસીઓએ ઈ. સ.



ઘેરબેઠાં ‘નવનીત સમર્પણ’ મેળવવા ઘેરબેઠાં લવાજમ પણ ભરો

ઓનલાઈન લવાજમ ભરવાની એકદમ આસાન સેવાનો લાભ લેવા...

જસ્ટ ક્લિક:

http://www.bhavans.info/periodical/pay_online.asp

http://www.navneetsamarpan.com

રવાનગી વિભાગ : 23530916-23514466



ચામડાનાં પાનાં પર લખાયેલ સંજ્ઞા
(મક્કાનાં આર્કિયોલોજિસ્ટ ડૉ. હુસૈન અબ્લૂલી પાસેથી મેળવેલ)


૪૦૦૦ વર્ષ પૂર્વે કાગળ જેવા પદાર્થની શોધ કરી હતી જેને આ પેપીરસ તરીકે ઓળખવામાં આવ્યો અને તે ગૂંથેલી સાદડી જેવો હતો. ઇતિહાસકારો કહે છે કે ઇજિપ્તવાસીઓ મધ્યપૂર્વેના દેશો પાસેથી અથવા અરેબિયાના દેશો પાસેથી ગૂંથવાની પ્રક્રિયા શીખ્યા હશે. વિદ્વાનોનું એક જૂથ માને છે કે આ જ સાદડીને કાપડ સમાન અને તેથીયે વધુ પાતળી વણી લઈ તેને પપ્યિકા નામ અપાયું. "હીરાટીક" નામના બ્રિટિશ ગ્રંથમાં કહ્યું છે કે "એડવિન સ્મિથ" નામના સર્જને ઈ. સ. ૧૬મી સદી પૂર્વે પેપીરસનો ઉપયોગ કરી તેમાં માનવ શરીર, શરીરના વિવિધ ભાગો અને તબીબી સારવાર વિષે વર્ણન કરેલું હતું. કાગળનો બીજો ઇતિહાસ કહે છે કે પ્રાચીન ગ્રીક લોકો પ્રાણીઓની ચરબીમાંથી કાગળ જેવી ચટ્ટાઈઓ બનાવતા, જ્યારે અમુક લોકોનું માનવું છે કે ગ્રીક લોકો પેપ્યરોઝમાંથી કાગળ બનાવી તેમાં પ્રાણીઓનું ચામડું લપેટતા હતા. જ્યારે ત્રીજો મત કહે છે કે કાગળની શોધ ઈ.સ. ૧૦૫માં ચીનમાં થયેલી હતી. કાગળને અંગ્રેજીમાં પેપર કહેવાય છે. આ પેપર શબ્દ ફ્રેંચ શબ્દ પેપીઅર પરથી પડેલ છે. યુરોપમાંથી પેપરને વિવિધ નામ તો મળેલાં પરંતુ તેમ છતાંય વિશ્વમાં કાગળની સૌ પ્રથમ મીલ શરૂ કરવાનો શ્રેય અરેબિક લોકોને જાય છે. જ્યારે આપણે ત્યાં તો છેક ૧૨મી સદીમાં કાગળની શરૂઆત થઈ હતી.



પથ્થરની કલમ



કલમનો વિકાસ



કાષ્ઠ કલમ



લોહયુગની કલમ

આ સમય દરમ્યાન બૌદ્ધ અને જૈન ધર્મનું અમુક લખાણ કાગળમાં લખવામાં આવ્યું હતું પરંતુ મોટા પ્રમાણમાં કાગળ ઉપલબ્ધ ન હોઈ કાગળનો ઉપયોગ લગભગ નહીંવત જેવો હતો. એ ૧૮મી સદીમાં અંગ્રેજોના આવ્યા બાદ આપણે ત્યાં કાગળનો ઉપયોગ વધુ થવા લાગ્યો.

અંતની એલચી:- લખાણ કરવાનાં પ્રથમ ઓજારોનો ઉદ્‌ભવ ૨૬,૦૦૦ વર્ષ પૂર્વે થયો છે. જ્યારે ગુફાવાસીઓ પોતાના જીવન અને સંસ્કૃતિ અંગે સંજ્ઞાઓ ચિત્રિત કરતા હતા ત્યારે તેઓએ કુદરતી શાહીની શોધ કરી અને આજ શાહી વડે તેઓ પ્રાણીઓનાં હાડકાંઓ, પથ્થરોનો તીણો ભાગ વગેરેથી સંજ્ઞાઓ ચિત્રિત કરતા હતા. ગુફાવાસીઓથી વધુ સુસંસ્કૃત થયેલ માનવે પીંછાથી બનેલ પીંછી, કાષ્ઠથી બનેલ વર્ણક, વૃક્ષોની ડાળીઓની વર્ણવાર્તિકા, સાગ-સીસમની શલાકા, વાંસની વંસીકા, મયૂરપંખની કલમ અને આજનાં બોલપેન, શાહીપેન, પેન્સિલ, માર્કરપેન, કૃત્રિમ શાહી વગેરેનું અસ્તિત્વ શોધ્યું છે.

❑❑❑



બિલાડીનો ભય

□ સતીશ વૈષ્ણવ

દેરાણીના સીમંતના પ્રસંગમાંથી પરવારીને સાંજે પાંચ વાગે ઘરે પહોંચી ત્યારે ચંદા બહુ થાકી ગઈ હતી. એને આંખ મીંચીને થોડીવાર સૂઈ રહેવું હતું. એણે ફ્લેટનું બારણું પણ હળવેકથી ઉઘાડ્યું. નહીંતર વળી બાજુના ફ્લેટમાં રહેતી વિભા બહાર આવીને પૂછત કે આજનો પ્રસંગ કેવો રહ્યો?

બારણું ઉઘાડતાંની સાથે જ દોડી આવીને ચંદાના પગ સાથે શરીર ઘસતી ગોળગોળ ફરતી હની; એની પ્રિય કેટ; દોડી આવી નહીં. બાલ્કનીનાં બંધ બાર પાસે બેસી રહીને હની ચંદાને જોઈ રહી. આગંતુકને જોતી હોય તેમ! હનીની પાસે જઈને ચંદાએ એને ઊંચકી લીધી અને વહાલથી થપથપાવતી એ સોફામાં બેઠી. રોજ સાંજે ઓફિસેથી આવીને આવી જ રીતે બેસીને હની સાથે કાલીઘેલી ભાષામાં વાત કરતી ચંદાએ પૂછ્યું; 'હની! ડાર્લિંગ! માઠું લાગ્યું છે? બહુ એકલું રહેવું પડ્યું?'

તેટલામાં ફોન આવ્યો.

અમદાવાદથી મમ્મી મંજુલાનો ફોન હતોઃ 'ચંદા! બેલા મુંબઈ આવે છે! ત્યાં એને વધુ સારી નોકરી મળી છે.'

વિગતે સમાચાર સાંભળવા ચંદાએ હનીને ખોળામાંથી ઉતારી એટલે હની દોડીને નાના બેડરૂમમાં જતી રહી. આ જોઈને ચંદાને ચાલુ વાતે પણ અચરજ થયુંઃ ઘરમાં હરતીફરતી રહેતી હની ઓછા ઉપયોગમાં લેવાતા એ રૂમમાં કદી જતી નહોતી. ચંદા ત્યાં કંઈ કામ કરતી હોય ત્યારે પણ! ચાલુ વાતે જ એણે વિચાર્યુંઃ હનીનું વર્તન આજે અકળ છે!

ખૂબ સારા સમાચાર હતા. મંજુલા પણ ખૂબ ખુશ હતી. બે બહેનો એક જ શહેરમાં સાથે રહે એનાથી વધુ સારું શું? એન્જિનિયરિંગના પહેલા વરસમાં અભ્યાસ કરતી બેલાએ જ્યારે પિતાનું છત્ર ગુમાવ્યું ત્યારે એણે કેટલાક સંકલ્પો કર્યા હતા. નોકરીના શરૂઆતનાં વરસો મંજુલાની સાથે ગાળવાના સંકલ્પ પ્રમાણે બેલાએ અમદાવાદની એક કંપનીમાં જોબ સ્વીકારી હતી.

અઠ્ઠાવીસની થયેલી બેલા મુંબઈ આવે છે. શક્ય છે કે વિધાતાની પ્રેરણાથી ઉંમર અને કારકિર્દીના અત્યારના નિર્ણાયક તબક્કે એ મુંબઈ આવતી હશે. નામાંકિત અંગ્રેજી દૈનિકમાં આસિસ્ટન્ટ લાઇબ્રેરિયન તરીકે જોબ કરતી ચંદાએ યુવાપેઢીના લિવ ઇન રિલેશનશીપ કે સિંગલ પેરન્ટિજ જેવા અંતરંગી સંબંધો વિશે વિચાર્યું નહીં. એણે તો અંતઃકરણપૂર્વક ઇચ્છ્યું કે લગ્ન નહીં કરવાના સંકલ્પનો બેલા પુનઃવિચાર કરે અને એને યોગ્ય હમસફર સત્વરે મળે. બેલા ધામધૂમથી પરણે અને--

બેલાના સીમંતના પ્રસંગમાંથી પરવારીને સાંજે ચંદા પાછી ફરશે ત્યારે ફ્લેટનું બારણું ઉઘડવાનો અવાજ સાંભળીને વિભા બહાર આવીને કહેશે; 'ચાલ, મારે ઘેર. સાથે ચા પીએ.' ચંદા ખુશીથી જશે અને ચા પીતાં એના મનની વાત વિભાને કહેશે; 'બેલાના બીજાં બાળકને હું મારી સાથે રાખીશ!'

માનસિક થાકથી જન્મેલી ઉદાસીનતાને હટાવીને ચંદા એકદમ ઊભી થઈ ગઈ. નાના રૂમમાં બેડ પર

બેઠેલી હની પાસે જઈને એ બોલી; 'બેલામાસીના રૂમમાં હવે રહેવું છે?'

બેલાની નોકરીના શરૂઆતના દિવસોમાં મંજુલાએ ચંદાને કહ્યું હતું; 'નોકરી મળી ત્યારથી ઘેર હોય ત્યારે બેલા એના ગગા સાથે રૂમમાં પુરાઈ રહે છે!'

'ગગો?' ચંદાના સવાલના જવાબમાં મંજુલા હસીને બોલી હતી; 'લેપટોપને હું ગગો કહું છું. જ્યાં ને જ્યારે જુઓ ત્યારે બેલાને ગગો વળગેલો જ હોય!'

બેલાના મુંબઈ આવવાની વાતના સ્વાભાવિક ક્રમમાં મંજુલાએ ચંદાને કહ્યું હતું; 'તારે ઘેર રહેવા બેલા રાજી નહોતી; તારી બિલાડીને કારણે!'

મંજુલાના શબ્દો સાંભળતાંની સાથે જ ચંદાને પગથી માથા લગી ઝાળ લાગી ગઈ હતી. રોડ ડિવાઇડર સાથે સ્કૂટર અથડાવાથી થયેલા અકસ્માતને કારણે પૂરા મહિને ચંદાને માતૃત્વથી હાથ ધોવા પડ્યા હતા. સાહચર્યના સમાન સાથી સનતની વિમુખતાથી દ્વિગુણિત ઘોર હતાશાની સામે ચંદા મહામુશ્કેલીથી ઝઝૂમી રહી હતી. એ દિવસોમાં કોઈ રેફરન્સની તલાશમાં પૅટ (Pet) કન્સલ્ટન્ટ મિરાન્ડા અખબારની લાઇબ્રેરીમાં ચંદા પાસે આવ્યો હતો. બંને પરિચિત હતાં કેમ કે મિરાન્ડા અખબારમાં કોલમ પણ લખતો હતો. તેણે ચંદાને પેટ પાળવાની સલાહ આપતા કહ્યું હતું; 'પેટને પાળવાનું વાસ્તવમાં બાળકની સાથે રહેવા જેવું છે.' ચંદાની કેટ પાળવાની ઇચ્છા જાણીને તે ભલા માણસે ચંદાનો સ્નો વાઇટ હનીની સાથે મેળાપ કરાવી આપ્યો હતો.

ચંદાથી આક્રોશ વ્યક્ત થઈ ગયો હતોઃ 'એટલે મારે શું હનીને શેલ્ટર હોમમાં મૂકી દેવી?'

'આકરી થા મા!' મંજુલા તરત બોલી હતી; 'હું તારી લાગણી સમજું છું. બિલાડીને જ્યાં ત્યાં મૂકવાનું હું કદી કહું નહીં.'

ચંદા ઠંડી પડી. 'આટલી મોટી થઈ તો પણ બેલાને હજી કેટનો ભય લાગે છે?'

'હા. નાનપણથી જે ભય ઘર કરી ગયો હોય તે સહેલાઈથી દૂર થતો નથી. બેલાની મરજી તો ત્યાં પીજી તરીકે રહેવાની હતી. પણ મેં એને ચોખ્ખું કહી દીધું કે મુંબઈ જવું હોય તો તારે ચંદાની સાથે જ રહેવું પડશે. એ બંને છડેછડાં છે. અહીં જેમ તું ભલી ને તારો રૂમ ભલો છે તેમ ત્યાં પણ રહેજે. ભલેને રૂમની બહાર બિલાડી આંટા માર્યા કરે.'

મંજુલા બિલાડી બિલાડી કહ્યાં કરતી હતી તે ચંદાને બિલકુલ ગમ્યું નહીં. એણે કહ્યું; 'મમ્મી! તમે હની કેમ કહેતાં નથી? હની ખૂબ મળતાવડી છે. એની સાથે ને સાથે રહેવાથી બેલાનો ભય પણ દૂર થઈ જશે!'

'કદાચ એવું પણ બને; ચંદા! એને જ હનીની સાથે વધુ રહેવાનું બનશે. અવારનવાર બેલા ઘરેથી કામ કરે છે!'

એકાએક ચંદાને સનતના હની પ્રત્યેના અણગમાનો ખ્યાલ આવ્યો. બેલાની બિલાડીની બીકને સનત બિરદાવશે. એ બંને મળીને હનીની ઉપેક્ષા કરશે. કદાચ ચંદાનો ઉપહાસ પણ કરશે. વિમાસણમાં અટવાતી ચંદાએ હનીને તેડીને પૂછ્યું; 'હવે આપણું શું થશે; હની?' ચંદાના ખભે માથું ઢાળીને હનીએ આશ્વાસન આપ્યું.

ઓફિસેથી સનત આવ્યો એટલે ચંદાએ એને મંજુલા સાથેની વાતચીતથી વાકેફ કરીને કહ્યું કે બેલા નાના બેડરૂમમાં રહેશે એટલે અગવડ નહીં પડે. ઇન્કમ-ટેક્સ ઓફિસર સનતે શાંતિથી વિગતો સાંભળ્યા પછી પૂછ્યું; 'તારી મમ્મીએ મારા વિશે કંઈ પૂછ્યું નહીં?' મોં પર સ્મિત લાવીને ચંદાએ સલૂકાઈથી કહ્યું; 'પૂછે તો ખરાં જ ને! પપ્પાના અવસાન પછી મમ્મી તને જ અમારા કુટુંબનું મોટું માથું ગણે છે! મમ્મીએ કહ્યું કે સનતભાઈ સાલસ સ્વભાવના છે. બધાંની સગવડતા સાચવે એવા છે. વીક એન્ડમાં મમ્મી તારી સાથે વાત કરવાની છે.'

સનતે વીક એન્ડની રાહ જોઈ નહીં. તે રાતે જ એણે મંજુલા અને બેલાની સાથે વાત કરી. બેલાને નિઃસંકોચ મોકલવાની અને એને મુંબઈમાં કશી તકલીફ પડશે નહીં એવી હૈયાધારણ મંજુલાને આપીને સનતે બેલા પાસેથી કંપનીની, એસાઇન્મેન્ટની, અને ફ્યુચર પ્રોસ્પેક્ટ્સની માહિતી સાથે નવી નોકરીમાં જોડાવાની તારીખ પણ જાણી લીધી. બેલા સાથે લાંબી ચર્ચા કર્યા પછી પ્રસન્ન વદને ફોન સ્વિચ્ડ ઓફ કરતાં સનતે ચંદાને કહ્યું; 'તારી બહેન જિનિયસ છે!'

ડિનર વખતે ચંદાએ અચકાતાં સનતને કહ્યું; 'નાનપણમાં બેલા કેટથી બહુ ડરતી હતી. મમ્મીએ કહ્યું કે બેલા હજી કેટથી દૂર ભાગે છે!'

જમ્યા પછી બંને સાથે બેસીને ટીવી જોતાં હતાં ત્યારે સનતે પુચકારીને હનીને બોલાવી. હની આવી નહીં એટલે એણે ઊભા થઈને હનીની પીઠ થપથપાવી. સનતનું નૂતન વર્તન ચંદાને ગમ્યું.

પછીના દિવસો દરમિયાન સનત હનીના વિચારોમાં રચ્યોપચ્યો રહ્યો. એક સાંજે ઓફિસેથી આવીને સનતે વિવિધ રંગના ફરના ચાર ટુકડાઓ ચંદાને બતાવીને કહ્યું; 'કેટ ફોબિઆ દૂર કરવાનું પહેલું પગલું ફર પર હાથ ફેરવ્યા કરવાનું છે.' વળી એક સાંજે સનત ફરની સ્નો વાઇટ કેટ લાવ્યો. એની આંખ પણ હની જેવી હતી. ટિપોય પર રમકડાંને ગોઠવતાં એ બોલ્યો; 'હની જેવી જ જોઈતી હતી. મારે ખૂબ ફરવું પડ્યું પણ અંતે

મળી!' બેલાના આવવાના આગલા દિવસે સનતે ફિલ્મ 'ધ એડવેન્ચર્સ ઑફ મિલો એન્ડ ઓટિસ'ની સીડી બતાવીને ચંદાને કહ્યું; 'કોઈ આપણે ઘેર આવે અને રૂમમાં જ ગોંધાઈ રહે તે કેમ ચાલે? બેલા કંઈ આપણી ગેસ્ટ નથી. કેટ ડોગી જેવું જ પ્રેમાળ પ્રાણી છે. બંને વચ્ચે પણ મિત્રતા થઈ શકે છે એવા થીમ પરની ફિલ્મ બતાવીને ધીરે ધીરે હું એનો ફોબિઆ દૂર કરીશ!'

બેલાને રિસીવ કરવા એરપોર્ટ જતી વખતે સનતે ચંદાને સૂચના આપી; 'આપણે ડ્રોઇંગરૂમમાં વાતો કરતાં રાતે સાથે બેસીએ ત્યારે શરૂઆતના દિવસોમાં તું હનીને ખોળામાંથી ઉતારતી નહીં!'

ઘરમાં બંધ હતી તો પણ કારમાં હની વિષયરૂપે હાજર હતી. બેલાને ઉમળકાભેર આવકાર્યા પછી તેઓ ઘર તરફ પાછાં ફરી રહ્યાં હતાં ત્યારે બેલાએ ચંદાને કહ્યું; 'મારા કેટ ફોબિઆની તું ચિંતા કરતી નહીં. મારી ફ્રેન્ડ પાસેથી હું બધી ટિપ્સ સમજીને આવી છું. એ કહેતી હતી કે કેટની સામે જોવું નહીં. એને ઇગ્નોર કરવી. એ તમને નહીં તમારી સ્મેલને ઇગ્નોર કરતી થઈ જશે. એક બીજી વાત પણ એણે કહી: કેટ ભાગ્યે જ સામે ચાલીને અજાણી વ્યક્તિની પાસે આવે છે. બોલાવીને કે ઊંચકીને એને તમારી સ્મેલની ટેવ નહીં પાડો તો એ આવીને તમારા પગ પાસે બેસશે નહીં કે કૂદકો મારીને તમારી ગોદમાં ભરાશે નહીં. બેઝિકલી કેટ સ્વાયત્ત ને એકાકી પ્રાણી છે.'

ચંદાને બેલાની બધી વાત ગમી નહીં; 'હની એકાકી નથી. રાતે હની મારી સાથે સૂવે છે.' બેલા પાસે એનો પણ જવાબ હતો; 'એને માટે તું ક્યાં અજાણી છે? કેટ ડોગીની જેમ ઊંઘમાં નિશ્ચિંત નથી. કેટ વિશ્વસનીય સ્થળે ને વ્યક્તિની સાથે નિરાંતે ઊંઘી શકે છે. ઉપરાંત રજાઈ અને માણસના શરીરની હૂંફથી એ ગાઢ ઊંઘ માણે છે!'

સનતને આ ચર્ચા પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવી લાગી; 'બેલા! તારે આટલી બધી માનસિક તૈયારી કરવાની જરૂર નહોતી. અનેક જિનિયસ માણસોને કેટ ફોબિઆ હતો. જુલિયસ સિઝર, સિકંદર, નેપોલિયન બોનાપાર્ટ, શેક્સપિયર... કેટલાં નામ ગણાવું? મુસોલિની, હિટલર અને...' કાર સોસાયટીના ગેટમાં પ્રવેશી એટલે ચંદાએ સમાપન કર્યું; '...અને સનત!'

સનત મનોમન ધૂંધવાયો.

રીઅર વ્યૂ મિરરમાંથી બેલાને પોતાની તરફ ચકિત નજરે જોતાં સનતે જોઈ.

બેલાની નજરમાં સનતે અનુકૂલનની દિશા ઉઘડતી જોઈ.

ડિપાર્ટમેન્ટમાંથી ફોન આવવાથી સનતને બીજે દિવસે સવારે છ વાગ્યામાં નીકળી જવું પડ્યું. કલાક

પછી બેલા ઊઠી ત્યારે ચંદાએ જાણ કરતાં કહ્યું; 'રેડ કે સર્ચ જેવું કામ હોય ત્યારે આમ જ અચાનક જવું પડે છે!' તે સવારે બેલાના કેટ ફોબિઆ દૂર કરવાની પૂર્વતૈયારી રૂપે સનતે લાવેલી વસ્તુઓ ચંદાએ બેલાને બતાવી. બેલા બોલી; 'પેટને તમારી જરૂર નથી. તમારે પેટની જરૂર છે. માણસની પ્રેમ જેવી કુદરતી વૃત્તિને પેટ સંતોષે છે; આનંદ આપે છે. હું આટલું સમજી છું. ચંદા! આ બધો સરંજામ કશો કામનો નથી. એને દૂર મૂકી દે!'

આનંદિત ચંદાએ સનતને બેલાના શબ્દો કહ્યા ત્યારે સનતને દરેક શબ્દમાં બેલાના હકારાત્મક અભિગમનો ધ્વનિ સંભળાયો.

આખો દિવસ સૂતી રહેતી હની, રાતના સમયે ચંદા-સનતની હાજરીમાં ઊભી થઈને ઘરમાં બે-ચાર ચક્કર મારીને ફરી ચંદા પાસે બેસી જતી હતી એવા એના રુટિનમાં દેખીતું પરિવર્તન આવ્યું. અઠવાડિયામાં ત્રણ દિવસ ઘરેથી કામ કરતી બેલાની પાસે જ હની બેસી રહેતી હતી. બેલા એના ખાવા-પીવાના શેડ્યુલનું પણ બરાબર ધ્યાન રાખતી હતી. હવે એ બિનધાસ્ત સનતની પાસે જતી હતી. એ સમજી ગઈ હતી કે પહેલાંની જેમ સનત એને પગેથી હડસેલશે નહીં. સાંજ ઢળતી અને હની ગેલમાં આવી જતી. રાતે ત્રણેય જણાં સાથે બેસીને ટીવી જોતાં હોય ત્યારે હની ત્રણેયની વચ્ચે દોડાદોડી કર્યા કરતી હતી.

હનીના ગૃહપ્રવેશના શરૂઆતના દિવસોમાં બહાર જતી વખતે હનીને સાથે લઈ જવાનું મન કરતી ચંદા સનતને કહેતી; 'હવે તો આપણી પાસે કાર છે. (હની) બેસી રહેશે પાછલી સીટમાં.' પણ ઇન્કાર કરતા સનત કહેતો; 'તારી સાથે ઓફિસે આવે છે? એકલી રહે છે ને ઘરમાં?' બેલાના મુંબઈ આવ્યા પછીના એક રવિવારે જુહુ જવા માટે બેલાએ હનીને પણ તૈયાર કરી ત્યારે સનત કંઈ બોલ્યો નહીં. પછી તો કારની મુસાફરી દરમિયાન રમવાનું રમકડું હની બની ગઈ. પાછલી બેઠક પર બેલાની પાસે બેઠેલી હનીને રીઅર વ્યૂ મિરરમાંથી જોઈને સનત કહેતો; 'બેલા! હનીને આપ!' અને ડ્રાઇવિંગ ચાલુ રાખીને સનત હનીને બેલા પાસેથી લઈને એના ખોળામાં બેસાડતો અથવા એની બાજુમાં બેસાડતો.

સનતના પગ પાસે લાંબો સમય બેસી રહેલી હની પર સનતે વાંકા વળીને હાથ ફેરવ્યો. હનીએ સનતની સામે જોઈને હળવું મિયાઉં મિયાઉં કર્યું. બેલા તરત બોલી; 'સનતભાઈ! આને પરિંગ કહે છે. કેટ એની પ્રસન્નતા પરિંગ દ્વારા વ્યક્ત કરે છે!' હનીના શરીર પર સનતે ફરી હાથ ફેરવ્યો.

ઢળતી સાંજે ચંદા અને સનત,

ચહેરા પર મિશ્ર ભાવ ઓઢીને, એકસાથે સોસાયટીમાં પ્રવેશ્યાં. બંનેને ઓફિસમાં સમાચાર મળ્યા હતા કે બપોરે ત્રણ વાગે ચંદાની દેરાણીએ દીકરાને જન્મ આપ્યો હતો. ચંદાએ અમસ્તું કહ્યું; 'હું તો કલાક વહેલી છું. તું પણ આજે ઘણો વહેલો છે!' સનતે કહ્યું; 'મારે ઘેર હું વહેલો આવી ન શકું?'

બેલાએ આજે 'વર્ક ફ્રૉમ હોમ' કર્યું હતું એટલે ઘર ખુલ્લું જ હતું. ચા-નાસ્તો તૈયાર હતાં. ચા પીતાં સનત બોલ્યો; 'બેલા! તારા હાથની ચા સારી બને છે!' તેટલામાં ચંદાનું ધ્યાન હનીના કપાળ પરના મોટા લાલ ચાંદલા પર પડ્યું. એ ચિત્કારી ઊઠીઃ 'આ કોણે કર્યું? બેલા, તેં?' સનત વચ્ચે બોલ્યો; 'આવું શું પૂછે છે? બેલા સિવાય કોઈ છે ઘરમાં બીજું?' ચંદાએ ગુસ્સામાં કહ્યું; 'હનીને સ્કીનની એલર્જી છે તે તું તો જાણે છે ને?' બેલા ઝાંખી પડી ગઈ; 'આયમ સોરી! ચંદા! આઇ વોઝ નોટ નોઇંગ!' સનત ઊંચા અવાજે બોલ્યો; 'ચંદા! તું કાગનો વાઘ કરે છે! માનો કે હનીને કાંઈક થયું તો બીજી હની આવશે! એનું આપણાં જેવું તો નથી ને કે એકને ગુમાવ્યા પછી બીજું આવે જ નહીં!' મર્મવેધી શબ્દો સાંભળીને ચંદા સૂનમૂન સમસમીને બેસી રહી. પછી ઊભી થઈને રડતી આંખે એ વંચિતા એના રૂમમાં ગઈ. એની પાછળ હની અને બેલા ગયાં. બેલાએ આશ્વાસન આપ્યું; 'ચંદા! હમણાં જ ચાંદલો ધોઈ નાખું છું. કાલે જ વેટેરિનરી ડર્મેટલોજિસ્ટને બતાવી દઈશ! આઇ પ્રોમિસ!'

બેડરૂમનાં બારણાંમાં ઊભીને સનત બરાડતો હતો; 'સાંભળી લે, ચંદા! હની પર તારી એકલીનો જ અધિકાર નથી!'

ડિનર વખતે સનતે કહ્યું; 'બેલા! હું વ્યર્થ ઊકળી ઊઠ્યો. વાસ્તવમાં આજે અમે બંને થોડાં મૂડલેસ છીએ. આનંદના સમાચાર સાંભળવાની સાથે અમારી કમનસીબીની યાદ તાજી થઈ હતી!' ચંદાએ બેલાની સામે જોઈને કહ્યું; 'મારી દેરાણીને દીકરો આવ્યો એમાં હું શું કામ મૂડલેસ થાઉં? મેં તો મારી પરિસ્થિતિ સ્વીકારી લીધી છે!'

'એમ તો હું પણ ખૂબ ખુશ થયો છું. પપ્પાનો વંશ આ રીતે તો આગળ વધ્યો!'

સનતના શબ્દો સાંભળીને બેલાનો ચહેરો તમતમી ઊઠ્યો; 'વંશ-વારસની ખેવના સાથે જેનું માતૃત્વ હંમેશ માટે છિનવાઈ ગયું છે એવી ચંદાની લાગણીનો વિચાર પણ કરો! સ્કૂટર કોણ ચલાવતું હતું? ચંદા તો પિલો રાઇડર હતી!'

જમીને બેલા એના રૂમમાં જતી રહી. સનત ટીવીની ચેનલો સર્ફ કરતાં વિચારતો હતો કે બેલાએ યોગ્ય જ કહ્યું. આવા સંજોગોમાં પત્નીની નાની બહેને આવું જ કહેવું જોઈએ! બેડરૂમની બારીમાં થોડીવાર ઊભાં રહ્યાં પછી ચંદા બેલા પાસે આવીને બેઠી.

બેલાએ ચંદાની સામે જોયું અને અત્યાર સુધી રહેલી ચંદાના વણખૂલ્યા હોઠની વાતને એ સાંભળી રહી...

બહારના રૂમમાંથી ધીમે પગલે આવીને હની ચંદાની ગોદમાં લપાઈ. 'આ અબોલ જીવ સારો નહીં? મારા દુઃખને તરત સમજી જાય છે.' ક્લાંત ચહેરે હનીને થાબડતાં ચંદા બોલી; 'અમે સમદુઃખિયાં છીએ. અકસ્માતે મારું સુખ છીનવી લીધું. હની મને મળી તે પહેલાં કોઈ ઘાતકીએ એનું સુખ રૂંધી નાખ્યું હતું!'

બેલા બોલી; 'બિચ્ચારી!' પછી ચંદાને કહે; 'નસીબને દોષ દઈને આજીવન સંતાનના સુખથી વંચિત રહેવાનો સમય ક્યારનો જતો રહ્યો. તારા જેવી ખેલદિલ વ્યક્તિએ વિકલ્પો વિશે વિચારવું જોઈએ'.

રવિવારે સાંજે નવજાત શિશુનું મોં જોઈને આવ્યા પછી આનંદિત ચહેરે સનત અને ચંદા ઘેર પાછાં ફર્યાં હતાં. ડિનર પછી બધાં ડ્રોઇંગરૂમમાં બેઠાં ત્યારે દિયેરના દીકરાના વખાણ કરતાં ચંદાએ બેલાને કહ્યું; 'એકદમ ગોરો છે. વાને એની મમ્મી પર પડ્યો તે સારું થયું!' સનતે હસીને સૂર પુરાવ્યો; 'ભલે અમે ભાઈઓ પાકા કલરના રહ્યા પણ અમને છોકરીઓ તો ગોરી જ મળી!'

કંઈક કામ માટે સનત એના બેડરૂમમાં જતો હતો ત્યારે હની પણ એની પાછળ દોડીને રૂમમાં ગઈ. બે મિનિટ પછી સનતની સાથે એ પણ પાછી ફરી. લેપટોપમાં વાંચતાં બેલા બોલી; 'સનતભાઈ! તમારે સાંભળવા જેવું છેઃ જો બિલાડી તમારી પાછળ-પાછળ આવે તો તમારો ઉત્કર્ષ નિશ્ચિત છે!'

રાજીપાથી રંગાયેલા ચહેરે સનતે હનીને તેડી લીધી અને ચંદાને કહ્યું; 'ધમાલમાં એક ડેવેલપમેન્ટ તો કહેવાનું રહી ગયું! આસિસ્ટન્ટ ઇન્કમ ટેક્સ કમિશનરના પ્રમોશનની પ્રોસેસ શરૂ થવાની છે!'

ચંદાએ ત્વરિત ઉમળકો બતાવ્યો; 'વાહ! વેરી ગુડ ન્યુઝ!' પછી બેલાને કહે; 'સનત તો ત્રણ વરસથી પ્રમોશન માટે ઇલિજીબલ છે. પણ કરકસરના પગલાં હેઠળ સરકાર પ્રમોશન જાહેર કરતી નહોતી!'

એમેઝોનમાંથી બેલાના નામે આવેલું પાર્સલ વિભા પાસેથી લેતાં ચંદાએ વિચાર્યુંઃ પરમદિવસે સનતનો બર્થડે છે. એની ગિફ્ટ હશે?

બેલાએ પાર્સલમાંથી તથાસ્તુની મુદ્રામાં પંજો ઊંચો કરીને બે પગ પર બેઠેલી બિલાડીનું રમકડું કાઢીને સનતને આપ્યું. 'આ માનેકી-નેકો નામની જાપાનિઝ ફોર્ચ્યુન કેટ છે. પંજો ઊંચો કરીને તેના માલિકના સદ્ભાગ્યને આવકારે છે!' રમકડું ફેરવી ફેરવીને જોતાં હર્ષઘેલા સનતે ચંદાને કહ્યું; 'હવે પહેલા જ પ્રયત્ને મારું પ્રમોશન નક્કી!'

ચંદાએ રમકડું હાથમાં લઈને ધ્યાનપૂર્વક જોયું. રમકડાંની બેઠક પર અર્ધગોળાકારમાં લખેલા શબ્દો ચંદાએ વાંચ્યાઃ 'ગુડ લક ટુ ઓનર'!

સનતે બેલાનો આભાર માનીને પૂછ્યું; 'બેલા! આવી બધી ખબર તને કોણ આપે છે?' 'હની!' બેલાએ ચંદાના ખભે હાથ વીંટાળીને કહ્યું; 'ચંદાના હની પ્રત્યેના પ્રેમને ધ્યાનમાં રાખીને અહીં આવી તે પહેલાં મેં કેટ વિશે ઘણું વાંચ્યું હતું, જાણ્યું હતું.'

ફોન હાથમાં લેતાં સનત બોલ્યો; 'આજે તો મારે મમ્મીની સાથે વાત કરવી જ પડશે!' અને એણે મંજુલાની સાથે વાત આદરી; 'મમ્મી! બિલાડીથી બીતી તમારી દીકરીએ મને એક બિલાડી ભેટ આપી છે!' પોતાને મળનારા પ્રમોશનની સંભાવના અને ફોર્ચ્યુન કેટ વિશે વિગતે મંજુલાને વાત કહેતા સનતને બંને બહેનો સાંભળી રહી. ડ્રોઇંગરૂમમાં આંટા મારતો સનત ફોન પર કહી રહ્યો હતો; 'આવી શુકનવંતી ભેટ આપીને તમારી નાની મીઠડી દીકરીએ અત્યારથી મને નોકરીમાં યશ અપાવી દીધો છે! તમારા આશીર્વાદ હશે તો અમારા જીવનમાં પણ યશસ્વી પ્રસંગ આવશે.'

સનતના છેલ્લા શબ્દો સાંભળીને ચંદાનું હૃદય દ્રવી ઊઠ્યું. થોડા જ દિવસોમાં સાકાર થનારું સુખ કુદરતે એક ઝાટકે છીનવી લીધું હતું એનું દુઃખ સનત ભૂલી શકતો નહોતો. સ્ટાફની પાર્ટીમાં હાજરી આપીને બેલા મોડી આવવાની હતી તે રાતે ચંદાએ સનતને કહ્યું; 'બાળકને દત્તક લેવાની તારી ઇચ્છા નથી એટલે આપણાં દરવાજા બંધ થઈ ગયાં છે એવું માનવાનું કોઈ કારણ નથી. આપણી મૂંઝવણનું નિવારણ તારા હાથમાં છે. અનેક ફર્ટિલિટી ક્લિનિકના એકાઉન્ટન્ટ તારા સંપર્કમાં આવતા હશે. તેમના દ્વારા તારે વિશ્વસનીય ડૉકટરને કન્સલ્ટ કરીને આપણી સમસ્યાનું સુખદ નિરાકરણ થાય એવા પ્રયત્ન કરવા જોઈએ એવું હું પોતે તને કહું છું.'

સનત ચંદાની પાસે સર્યો. 'જરૂર કન્સલ્ટ કરી શકાય. વાસ્તવમાં મેં વિચાર્યું જ છે. ચંદા! પૂરતી સમજણ સાથે સ્વીકારની તારી આટલી તૈયારી છે એટલે કહેવાની હિંમત કરું છું કે'- ચંદાના હોઠ પર તર્જનીથી સ્પર્શ કરીને સનતે કહ્યું; 'તું જાણે છે તેમ આટલા પણ મારા સ્પર્શ વિના બેલા આપણા જીવનમાં સુખનો સૂરજ ઉગાડી શકે તેમ છે.' અણધાર્યા કુઠારાઘાતથી ચંદાની વાચા હણાઈ ગઈ. ચંદાના મૌનને સમજવાની પરવા કર્યા વિના સનત આગળ વધ્યો; 'અજાણી સ્ત્રીના પ્રોફાઇલનું જોખમ લેવું નહીં. હા. બેકગ્રાઉન્ડ પૂરેપૂરું ચકાસીને સેરોગેટ મધર આપણે પસંદ કરશું. આ રીતે મેળવેલું બાળક એ આપણાં લોહીનું

જ ગણાય! એ રીતે આપણાં બંને કુટુંબને વારસદાર મળશે. એ બાળકમાં પોતાનો અંશ જોઈને સિંગલ રહેવા માગતી બેલાની માતૃત્વની લાગણી પણ સંતોષ પામશે!'

તેટલામાં ક્રોધાયમાન ચંદા ઊભી થતાં બોલી; 'મારે બેલાને અહીંથી વહેલી તકે રવાના કરવી પડશે. તારા જેવું વિકૃત અને સ્વાર્થી માનસ ધરાવતી વ્યક્તિની સાથે બેલા સલામત રહી શકશે નહીં!' સનતે કહ્યું; 'મેં મેડિકલ સાયન્સના સંદર્ભમાં જ વાત કરી છે. શાંતિથી વિચારજે. યોગ્ય લાગે તો તું બેલા પાસે પ્રસ્તાવ મૂકજે. તારી અપીલ જરૂર કામ કરશે.' પોતાના રૂમમાં જતાં ચંદા બોલી; 'ભૂલેચૂકે પણ બેલા સમક્ષ તેં આ વાત મૂકી છે તો હું તારી સાથે રહીશ નહીં!'

આપ્તજનની સહાયથી સેરોગેસી દ્વારા સંતાન પ્રાપ્તિનાં ઉદાહરણો મીડિયામાં આવતાં રહે છે. બેલાની વિવેકબુદ્ધિમાં વિશ્વાસ ધરાવતો સનત માનતો હતો કે ચંદા અને મમ્મીનું હિત વિચારીને બેલા સંમત થશે.

ડોરબેલ સાંભળીને ઘરેથી ઓફિસનું કામ કરવા રોકાયેલી બેલાએ ફ્લેટનું બારણું ઉઘાડતાં સનતને જોયો. બેલા પૂછે તે પહેલાં સનતે ખુલાસો કર્યો; 'સર્ચનું કામ પૂરું થયા પછી આપણા ફ્લેટ પાસેથી અમારી ટીમ પસાર થતી હતી એટલે કારમાંથી હું ઊતરી ગયો.'

કશું બોલ્યાં વિના બેલા એના રૂમમાં જતી રહી. થોડી જ મિનિટોમાં એ લેપટોપ-બેગ ખભે લટકાવીને રૂમની બહાર નીકળી ત્યારે સનત હાથમાં કોકાકોલાનાં બે કેન પકડીને ઊભો હતો. 'બહાર જાય છે?' 'હા.' 'ક્યાં?' 'ઓફિસે.' 'મૂકી જાઉં?' 'ના. (કંપનીની) કાર આવવાની છે!'

બેલાની પાછળ રૂમની બહાર દોડી આવેલી હનીને બેલાના રૂમમાં ધકેલીને; ફ્લેટનાં બાર ઉઘાડાં રાખી સનત સોફા પર વિચારતો બેઠોઃ વહેલા આવવાનું બેલાને જે કારણ કહ્યું તે જ ચંદાને કહીશ. બેલાને અહીં આવ્યે હજી આઠ મહિના થયા છે. યોગ્ય તક આવશે. મને કોઈ ઉતાવળ નથી. આમેય અનુકૂળતાએ ફાઇલ ઓપન કરવાના અમે અનુભવી છીએ!

તે રાતે નવ પછી આનંદમાં થનગનતી આવીને ચંદાને ભેટતાં બેલા બોલી; 'ચંદા! મને લંડનનું એસાઇન્મેન્ટ મળ્યું!' પછી ચંદા અને સનતને પગે લાગીને એણે કહ્યું; 'અત્યારે તો છ મહિના માટે છે પણ પ્રોજેક્ટ જોતાં લંબાશે એવું લાગે છે!'

બાજી ગોઠવાય તે પહેલાં હારી ચૂકેલા સનતે પરાણે 'કૉન્ગ્રેટ્સ!' કહીને કૃત્રિમ સ્મિત સાથે પૂછ્યું; 'મારા પ્રમોશનના સમાચાર સાંભળવા સુધી તો રોકાઈશને?' હનીને રમાડતાં બેલા બોલી; 'વિસા ને બીજી બધી ફોર્માલિટી

પૂરી થતાં મહિનો તો સહેજે થશે. તે દરમિયાન તમારું પ્રમોશન આવશે તો હું પાર્ટી લઈને જઈશ!'

તે જ રાતે બહેનોએ મંજુલાને વધામણી આપી. ખુશાલીની વાતનું સમાપન કરતાં બેલાએ મંજુલાને લંડન બતાવવાનો સંકેત આપી દીધો. છાપાંનાં પાનાં ફેરવતા સનતે મા-દીકરીઓની વાતચીત સાંભળીને કોઈ પ્રતિભાવ આપ્યો નહીં. એણે મંજુલાની પાસે હરખ પણ વ્યક્ત કર્યો નહીં.

પોતાની આગળપાછળ ફરતી હનીને પુચકારતી અને વચ્ચે વચ્ચે એને તેડીને વહાલ કરી લેતી બેલા બેગમાં સામાન ગોઠવતી હતી ત્યારે સનતે કહ્યું; 'તને એરપોર્ટ મૂકવા અમે આવશું.' બેલાએ મક્કમપણે ના કહી કારણ કે એને એરપોર્ટ મૂકવા કંપનીની કાર આવવાની હતી અને ત્યાં એની અહીંની ઓફિસની ટીમ વિદાય આપવા માટે આવવાની હતી.

બેલાની વિદાયની રાતે અસ્વસ્થતાના કારણને આગળ કરીને ચંદા બેલાના રૂમમાં સૂતી. સૂતી શું? આંસુ સારી રહી. બાળકના અભાવને આગળ કરીને સ્વચ્છંદતાના રાહે સનતના ભટકી જવાના ભયથી એ ખળભળી ઊઠી હતી. તંદ્રામાં એને પડખું ખાલી લાગ્યું. એ બેઠી થઈ ગઈ. ઝાંખાં ઉજાસમાં એણે રૂમમાં આંટા મારતી હનીનું ઉદાસ મિયાઉં સાંભળ્યું. ચંદાએ પોતાને ટપારીઃ બેઠી છે શું? આ તો હનીના રોવાનો અવાજ છે! એણે ઊભી થઈને હનીને તેડીને છાતી સરસી ચાંપતાં પૂછ્યું; 'બેલા યાદ આવે છે?' પછી બેડ પર બેસી, બે હાથે હનીને ઊંચી કરીને પૂછ્યું; 'મારી પાછળ આમ જ હિજરાઈશ?' ચંદાએ હનીને નીચે ઉતારીને ખોળામાં બેસાડી કે એ તરત કૂદીને ધીમે પગલે પૂંછડી ઊંચી ટટ્ટાર રાખીને બહારના રૂમમાં જતી રહી. બીજી જ મિનિટે હનીને પગેથી હડસેલતો સનત આવીને ગુસ્સામાં બોલ્યો; 'આને કેમ મારી પાસે મોકલી? મારી ઊંઘ બગાડવા?'

હનીને ખાતર તે રાતથી ચંદાએ બેલાના રૂમમાં સૂવાનું શરૂ કર્યું.

ડિપાર્ટમેન્ટની દેશવ્યાપી કાર્યવાહીના અનુસંધાનમાં સનત ડેપ્યુટેશન પર ચાર મહિના માટે દિલ્હી ગયો હતો. ભૂતકાળના અનુભવોના આધારે ચંદાને ખબર હતી કે એ હવે સનત ક્યા સ્થળે છે તે જાણી શકશે નહીં. એનો સંપર્ક સુધ્ધાં કરી શકશે નહીં. સનતને અનુકૂળતા હશે ત્યારે એ ચંદાની સાથે વાતચીત કરી શકશે.

સ્કાઈપ પર લંડનથી બેલા જોબની, ઓફિસની, અને લંડનની વિવિધ વાતો કરીને ચંદાની એકલતા દૂર કરવા કોશિશ કરતી હતી. બેલાના આગ્રહથી જ મંજુલા પણ અવારનવાર ચંદાને ફોન કરતી હતી. અકસ્માત પછીના

ઘૂંટાતી એકલતાના દિવસોમાં ચંદા ઇચ્છતી હતી કે એક સમયે અનુભવેલી ગર્ભની સળવળતી શાંત હલચલને ભરઊંઘમાં ફરી એકવાર અનુભવીને એ ચિરનિદ્રામાં સરી પડે! મિરાન્ડાએ અપાવેલા જીવતા જાગતા રમકડાથી ચંદાના જીવનમાં જોમ પ્રવેશ્યું હતું. ગોદમાં કે પડખામાં નિશ્ચિંતપણે બેઠેલી કે સૂતેલી હનીને જોઈ રહેવાનું ચંદાને બહુ ગમતું. આનંદના ઊભરામાં ઊંધી-ચત્તી થઈને પેટ બતાવતી હનીને ચંદા ઉમળકાભેર ઊંચકીને છાતી સરસી ચાંપી દેતી હતી.

બેલાના આગમનથી ચંદાનો આનંદ દ્વિગુણિત થયો હતો. ચંદાએ ઘરના સીમાડા વિસ્તરતા અનુભવ્યા હતા. વરસોથી સાથે રહેતી હોય એ રીતે હની બેલાની સાથે હળીમળી ગઈ હતી. બેલા ગઈ એટલે હની પણ એકલી પડી ગઈ હતી. બેલાની ખોટ પૂરી કરવા; સનતની ઉપેક્ષા અવગણીને પણ હની એની પાસે વારંવાર જતી હતી. પાલતું પ્રાણીની અગમ્ય ગતિથી મૂંઝાયેલી ચંદાએ મિરાન્ડાને પૂછીને મનનું સમાધાન કરવા ઇચ્છ્યું પણ એ પૂછી શકી નહીં. ચંદાએ ધાર્યો હતો તેવો નોંધપાત્ર ફેરફાર સનતના બહારગામ ગયા પછી પણ હનીમાં આવ્યો નહીં. ક્યારેક ચંદાને વહેમ જતો હતો કે હની એને ઇગ્નોર કરે છે.

ટીવી જોઈને થાકી એટલે ચંદાએ હાથમાં પુસ્તક લીધું પણ ઉઘાડ્યા વિના એ હનીને બે બેડરૂમ વચ્ચે આંટા મારતી જોઈ રહી. ઊંઘવાના સમયનો વિચાર કર્યા વિના ચંદાએ મંજુલાને ફોન કર્યો. 'મમ્મી! સાવ એકલી પડી ગઈ છું. મારી પાસે મારું કોઈ નથી. બેલા પણ વિદેશ જતી રહી. એ હવે અહીં આવશે જ નહીં. શું કામ આવે?' વહેતી આંખે મા-દીકરી વાતચીત કરતાં રહ્યાં. ચંદાએ પૂછ્યું; 'મમ્મી! આમ જ નિસાસા નાખતાં નાખતાં આપણે જીવવાનું છે? આપણાં કુટુંબની હવે એકમાત્ર આશા બેલા છે. તે તો તું સમજે છે ને?' ચંદાના ઓપરેશનનું ગંભીર પરિણામ મંજુલાએ જ્યારે જાણ્યું હતું ત્યારે એ ધ્રુસકે ધ્રુસકે રડી હતી તે યાદ આવતાં એ બોલી; 'તું ચિંતા કર નહીં. હું બેલાને સમજાવીશ. બધાં સારાંવાનાં થશે. અત્યારે તું ભગવાનનું નામ લઈને શાંતિથી સૂઈ જા!'

દિલ્હીથી મુંબઈ પાછા આવ્યા પછીના મહિનામાં સનતને આસિસ્ટન્ટ ઇન્કમ ટેક્સ કમિશનરનું પ્રમોશન મળ્યું. દિલ્હી અને અન્ય સ્થળોના ચાર મહિનાનાં રોકાણ પછી સનત વધુ આત્મરતિમાં રમમાણ બન્યો હતો. મંજુલા અને બેલાના અભિનંદનના ફોન રીસિવ કરવા પૂરતો શિષ્ટાચાર પણ સનતે બતાવ્યો નહીં. ચંદાએ નારાજી બતાવી ત્યારે એણે કહ્યું; 'એમ માન કે આઇ એમ નોટ એ પાર્ટ ઓફ યોર ફેમિલી!'

ચંદા ઇચ્છતી હતી કે સનત મુંબઈમાં જ વિજિલન્સ ડિપાર્ટમેન્ટમાં પોસ્ટિંગ મળવાની શક્યતા હતી એને સ્વીકારી લે. પરંતુ મુંબઈની બહાર પોસ્ટિંગ મળે તે માટેની દિલ્હી સુધીની ઓળખાણોનો ગર્વભેર ઉલ્લેખ કરીને સનત ચંદાને કહેતો હતો; 'અહીં સુધી પહોંચવા માટે મેં ખૂબ રાહ જોઈ છે. હવે તો સારાં સારાં સેન્ટરમાં જઈને જિંદગી બનાવવી છે!'

ચંદાથી પુછાઈ ગયું; 'કોને માટે?'

સનત ઉશ્કેરાઈ ગયો; 'તારા માટે નહીં! તારી બ્લડી બિલાડી માટે તો નહીં જ! હું અમેરિકન નથી કે કૂતરાં-બિલાડાં પાછળ દલ્લો છોડતો જાઉં!'

સનતના આવેશથી ફીકા પડી ગયેલા ચહેરે ચંદા ચૂપ રહીને કારકિર્દીના વળાંકે બેનકાબ થયેલા સનતની શિકલને જોઈ રહી એટલે એ વધુ ઉશ્કેરાયો; 'સિંગલ વુમન મધર બની શકે. પેટના મેટિંગની કાળજી લઈ શકાય. તો પછી સંપૂર્ણ તંદુરસ્ત પુરુષ એવો હું મારી જાતને શા માટે અન્યાય કરું?'

'ન્યાય થાય તેવો ક્યો રસ્તો તને પસંદ છે?'

'સાંભળવું છે?' લુચ્ચું હસતાં સનત બોલ્યો; 'મારું ચાલશે તો હું કરણ જોહર ને તુષાર કપૂરના રસ્તે જવું પસંદ કરીશ!'

એ બે અપરિણીત હસ્તી સેરોગેસી દ્વારા પિતા બની હતી એ યાદ આવતાં ચંદાને આંખે અંધારાં આવ્યાં. પોતે સામે ચાલીને ખેલદિલીથી સનતના સંતાનને પોતાનું પણ ગણીને ઉછેરવા તૈયારી બતાવી હતી પણ જવાબમાં સનતે એનો વિકારી ચહેરો ઉઘાડો કર્યો હતો. વ્યથિત ચંદા સોફા પર જ સૂઈ ગઈ. અર્ધો કલાક પછી એ ઊઠી ત્યારે વિજેતાનું સ્મિત રેલાવતાં સનતે કહ્યું; 'હમણાં જ મેસેજ આવ્યો કે મને દિલ્હીમાં જ મારી ચોઇસનું પોસ્ટિંગ મળ્યું છે!'

'ખૂબ સારું થયું. મારી ત્યાં ટ્રાન્સફર થઈ શકશે.'

'ના. હમણાં તું અહીં જ ઠીક છે!'

શાક લઈને આવતી વિભાએ સોસાયટીના ગેટ પાસેથી ટેક્ષીને ઊપડતાં અને ટેક્સીની દિશામાં જોઈ રહેલી હતપ્રભ ચંદાને જોઈ. -'સનતભાઈ ગયા?' -'હા.'- 'મને તારી કંપની વધુ મળશે. હું પણ સિંગલ અને હવે તું પણ.'

ફ્લેટનું તાળું ઉઘાડતાં વિભા બોલીઃ 'ચાલ, મારે ઘેર. સાથે ચા પીએ!'

ઉદાસ ચંદાએ કહ્યું; 'ના. હું ખૂબ થાકી ગઈ છું. આજે વહેલી ઊંઘી જવાની છું.'

ફ્લેટનું ઠાલી વાસેલું બારણું ઉઘાડીને ઘરમાં પ્રવેશતી ચંદાએ સીડીના પગથિયે બેઠેલી હનીને જોઈ. ચંદાએ એને બોલાવી, ઘરમાં આવવાનું કહ્યું પણ

એ અજાણીની જેમ કાન સપાટ રાખીને બેસી રહી. ચંદા હનીને ઊંચકીને ઘરમાં લાવી. હનીની આંખમાં જોઈને એ બોલી; 'તને પણ હું અળખામણી લાગું છું?'

હની પાસે પાણી અને ખાવાના બે બાઉલ મૂકી; પોતે લુસલુસ જમી, ઊંઘની ગોળી લઈને; ચંદા બેલાના રૂમમાં હંમેશ મુજબ સૂતી.

ભરઊંઘમાં પણ ચંદાને એનું પડખું ખાલી લાગ્યું. રૂમના ખૂણામાં બે પગ પર હની બેઠી હતી. એની આંખ ચમકી રહી હતી. ચંદાએ હાથ લંબાવીને બેડસ્વીચ ઓન કરી. હની ચંદા તરફ જોઈ રહી હતી. પ્રકાશમાં દાંત બતાવતી એ ધૂરકી. પછી હનીએ ઊભી થઈને અક્કડ શરીરને બે આંચકા આપ્યા. એ બહાર ગઈ અને તરત જ પાછી આવીને પહોળી આંખે કાન આગળ પાછળ કરતાં ચંદાની સામે જોઈ રહી.


હનીનો આ ઉત્પાતી દેખાવ જોઈને રાતના એકાંતમાં ચંદાના શરીરમાંથી ધ્રુજારી પસાર થઈ ગઈ. એ ઊંઘમાં હશે ત્યારે હની આક્રમક બનશે તો? ચંદા પાણી પીવા રસોડામાં ગઈ. હની પાછળ આવીને રસોડામાં ફરતો આંટો મારીને સનતના રૂમમાં ગઈ. ચંદાએ બેલાના રૂમમાં જઈને બારણું અંદરથી વાસી દીધું. ઊંઘભરી આંખે પણ ચંદા બેડ પર બેસીને બંધ બારણા પાસે આવીને પંજો, શરીર ઘસતી હનીનું હળવું મિયાઉં સાંભળવાની પ્રતીક્ષા કરી રહી.

રૂમના બારણા પાસે કંઈ હલચલ થઈ નહીં. દવાની અસર નીચે નીંદરમાં સરતી ચંદાએ વિચાર્યું કે હનીના વર્તનમાં આવેલા પરિવર્તનની મિરાન્ડાને જાણ કરીને યોગ્ય ઉપાય કરવા માટે એનું માર્ગદર્શન હવે મેળવવું જ પડશે. હનીને પહેલાંની જેમ પોતાની કરવી જ પડશે.

વળતી સવારે સાત વાગે ચંદા સફાળી જાગી, રૂમનું બારણું ઉઘાડીને એ બહાર દોડી ગઈ. એણે હનીને સનતના રૂમમાં જોઈ નહીં. રસોડામાં જોઈ નહીં. એ ડ્રોઈંગરૂમમાં આવી અને એને ધ્રાસકો પડ્યો. બાલ્કનીનાં બાર રાતે બંધ કરવાનું એ ભૂલી ગઈ હતી. ચંદા બાલ્કનીમાં ગઈ. ચંદાની રાહ જોતી હોય તેમ બાલ્કનીમાં ઊભેલી વિભા બોલી; 'ગજબની ઊંઘ છે તારી, ચંદા! કેટલી બેલ મારી પણ તેં બાર ખોલ્યાં જ નહીં. તુલસીને પાણી પાવા હું બાલ્કનીમાં આવી ત્યારે મેં સામેની અગાસીની પાળી પર ચાલતી હનીને જોઈ હતી...'

અકસ્માત પછીના ઓપરેશનની હૃદયવિદારક પીડા ચંદાએ બીજીવાર અનુભવી.


❑❑❑



આપણી સમસ્યાઓ અને વિજ્ઞાનની ઉપેક્ષા

☐ દીપક જોશી

વિશ્વની જાણીતી મીડિયા કંપની ફોર્બ્સની વેબસાઇટ www.forbes.com પર ૧લી એપ્રિલ, ૨૦૨૦ના રોજ અમેરિકન વિજ્ઞાન લેખક ઇથેન સીગલનો એક રસપ્રદ લેખ પ્રસિદ્ધ થયો છે. કોવિડ-૧૯ સામે પગલાં ભરવામાં કેટલાક દેશોએ કરેલા વિલંબ માટે વૈજ્ઞાનિક તથ્યોના ઇન્કારનું વલણ


રોબર્ટ ક્રીસ

જવાબદાર હોવાનું સીગલ જણાવે છે. વૈજ્ઞાનિકો, તબીબો કે અન્ય ક્ષેત્રોના નિષ્ણાતોની ચેતવણીઓની સામાન્ય લોકો અને શક્તિશાળી નેતાઓ પરવા પણ કરતા નથી. કપોળકલ્પિત વાતો કે અંગત સમજના આધારે ઉપલબ્ધ વૈજ્ઞાનિક પુરાવાથી વિરુદ્ધ માન્યતાઓ ધરાવતા લોકોની સંખ્યા નાની સૂની નથી હોતી. પૃથ્વી ગોળ નહીં પણ સપાટ છે તથા માનવીએ ચંદ્ર પર પગ મૂકવાની વાત એક છેતરપિંડી હોવાની માન્યતાઓ કોઈ એક સમયે વ્યાપક હતી. ભારત સહિતના દેશોમાં કેટલાક સમુદાયોના રસીકરણ વિરોધી વલણ સામે સમજાવટથી રસીકરણના કાર્યક્રમો સફળ બનાવવાનું કામ સરકારી તંત્ર માટે ખૂબ અઘરું સાબિત થતું હોય છે. ઓરીની રસીથી 'autism' નામની બીમારી લાગુ પડતી હોવાની અમેરિકનોની માનસિકતા પણ મોટી સમસ્યા બની રહી છે. 5G વાયરલેસ ટેક્નોલોજી માણસના સ્વાસ્થ્ય માટે જોખમી હોવાના કોઈ પુરાવા ન હોવા છતાં તેવા કારણસર લોકો તેનો વિરોધ કરે છે. વૈજ્ઞાનિક તથ્યોના અસ્વીકારનું સૌથી મોટું જોખમી ઉદાહરણ કાર્બન ઉત્સર્જન, વૈશ્વિક તાપમાનમાં વધારો અને જળવાયુ પરિવર્તન વચ્ચેના સંબંધનો અસ્વીકાર અને તે અંગે સમયસર અને યોગ્ય પગલાં નહીં ભરવાનું છે. પૂરતી ચકાસણીને આધારે જે પ્રક્રિયાઓ, ઉપચારો કે ટેક્નોલોજીનું સુરક્ષિતપણું અને અસરકારકતા પ્રસ્થાપિત થયેલાં હોય તેમની અવગણના વિશ્વ સમક્ષનો મોટો પડકાર છે. વિજ્ઞાનની અવજ્ઞા કરવાની માનસિકતા અને પરંપરાઓનાં ઘણાં ઉદાહરણ ઇતિહાસનાં પાને અંકિત થયેલાં છે.

અમેરિકન વિજ્ઞાન ઇતિહાસકાર રોબર્ટ ક્રીસના મતે વિજ્ઞાનનાં તથ્યોના ઇન્કારનું કારણ હંમેશાં તર્કહીનતા કે હકીકતોની જાણકારીનો અભાવ નથી. પરંતુ આર્થિક, ધાર્મિક કે રાજકીય ક્ષેત્રોનાં શક્તિશાળી જૂથોનાં હિત સંકળાયેલાં હોય તેવી બાબતો પર આવાં વલણનો પ્રભાવ સવિશેષ જોવા મળે છે. તથ્યોના અસ્વીકારનું વલણ જાત સાથેની છલના પણ છે. તેમ છતાં પોતાની માન્યતા વિરુદ્ધના તથ્ય અંગે શંકા સેવી તેની ટીકા કરવાનું મનોવલણ ખૂબ સામાન્ય છે. અંગત માન્યતાઓ કે નિહિત સ્વાર્થ જેવાં કારણોસર વૈજ્ઞાનિક


તથ્યોનો ઇન્કાર કરવાની વર્તણૂક 'Science Denialism' તરીકે ઓળખાય છે. વિજ્ઞાનની ઉપેક્ષાનો આ ખ્યાલ તથા તેનું મહત્ત્વ સમજવા તાજેતરના ઇતિહાસની કેટલીક ઘટનાઓ, તેમની સાથે સંકળાયેલ વ્યક્તિ વિશેષો અને સમસ્યાઓ પર નજર કરીએ.

(૧)

૧૯૯૯થી ૨૦૦૮ દરમ્યાન દક્ષિણ આફ્રિકાના પ્રમુખપદે થાબો મેબેકી બિરાજતા હતા. AIDS બીમારીનું કારણ HIV (Human Immunodeficiency Virus) હોવાનું તેઓ સ્વીકારવા તૈયાર ન હતા. તેમની દૃષ્ટિએ ગરીબી સાથે સંકળાયેલી કુપોષણની સમસ્યા જ AIDS માટે એકમાત્ર જવાબદાર હતી. તેમની નીતિઓમાં એન્ટીરિટ્રોવાયરલ દવાઓથી AIDSના ઉપચારનો સમાવેશ થયો નહીં. તેમના આરોગ્ય પ્રધાને તો લસણ, બીટ અને લીંબુના રસનો સમાવેશ AIDSની ઉપચાર પદ્ધતિઓમાં કરેલો. પરિણામે, સંખ્યાની દૃષ્ટિએ દુનિયામાં AIDSના સૌથી વધુ દર્દીઓ ધરાવતા દક્ષિણ આફ્રિકામાં મેબેકીના શાસન દરમ્યાન ૩ લાખ જેટલા દર્દીઓ મોતને ભેટ્યાનો અંદાજ છે.

(૨)

૧૫૦ વર્ષ જૂના બ્રિટિશ સામયિક 'નેચર'ના ૨૦૧૯ના છેલ્લા અંકમાં પસંદગીના દસ વૈજ્ઞાનિકોનો પરિચય વાંચવા મળે છે. સૌથી પહેલું નામ ૭૨



રિકાર્ડો ગાલ્વાઓ

વર્ષના રિકાર્ડો ગાલ્વાઓનું છે. 'Science Defender' તરીકે તેમની ઓળખાણ અપાઈ છે. ફ્યુઝન ફિઝિક્સના આ અગ્રણી વૈજ્ઞાનિક બ્રાઝિલની નેશનલ ઇન્સ્ટિટ્યુટ ફોર સ્પેસ રીસર્ચના વડા હતા. એમેઝોનનાં જંગલોમાં મોટા પાયે થયેલ વૃક્ષછેદન અંગેનો અહેવાલ તેમના વડપણ હેઠળના વૈજ્ઞાનિકોના જૂથે જાહેર કર્યો. તેમાં જણાવાયું હતું કે બ્રાઝિલમાંના એમેઝોન જંગલનો ૯૭૬૨ ચો. કિ.મી. વિસ્તાર એક વર્ષમાં સાફ થઈ ગયો છે. બ્રાઝિલના રાષ્ટ્રપતિ બોલ્સોનારોએ પત્રકારોને જણાવ્યું હતું કે આ અહેવાલ વૈજ્ઞાનિકોએ પર્યાવરણવાદીઓ સાથે ભળી જઈને રચેલ ષડયંત્ર છે. દેશની ટોચની સંશોધન સંસ્થા અને તેના વૈજ્ઞાનિકોની નિષ્ઠા પરના પ્રશ્નાર્થથી રિકાર્ડો ગાલ્વાઓ ખિન્ન હતા. પ્રતિકારરૂપે તેમણે રાષ્ટ્રપતિ સાથે

પોતાના અહેવાલની યથાર્થતા સાબિત કરવા ચર્ચા-બેઠક કરવાની તૈયારી બતાવી. જંગલોમાં થતાં રહેતાં વૃક્ષછેદન અંગે ઉપગ્રહો દ્વારા પ્રાપ્ત થતી માહિતીની ચોકસાઈ અંગે અગાઉ પણ ગાલ્વાઓ સરકારી તંત્ર સાથે ઘર્ષણમાં આવ્યા હતા. પરિણામે ગાલ્વાઓને INPEના નિયામક પદેથી દૂર કરવામાં આવ્યા. એમેઝોનનાં વિશ્વનાં સૌથી મોટાં વર્ષાવનો આવા નિકંદનના કારણે એવા 'Tipping Point' પર આવીને ઊભાં છે કે તેમને પુનર્જીવિત કરવાનું લગભગ અશક્ય બની ગયું છે. સમગ્ર દક્ષિણ અમેરિકાના વર્ષાચક્રના નિયમનમાં આ જંગલોનું ખૂબ મહત્ત્વ છે. રાજકીય દબાણોનો સામનો કરી, બહાદુરીપૂર્વક વૈજ્ઞાનિક તથ્યોનો બચાવ કરવા માટે ગાલ્વાઓને વિશ્વભરના વૈજ્ઞાનિકો અને બ્રાઝિલની જનતાનો આદર પ્રાપ્ત થયો છે. ગાલ્વાઓએ કહ્યું છે કે કોઈ પણ દેશના નેતાએ સમજવું પડશે કે વૈજ્ઞાનિક બાબતમાં વિજ્ઞાનથી સર્વોપરી કોઈ સત્તા નથી.


એન્ડ્રુ વેકફિલ્ડ

(૩)

૨૦૧૫ પહેલાંના ઇટલીમાં મીઝલ્સ (ઓરી) અને રુબેલાની રસીઓ સામે આધાર વિનાની માન્યતાઓ પ્રવર્તતી હતી. ઇંગ્લેન્ડના એક તબીબ એન્ડ્રુ વેકફિલ્ડના સંશોધન દ્વારા ઓરી, ગાલપચોળિયું અને રુબેલા સામે MMR રસીથી બાળકોમાં autism નો રોગ થતો હોવાનું પ્રતિપાદિત કરવાનો પ્રયત્ન થયો હતો. પરંતુ પછીથી તે સંશોધન અપ્રમાણિક અને ખોટું સાબિત થતાં વેકફિલ્ડનું તબીબ તરીકેનું લાઈસન્સ રદ થયેલું. તેમ છતાં રસીકરણના વિરોધીઓએ અપપ્રચાર માટે તેનો ઉપયોગ કરવાનું ચાલુ રાખેલું. ઇટલીની કેટલીક નીચલી અદાલતોએ પણ વેકફિલ્ડના સંશોધનના આધારે દેશની નેશનલ હેલ્થ સર્વિસ દ્વારા પૂરી પડાયેલ રસી ખામીયુક્ત અને બિનઅસરકારક હોવાના તારણ સાથે લાખો રૂપિયાનું નુકસાન ભરપાઈ કરવાના દાવાઓ વાલીઓની તરફેણમાં ફેંસલા કરવાનું શરૂ કરેલ. આવી ઘટનાઓને કારણે ૨૦૧૨માં રસીકરણમાંથી પ્રજાનો વિશ્વાસ ઊઠી ગયો હતો. અપીલ અદાલતો સમક્ષ રજૂ થયેલા નીચલી અદાલતના ચુકાદા ૨૦૧૫માં રદ થયા હતા. પરંતુ ત્યાં સુધીમાં નુકસાન તો થઈ ચૂક્યું હતું. ૧૯૯૫ બાદ બેપ્પે ગ્રીલો

નામના એક જાણીતા હાસ્ય અભિનેતા રસીકરણનો વિરોધ કરવા માટે ખૂબ મશહૂર થયા હતા. તેમણે 'Five Star Movement' નામના એક રાજકીય પક્ષની સ્થાપનામાં જોડાઈ ઇટલીની બહુદલીય સરકારમાં ભાગીદારી પણ કરી હતી. જે સરકાર વિજ્ઞાન વિરોધી વલણ માટે જાણીતી બનેલી.

થોડાં વર્ષો પહેલાં ડેવિડ વેન્નો નામના એક સંશોધકે 'સ્ટેમીના થેરાપી' નામે પાર્કિંસન્સ બીમારીને મટાડી શકે તેવી ચેતાતંતુઓને પુનર્જીવિત કરતી ઉપચાર પદ્ધતિ જાહેર કરેલી. આ કહેવાતી શોધની અસરકારકતા ચકાસવા કોઈ ક્લિનિકલ ટ્રાયલ્સ થયા ન હતા કે ન તો જાણીતાં સંશોધન સામયિકમાં તે શોધ પ્રસિદ્ધ થઈ હતી. છતાં ઘણી મોટી ફી દઈને નાઈલાજ દર્દીઓની સારવાર ડેવિડે ચાલુ રાખેલ. ઇટલીની આરોગ્ય સંસ્થાએ આ સારવાર બિનસલામત હોવાનું જાહેર કર્યા છતાં લોકોનું વલણ ધ્યાને લઈ ખાનગી તબીબોને તેવી સારવાર કરતાં સરકારે અટકાવ્યા ન હતા. જો કે છેલ્લે 'સ્ટેમિના થેરાપી' ને ગેરકાયદેસર ઠરાવવાની ફરજ પડી હતી અને ડેવિડ વેન્નોને ૨૧ માસની સજા થઈ હતી.

આવી પરિસ્થિતિમાં ત્યાંના અગ્રણી વિષાણુશાસ્ત્રી રોબર્ટો બુરિયોનીનો શક્તિશાળી અવાજ ૨૦૧૫-૧૬ના વર્ષથી ઇટલીની પ્રજાના અવૈજ્ઞાનિક ખ્યાલો અને



રોબર્ટો બુરિયોની

જાહેર આરોગ્યની સમસ્યાઓને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી મૂલવવામાં અગત્યનો થઈ પડ્યો છે. જે દેશમાં ક્યારેક સરકાર પણ ભળતી દવાઓ અને પુરવાર થયા વિનાની સારવારોને પ્રોત્સાહન આપતી હતી તે દેશમાં બુરિયોની બનાવટી વિજ્ઞાનના કઠોર ટીકાકાર બની ચૂક્યા છે અને રસીકરણ તથા દવાઓ માટે વૈજ્ઞાનિક આધાર-પુરાવાના આગ્રહી બની રહ્યા છે. રસીકરણના વિરોધીઓ તરફથી તેમને તથા તેમની આઠ વર્ષની પુત્રીને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળી છે.

કોવિડ-૧૯ ઇટલીમાં હાહાકાર મચાવશે એવી ચેતવણી આપનાર ગણ્યાગાંઠ્યા વૈજ્ઞાનિકોમાં બુરિયોની સામેલ હતા. તેઓ વાઈરસનો ફેલાવો અટકાવવા તાત્કાલિક રીતે સામાજિક અંતરના આગ્રહ સાથે કડક પગલાં ભરવાના હિમાયતી હતા. પરંતુ શરૂઆતમાં તેમના અભિપ્રાયો પર ધ્યાન આપવામાં આવ્યું ન હતું.

એકાદ અઠવાડિયા પછી સરકારને તેની ગંભીરતાનો ખ્યાલ આવ્યો હતો. લોકડાઉન અને યાતાયાત પર પ્રતિબંધ જેવાં કડક પગલાં ભરવામાં ઇટલીએ કરેલ વિલંબ અંગે તેઓએ નિરાશા વ્યક્ત કરી છે. ઇટલીમાં હજારો મૃત્યુ કોવિડ-૧૯ના કારણે નોંધાયા છે, તે હકીકત બુરિયોનીના વૈજ્ઞાનિક અભિગમને સમર્થન આપે છે.

(૪)

ડૉ. લી વેનલિયાંગ ચીનના વુહાનની સેન્ટ્રલ હોસ્પિટલમાં એક તબીબ તરીકે સેવા આપતા હતા. તેમણે ૩૦ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ We Chat નામના સોશિયલ મીડિયા પ્લેટફૉર્મથી પોતાના સહપાઠી મિત્રોને એક સંદેશો



ડૉ. લી વેનલિયાંગ

પાઠવ્યો હતો. ડૉ. લીએ SARS વાઈરસ જેવા જણાતા એક અન્ય જીવલેણ કોરોના વાઈરસથી બીમાર સાત દર્દીઓને તપાસ્યા હતા. આ નવા કોરોના વાઈરસથી ઊભા થઈ રહેલાં જોખમોથી પોતાના મિત્રોને વાકેફ કરી તેના સંક્રમણથી બચવા સ્વરક્ષણ માટે જરૂરી ઉપાયો કરવા ચેતવ્યા હતા. ચાર દિવસ બાદ એમને પબ્લિક સિક્યુરિટી બ્યૂરો ખાતે હાજર થવા ફરમાન થયું હતું. ત્યાંના અધિકારીઓએ તેમને એક કાગળ પર સહી કરાવી પોતાની સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો હોવાના કથિત આરોપનો સ્વીકાર કરાવવામાં આવ્યો હતો. ડૉ. લીને નવા કોરોના વાઈરસ અંગે ખોટી અફવા ફેલાવવા બદલ સખત ઠપકો આપવામાં આવ્યો હતો.

ડૉ. લીને હોસ્પિટલમાં સેવા આપતા દરમ્યાન ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ કફ સહિતનાં નવા કોરોના વાઈરસનાં લક્ષણો જણાયાં હતાં. તેથી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ કોવિડ-૧૯ના સંક્રમણથી તેઓ સંક્રમિત હોવાનું જાહેર થયું હતું. મૃત્યુ પહેલાં એક Weibo પોસ્ટ દ્વારા ડૉ. લીએ આ માહિતી આપી હતી. ચીની સમાચાર માધ્યમોના જણાવ્યા પ્રમાણે ડૉ. લી ૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ના દિવસે કોવિડ-

૧૯ મહામારીથી મૃત્યુ પામ્યા હતા.

ડૉ. લીના મૃત્યુના કારણે ચીનના તબીબો, વૈજ્ઞાનિકો, વકીલો અને પત્રકારોએ માહિતી નિયંત્રણ અંગેના સત્તાધારી પક્ષના અધિકારને પડકાર્યો છે. એક સામાન્ય તબીબ દ્વારા નવા પ્રકારની બીમારીથી સાવચેત રહેવા પોતાના સાથી તબીબોને અપાયેલી માહિતીને 'અફવા' નહીં પરંતુ 'નવા પ્રકારની બીમારીનો સામનો કરવા તૈયાર થવાની ચેતવણી' તરીકે સ્વીકારવાની જરૂર હતી. ડૉ. લીના મિત્રો વચ્ચે વહેંચાયેલ માહિતીનો ઉપયોગ તાત્કાલિક રીતે યોગ્ય પગલાં લેવા માટે થયો હોત તો ચીન સહિતના દેશોમાં કોવિડ-૧૯થી થઈ રહેલાં હજારો મૃત્યુ સંભવતઃ નિવારી શકાયાં હોત.

૨૦ માર્ચ, ૨૦૨૦ના રોજ કેટલાંક સમાચાર માધ્યમોએ જણાવ્યું કે કોવિડ-૧૯ અંગે સૌ પ્રથમ જાણકારી આપી ચેતવનાર વુહાનના ડૉ. લી વેનલિયાંગના કુટુંબની ચીનના સામ્યવાદી પક્ષ દ્વારા આદરપૂર્વક માફી માગવામાં આવી છે. આ વ્હીસલ બ્લોઅર સામે કાર્યવાહી કરનાર બે પોલીસ અધિકારીઓ સામે શિસ્તભંગનાં પગલાં લેવામાં આવ્યાં છે. CNNના એક અહેવાલ પ્રમાણે ચીનની સર્વોચ્ચ અદાલત દ્વારા પણ ડૉ. લી અને અન્ય 'અફવા ફેલાવનારાઓ'ની તરફેણમાં નિરીક્ષણ કરેલ છે, ''દેશની જનતાએ આ 'અફવા'ને સમયસર કાને ધરી હોત તો તે એક ભાગ્યશાળી ઘટના હોત.'' પોતાના મૃત્યુ પહેલાં એક સામયિક 'Caixin'ને આપેલી મુલાકાતમાં ડૉ. લી વેનલિયાંગે કહ્યું હતું કે, ''I think a healthy society should not have one kind of voice.'' હવે તો વિશ્વ તેમને સૌથી પહેલા ''Corona Warrior'' તરીકે યાદ કરતું રહેશે.

(૫)

''How dare you? You have stolen my dreams and childhood...'' જેવા તેજાબી શબ્દોથી જાણીતું થયેલું પ્રવચન ગ્રેટા થુનબર્ગ નામની કિશોરીએ તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ યુનાઇટેડ નેશન્સની ક્લાઇમેટ એક્શન સમિટમાં આપ્યું હતું. તેણે જળવાયુ પરિવર્તન રોકવા અસરકારક પગલાં ન લેવા બદલ વિશ્વના નેતાઓનો ઊધડો લીધો હતો. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા માત્ર થોડા સમય માટે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી તેની ઉપેક્ષા કરવામાં આવી હતી. એ નોંધનીય છે કે ચીન



ગ્રેટા થુનબર્ગ

પછી સૌથી વધુ કાર્બન ઉત્સર્જન કરતો દેશ અમેરિકા છે. ડોનાલ્ડ ટ્રમ્પ હંમેશાં જળવાયુ પરિવર્તનના પડકારનો ઇન્કાર કરતા રહ્યા છે અને તેમના કાર્યકાળ દરમ્યાન તેને ખાળવા માટે બનેલા અમેરિકાના ઘણા કાયદાઓનું અમલીકરણ અટક્યું છે. 'ટાઇમ' સામયિક દ્વારા ગ્રેટા થુનબર્ગને ૨૦૧૯ના 'Person of the Year' જાહેર કરવામાં આવી ત્યારે ટ્રમ્પ દ્વારા તેની ઠેકડી ઉડાડતું ટ્વીટ કરવામાં આવ્યું હતું. અમેરિકાના પ્રમુખે ગ્રેટાને પોતાનો ગુસ્સો કાબૂમાં રાખવા ફિલ્મ જોવા જવાની અને હળવા થવાની સલાહ આપી હતી.

સમગ્ર માનવજાતને અસર કરી રહેલ જળવાયુ પરિવર્તનની અસરને નજર અંદાજ કરવામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કે તેમની સરકાર એકલાં નથી. અન્ય વિકસિત અને કેટલાક વિકાસશીલ દેશો પણ સામી ભીંત પર લખેલી ચેતવણી વાંચવા તૈયાર નથી.

(૬)

અમેરિકાનું નોર્થ કેરોલિના રાજ્ય લાંબો દરિયા કિનારો ધરાવે છે. ૨૦૧૦માં રાજ્યના કોસ્ટલ રિસોર્સ કમિશને જળવાયુ પરિવર્તનની સમસ્યા ધ્યાનમાં લઈ એક અહેવાલ તૈયાર કરેલો. વધતા જતા તાપમાનને કારણે સમુદ્રની સપાટીમાં સદીના અંત સુધીમાં ૩૯ ઇંચ જેટલો વધારો થવાની શક્યતા તેમાં દર્શાવવામાં આવી હતી. Worst Case Scenario Modelનો ઉપયોગ કરી આ શક્યતા રજૂ થયેલી. H.B. 819 નામે ઓળખાતો કાયદો પસાર કરી રાજ્યની ધારાસભાએ આવા આત્યંતિક શક્યતાદર્શક અહેવાલનો ઉપયોગ દરિયાકિનારાના વિકાસને લગતી નીતિઓના ઘડતરમાં નહીં કરવાનું ૨૦૧૨માં ઠરાવેલ. અધિકારીક રીતે જણાવાયું કે સમુદ્ર સપાટીમાં વધારાનો અંદાજ મેળવવાની વૈજ્ઞાનિક પદ્ધતિમાં સુધારાની જરૂરત છે. હકીકતમાં પ્રવાસન ઉદ્યોગ અને દરિયા કિનારાની મિલકતોની કિંમતોને વિપરીત અસર થવાની શક્યતાઓને કારણે સ્થાપિત હિતો જોખમાય તેમ હતું. ૨૦૧૨ બાદ દરિયા કિનારા પર બહુ મોટા પાયે વિકાસ અને બાંધકામનાં કામો હાથ ધરાયાં હતાં. પરંતુ ૨૦૧૮માં આવેલ હરિકેન ફ્લોરેન્સે રાજ્યમાં વેરેલ તારાજી અને હજારો લોકોના બળપૂર્વક કરવા પડેલા સ્થળાંતરે જળવાયુ પરિવર્તનના ભયને સાચો ઠેરવ્યો હતો. ફ્લોરિડાના ગવર્નર રીક સ્કોટ દ્વારા તો સરકારી પત્રવ્યવહારોમાં "Climate Change" અને "Global Warming" જેવા શબ્દોનો ઉપયોગ ટાળવાની સૂચના પણ અપાઈ હતી!

(૭)

૧૬ માર્ચ, ૨૦૨૦ના રોજ દિલ્હીની એક ઘટનામાં અખિલ ભારતીય હિંદુ મહાસભાના અધ્યક્ષ સ્વામી ચક્રપાણીએ કોવિડ-૧૯ની મહામારીથી બચવા ગોમૂત્ર અને ગોબરના ઉપયોગની

હિમાયત કરી હતી. તે માટે 'ગોમૂત્ર' પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત ભક્તોએ ગાયના મૂત્રનું પાન કર્યું હતું. કોરોના ભગવાનને ખીર, પૂરી તથા ભાતનો પ્રસાદ ધરીને ભારતમાંથી બીમારીને ભગાડવા પૂજા પણ કરવામાં આવી હતી. અખબારી અહેવાલો પ્રમાણે સ્વામી ચક્રપાણીના એક ભક્ત ઓમપ્રકાશે ગરમ પાણીમાં ગોમૂત્રનું મિશ્રણ કરી ગોબરથી સ્નાન કરવા હાજર સૌને અનુરોધ કર્યો હતો, જેથી બીમારી લાગુ પડી શકે નહીં. અગાઉ તો સ્વામી ચક્રપાણીએ કોરોના વાઈરસ નાના જીવોની રક્ષા માટે ધારણ થયેલ એક અવતાર હોવાનું પણ જણાવ્યું હતું.

દક્ષિણ કોરિયાના ગ્યાઓનગી શહેરના એક ચર્ચમાં સ્થાનિક પાદરીએ કોરોનાના કોપથી બચવા પોતાના ભક્તોના મોંમાં ચમચીથી મીઠાનું પાણી નાખવાના કારણે ૪૬ ભક્તોને કોરોનાનું સંક્રમણ થયાના અને તેથી ચર્ચને બંધ કરી દેવાના અહેવાલો પણ છે. આ વિધિમાં એક જ ચમચીનો વારંવાર અને યોગ્ય રીતે જંતુમુક્ત કર્યા વિના ઉપયોગ થયો હતો તે નિર્વિવાદ છે. ભારતમાં દિલ્હી અને મલેશિયામાં કુઆલાલમ્પુરની મસ્જિદોમાં તબલિઘી જમાતે યોજેલાં સંમેલનોને કારણે ઊભી થયેલી પરિસ્થિતિનો સામનો કરવાનું જે તે દેશની સરકારો માટે દુષ્કર બની રહ્યું છે. પાકિસ્તાનના ધર્મગુરુઓ નમાઝ માટે એકઠા નહીં થવાની સરકારની સલાહ અને સૂચનાઓનો વિરોધ કરી રહ્યા છે. અમેરિકાના કેટલાક ખ્રિસ્તી સંપ્રદાયો આરોગ્ય સંબંધિત નિયંત્રણોની અવજ્ઞા કરે છે. લોકડાઉન નહીં લંબાવવા અને તેનાં નિયંત્રણો હળવા કરવાની માગણી માટેનાં અમેરિકામાં થઈ રહેલાં પ્રદર્શનોને રાજકીય નેતાઓનો ટેકો હોવાનું જગજાહેર છે.

કોવિડ મહામારીથી તા. ૩૦.૦૪. ૨૦૨૦ સુધીમાં વિશ્વભરમાં 32,71,198 જેટલા લોકો સંક્રમિત થયા છે અને 2,31,200 કરતાં વધારે જેટલા લોકો મૃત્યુ પામ્યા છે. આ રોગના પ્રતિકાર કે ઉપચાર માટે કોઈ રસી કે દવા શોધાઈ ન હોવાની જાહેરાતો વિશ્વ આરોગ્ય સંસ્થા અને વિશ્વભરની સરકારોએ કરી છે. જાણીતા તબીબો અને સંશોધકોની જાહેર માધ્યમો પર પ્રસારિત થતી ચર્ચાઓ અને પ્રસિદ્ધ થતાં મંતવ્યો દ્વારા પણ હાલ ઉપલબ્ધ ઉપચારો પૈકી કોઈ એક ઉપચાર કારગત સાબિત થયો હોવાની વાતને સમર્થન પ્રાપ્ત થતું નથી. સલામત સામાજિક અંતર જાળવવાનો તથા સંક્રમણથી બચવા અને અન્યને બચાવવા માટે હાથ ધોવા અને શ્વસન સ્વચ્છતા (cough and sneeze etiquette) જાળવવાનો સતત અનુરોધ થઈ રહ્યો છે. છતાં લાખ્ખો લોકો તેમ કરવામાં પરિસ્થિતિવશ નિષ્ફળ જાય છે અથવા તેમ કરવાનો ઇન્કાર કરે છે. કેટલાક ધાર્મિક,


સામાજિક અને રાજકીય નેતાઓ સિદ્ધ ના થઈ હોય તેવી ઉપચાર પદ્ધતિઓ કે કર્મકાંડોમાં લાગી જાય છે. આવી હરકતો સંક્રમણના અટકાવવાને બદલે ફેલાવામાં પણ પરિણમી શકે છે. આવાં કારણોસર જનમાનસ તર્કબદ્ધ રીતે વિચારવાનું છોડી ભ્રમિત થાય છે. અંતતઃ આરોગ્ય સહિતની વિવિધ સમસ્યાઓ અંગે વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલા ઉપાયો અજમાવવામાં લોકો નિષ્ક્રિયતા સેવે છે અને કેટલીક સરકારો તેમાં વિલંબ કરે છે.

ઉપરોક્ત ઉદાહરણો ૨૧મી સદીમાં પણ 'Science Denialism'ની બેસુમાર વ્યાપકતાનો નિર્દેશ કરે છે. આપણી માન્યતાઓ, સમજ અને અભિપ્રાયો ગમે તે હોય પરંતુ વૈજ્ઞાનિક તથ્યોમાં ફેરફાર થઈ શકતો નથી. ઇથન સીગલ સાચું જ કહે છે કે જે સમાજ વૈજ્ઞાનિક વિચારણાને સ્વીકારી ઉત્તમ વૈજ્ઞાનિક પુરાવા અને જ્ઞાનને પોતાની જાહેર નીતિમાં સમાવેશ કરે છે તેવા સમાજમાં સૌ વધારે સુખી રહી શકે છે. મનુષ્યોની રોજબરોજની જિંદગીને સુધારવા માટે જ નહીં પરંતુ જટિલ સમસ્યાઓનો સામનો કરી માનવજાતનું સાર્વજનિક હિત સાધવા માટે આપણે વૈજ્ઞાનિક તથ્યોને કાને ધરવાનું જરૂરી બન્યું છે.

૨૦૧૫માં યુનાઇટેડ નેશન્સ દ્વારા 'ટકાઉ વિકાસ' હાંસલ કરવા ૧૭ Sustainable Development Goals નિર્ધારિત થયાં છે. ગરીબી અને ભૂખમરો નાબૂદ કરવાની સાથે આર્થિક અસમાનતા ઓછી કરવાનું લક્ષ પણ સામેલ છે. પાણી, ઊર્જા, સ્વાસ્થ્ય અને શિક્ષણની ગુણવત્તાયુક્ત સેવાઓ સૌને પહોંચાડવાની છે. સાથે જ જલવાયુ પરિવર્તન રોકવા તાત્કાલિક પગલાં ભરવાનું આહ્‌વાન પણ છે. વળી આ તમામ લક્ષો સિદ્ધ કરવા છેલ્લા લક્ષ તરીકે વૈશ્વિક ભાગીદારીની અનિવાર્યતા દર્શાવવામાં આવી છે. ૧૭ લક્ષ્યો હકીકતમાં માનવજાત સામેના પડકારો છે અને તેમનો સામનો કરવા વિશ્વએ ભગીરથ પ્રયત્નો કરવા પડશે. પરંતુ વિવિધ સમુદાયો અને શાસનકર્તાઓ દ્વારા વૈજ્ઞાનિક તથ્યોની અવગણના થતી રહેશે તો તે આપણા 'સામૂહિક આપઘાત'નું કારણ બનશે. વૈજ્ઞાનિકો, તજ્જ્ઞો, નીતિનિર્ધારકો, પ્રજાના પ્રતિનિધિઓ અને અમલદારો વચ્ચે વૈજ્ઞાનિક તથ્યોના સમર્થન માટે સતત સંવાદની ભૂમિકા સ્થાપવાથી સરકારની નીતિઓમાં તેમનું પ્રતિબિંબ પડશે. વૈજ્ઞાનિક તથ્યોની સામેલગીરીવાળી નીતિઓના અમલ માટે પ્રજાનાં વલણો-અભિપ્રાયોના ઘડતરમાં ભૂમિકા ધરાવતા શિક્ષકો અને મીડિયાકર્મીઓની મદદ પણ ઉપયોગી બનશે. વૈજ્ઞાનિક ઉપાયો અંગેની શંકાઓનું સતત સમાધાન કરી લોકોનો વિશ્વાસ પણ સંપાદન કરવો પડશે. લોક-કલ્યાણ માટે ઉપકારક વૈજ્ઞાનિક તથ્યોના સાર્વત્રિક સ્વીકાર માટે પ્રત્યાયનનાં અસરકારક સંસાધનો પણ પ્રયોજવાં પડશે. ❑❑❑

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૧૫. પ્રજાના પ્રશ્નો

જિલ્લાના રાજકીય નેતાઓ સાથેનો મારો અનુભવ એક અપવાદ સિવાય, સુખદ રહ્યો. મારી દૃષ્ટિએ એનાં બે મહત્ત્વનાં કારણો : પ્રથમ તે ભાવનગરના મૂળભૂત સંસ્કાર, સામાન્ય નાગરિકમાં હોય તે તત્ત્વ એનું પ્રતિનિધિત્વ કરનારમાં જોવા મળે તે નવાઈની વાત ગણાય નહીં. બીજું કારણ તે એ સમયની પોલિટિકલ કલ્ચર. સમય છે લગભગ ચાલીસ વર્ષ પહેલાંનો. ગુજરાતમાં બાબુભાઈ જશભાઈની સરકાર હતી.

જિલ્લા પંચાયતના પ્રમુખ હતા જયવંતસિંહ સરવૈયા. એમને મળવાનું તો ઘણું પાછળથી થયું, પણ હું હાજર થયો એના બીજા કે ત્રીજા દિવસે આવકારનો ફોન આવી ગયો. મ્યુનિસિપલ સ્કૂલોને બાદ કરતાં જિલ્લાનું પ્રાથમિક શિક્ષણ અમારા કાર્યક્ષેત્રમાં ન આવે, છતાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન પ્રીતમલાલ ત્રિવેદી ફોન કરીને રૂબરૂ મળવા આવ્યા.

પ્રસન્નવદન મહેતા ભાવનગર શહેરના એમ.પી. હતા. ચહેરા પર હંમેશાં નામને સાર્થક કરતું સ્મિત હોય. મૂળભૂત રીતે એ સામાજિક કાર્યકર અને સેવાનાં અનેક ક્ષેત્રોમાં સક્રિય હતા. આ અર્થમાં તે સાચા નેતા હતા, ચૂંટણીમાં મત મેળવીને ચૂંટાયા અને તે દાવે નેતા બન્યા એવું નહોતું.

'ગાંધીસ્મૃતિ' જેવી કેટલીક સંસ્થાઓમાં એ ટ્રસ્ટી હતા. મને યાદ છે ત્યાં સુધી, અન્ય એકાદ-બે ટ્રસ્ટમાં, હોદ્દાની રૂએ, શિક્ષણ અધિકારી પણ રહ્યા હતા, તેથી અમારે સાથે કામ કરવાના પ્રસંગો આવતા.

રાજકારણી વિશે મારા મનમાં જે કંઈ ખ્યાલ હશે એમાં ગોઠવાય નહીં. એક

કાર્યક્રમમાં અમે સ્ટેજ પર સાથે હતા. મારે બોલવાનો વારો આવ્યો ત્યારે, પ્રસંગની મર્યાદાની બહાર જઈ મેં કંઈક આવું વિધાન કર્યુંઃ 'પ્રસન્નવદનભાઈ રાજકારણી છે જ નહીં.'

કાર્યક્રમના અંતે મને કહે, 'તમે તો મારું ડીવેલ્યૂએશન કરી નાખ્યું!'

ધારાસભ્ય મણિભાઈ ગાંધી એડવોકેટ હતા, ઉપરાંત એક કોલેજના ટ્રસ્ટી હતા અને લો કોલેજમાં પાર્ટટાઈમ ભણાવવા પણ જતા. એમની મુલાકાત સાવ શરૂઆતમાં, હું માજીરાજ રેસ્ટહાઉસમાં રહેતો હતો ત્યારે થઈ. સરકારી રેસ્ટહાઉસ, અન્ય કોઈ કામે આવ્યા હશે અને જાણવા મળ્યું કે નવા અધિકારી રૂમ નંબર એકમાં છે, તો આવીને બારણું ખખડાવ્યું.

સ્પષ્ટતા કરી, 'એજ્યુકેશન ઓફિસરને નહીં, અંગ્રેજીના અધ્યાપકને મળવા આવ્યો છું.'

હું ઓફિસે જવાની તૈયારી કરતો હતો. થોડીવાર પછી અમે સાથે બહાર નીકળ્યા. મેં બારણું બંધ કર્યું.

એટલા પરિચયમાં પ્રમાણપત્ર આપી દીધું, 'રૂમ નંબર એક. બિલકુલ બરાબર છે. તમારે માટે રૂમ નંબર બે કે ત્રણ ન હોય.'

મણિભાઈનું આ વિધાન મેં નોંધ્યું. રદ કર્યું અને વળી પાછું પૂરી સમજ સાથે દાખલ કર્યું છે. પ્રશંસા નહીં રમૂજ હતી; એણે સંબંધને એક લય આપી દીધો. એકલા પડ્યા પછી તમે શબ્દોને નિરાંતે તપાસો, એમાંથી રમૂજ બાદ કરો, તો બીજા-ત્રીજા વાચને તમને જવાબદારીનું ભાન થાય. પાત્રતાનો સવાલ આવે, તે તમારામાં ન હોય તો મેળવવી પડે.

તે પછી ક્યાંક અમસ્તુ મળવાનું થતું હશે પણ કોઈ કામ લઈને આવ્યા હોય કે ફોન કર્યો હોય એવું મને યાદ નથી.

એકવાર ઓફિસે આવ્યા તે નોંતરું આપવા માટેઃ 'મારે ઘેર વાળું કરવા આવો.'

મારો સંકોચ જોઈને કહે, 'ચિંતા ન કરો, ટોળું નથી. તમારા ઉપરાંત બે જ મહેમાન છેઃ કલેક્ટર શ્રી. કે. સી. મહાપાત્ર અને ડી.ડી.ઓ. કું. સ્વતંત્ર શેખોન.'

ડિનર નહીં, વાળું. ભોંય પર આસન. શુદ્ધ કાઠિયાવાડી થાળીઃ બાજરીના રોટલા, રીંગણનો ઓળો, માખણ, ગોળનું દડબું.

પાલીતાણાના ધારાસભ્ય દલસુખભાઈ પટેલ લોકભારતીના વિદ્યાર્થી નેતા બન્યા પછી પણ પોતાની એ ઓળખ ગુમાવી નહોતી. એક વાર એમના મતવિસ્તારનો કોઈ પ્રશ્ન લઈને આવેલા ચર્ચા પૂરી થઈ તે પછી, સાથે આવેલા માણસોને વિદાય કરી, પોતે થોડીવાર રોકાયા.

વાતોનો વિષયઃ લોકભારતી અને મનુભાઈ. વિવાદ, ઝઘડા, આક્ષેપોઃ રાજકારણીની ઝોળીમાં માત્ર પથરા જ હોય?

વળા ઠાકોરસાહેબ પ્રવીણસિંહજી. વળા કહેતાં વલ્લભીપુરના ધારાસભ્ય. એમની સાથે ક્યારેય ફોન પર વાત થઈ

નહોતી. એક જ વાર મારી ઓફિસમાં આવેલા. પોતે મારી બાજુની ખુરશીમાં સ્થાન ગ્રહણ કર્યું. બેસવામાં છટા. રાજવીની ગરવાઈ.

સાથે બે માણસો હતા તે ખાસ્સા દૂર બેઠા.

મેં પધારવાનું નિમિત્ત પૂછ્યું, તો એમણે બીજી દિશામાં હાથ કર્યો, 'આ ભાઈઓ.'

મેં ભાઈઓને જોયા હતા, છતાં ફરીથી જોઈ લીધા.

'મારા મતવિસ્તારના છે. એમના ગામની સ્કૂલનો કંઈક પ્રશ્ન છે. ધે ટોલ્ડ મી સમથિંગ બટ, યુ નો, ધ કોમ્પ્લેક્સિટિઝ ઓફ યોર રુલ્સ એન્ડ રેગ્યુલેશન્સ-!'

ટૂંકમાં, તમે એમને સાંભળી લો.

તમે જાણો અને એ જાણે.

હું બેઠો છું.

સાક્ષીભાવ!

ભાઈઓ ખુશ. મોટા માણસ, તેઓ સ્વયં આપણી સાથે સરકારી કચેરીમાં પધારવાની તસ્દી લે અને માત્ર એમની શીળી હાજરીના પ્રતાપે આપણું કામ થઈ જાય-

એનાથી રૂડું શું?

*

એક ચિત્ર સંધ્યાના રંગોમાં.

સમય : વીસેક વર્ષ પછીનો.

સ્થળ : દિલ્હી એરપોર્ટ.

સરકારની રજા-પ્રવાસ યોજના નીચે અમે પ્રવાસે ગયાં હતાં - હું, મારાં પત્ની અને દીકરી કવિતા પાછા ફરતાં, અમદાવાદના વિમાનની પ્રતીક્ષામાં થોડો સમય પસાર કરવાનો હતો, લાઉન્જનો એક ખૂણો લગભગ ખાલી હતો ત્યાં જઈને અમે બેઠાં. સામેની સીટ પર એક વૃદ્ધ હતા. અમારું એ તરફ ખાસ ધ્યાન નહોતું, પણ એ આ પ્રવાસીઓને જોતા-સાંભળતા હશે.

થોડીવારે એમણે કવિતાને અંગ્રેજીમાં પૂછ્યું, 'અમદાવાદ જવાનું છે?'

'હા, જી.'

બાકીનો સંવાદ માતૃભાષામાં.

'આપ દરબાર છો?'

પોતાનો પરિચય આપ્યો. 'મારું નામ પ્રવીણસિંહ. હું મૂળ વલ્લભીપુરનો છું. વલ્લભીપુરનું નામ સાંભળ્યું છે? ભાવનગર પાસે આવ્યું.'

પોતાનું નામ ગામનું નામ. આગળ-પાછળ શણગાર નહીં. ભૂતપૂર્વ-? શૂન્ય.

મેં હળવેથી કહ્યું. 'વળા ઠાકોરસાહેબ?'

દીકરીને કહ્યું, 'બેટા, ફરી એકવાર પ્રણામ કરો.'

આમ, અમારી ઓળખાણ તાજી થઈ.

'યસ, યસ, આઈ રિમેમ્બર યુ. માય નેમસેક!'

વૃદ્ધત્વની અસર ખૂબ વરતાતી હતી. શરીર ક્ષીણ થઈ ગયું હતું.

ત્યાં એક ઊંચો, ફૂટડો જુવાન આવ્યો. એમનો ભાણેજ-જમાઈ. આર્મી ઓફિસર. એ હિમાચલ પ્રદેશનો હતો.

ઠાકોરસાહેબ ભૂતકાળ હતા, તે વર્તમાન હતો. **[ક્રમશઃ]**



નામદેવ લહુટે

કેમ સખી ચીંધવો પવનને-૩૯

☐ અનિલ રમાનાથ જોશી

નામદેવ લહુટેનું નામ ગુજરાતને સાવ અજાણ્યું લાગશે પણ આ મરાઠી માનુષે ગુજરાતી બાળ રંગભૂમિ માટે આખું જીવન ખર્ચી નાખ્યું છે એનો હું મુંબઈમાં સતત સાક્ષી રહ્યો છું. નામદેવ મૂળ વડોદરાના હતા. વડોદરામાં રહીને પણ આંશિક રીતે રંગભૂમિ સાથે સંકળાયેલા હતા. પરંતુ એમણે જોયું કે ગુજરાતમાં બાળકો માટે નાટકો કરવાં કે લખવાની કોઈ પરંપરા નથી એટલે નામદેવ લહુટે વડોદરા છોડીને કાયમ માટે મુંબઈ નિવાસી બની ગયા હતા. મધ્યમ કદનો બાંધો, શુદ્ધ ગુજરાતી બોલે, રસ્તામાં સામા મળે ત્યારે "પ્રભુ પ્રભુ" કહેતા ઉષ્માથી ભેટી પડે. નામદેવ આજીવન મુંબઈની ન્યુ એરા સ્કૂલમાં નાટ્યની તાલીમ આપતા શિક્ષક જ રહ્યા હતા પરંતુ નામદેવે ગુજરાતી

નાટકોમાં કેટલીક યાદગાર ભૂમિકાઓ પણ ભજવી હતી. "સખારામ બાઈંડર" જેવા નાટકમાં નાની પણ યાદગાર ભૂમિકા તરત યાદ આવે. મુંબઈમાં હું લેંગ્વેજ ઓફિસર તરીકે સેવા આપતો હતો ત્યારે અમે એક પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. એ પ્રોજેક્ટનું નામ હતું, "લેંગ્વેજ ડેવેલપમેન્ટ થ્રુ ડ્રામેટિક્સ એક્ટિવિટી." મુંબઈની અમારી નિશાળોમાં બહુજન સમાજનાં બાળકો ભણતાં હતાં ઝૂંપડપટ્ટીમાં વસતાં અને ગટરનાં પાણીમાં કાગળની હોડી તરાવીને આનંદ લેતાં આ ગરીબ બાળકોની સાઈકોલોજી એવી હતી કે વર્ગમાં કશું બોલે જ નહિ. સાવ ચૂપ રહે. હવે આ બાળકોને બોલતાં કરવા માટેનો અમારી પાસે એક જ વિકલ્પ હતો અને તે નિશાળોમાં નાટ્યપ્રવૃત્તિને વેગ આપવો. અમે આ પ્રોજેક્ટ શરૂ કર્યો ત્યારે સહુથી પહેલાં ગુજરાતીમાં કેટલાં બાળનાટકો છે એની તપાસ કરી પણ બહુ નિરાશા મળી. જો કે પ્રાગજી ડોસા અને વનલતા મહેતાએ બાળ રંગભૂમિ માટે અવશ્ય પ્રદાન કર્યું હતું પરંતુ સારાં બાળનાટકોની ક્રાઈસિસ હતી. છેવટે અમે નક્કી કર્યું કે મુંબઈના કેટલાક લેખકમિત્રોને બોલાવીને એમની પાસે બાળનાટકો લખાવીએ. પ્રોજેક્ટ કાર્યાન્વિત થયો. તારક મહેતા, પ્રબોધ જોશી, ઘનશ્યામ દેસાઈ અને નામદેવ લહુટે અમારી ઓફિસમાં સવારે અગિયાર વાગ્યે પહોંચી જાય અને સાંજે ચાર વાગ્યા સુધી બેસીને બાળનાટકો લખે. તારકભાઈ મારી ઓફિસમાં આવતાંવેંત જ આગવી અદાથી મને કહેતા, "બોલો, આજે કેટલાં ઝભલાં સીવવાનાં છે? ઘનશ્યામ દેસાઈ તરત મમરો મૂકે, "તમે તો યાર દરજી બેસાડ્યો હોય એમ અમને બેસાડ્યા છે.'' સાહેબ મુંબઈના સર્જકોનો આવો મિજાજ તમને ગુજરાતમાં ક્યાંય જોવા મળે નહિ. પછી આ લખાયેલાં નાટકોને ભજવવાનું કામ નામદેવ લહુટે કરે તો જ એ નાટકોનો મોક્ષ થાય.

એક બીજી પણ સ્મૃતિ તરત ઝબકે છે, કોઈવાર કોઈ એનજીઓ અમારી નિશાળમાં ટોઈલેટની સ્વચ્છતા વિષે સ્લાઈડ શો લઈને અમારાં બાળકોને શીખવવા આવતા હતા. પણ એ લોકોને ખબર જ નહોતી કે અમારાં બાળકોના ઘરમાં ટોઈલેટ જ નથી. નિત્યક્રમ માટે રેલવેના પાટા ઉપર જાય છે. અમારાં બાળકો બહુજન સમાજનાં છે. આ બાળકોનું મનોવિજ્ઞાન કે માઈન્ડસેટ સાવ અલગ હોય છે. નામદેવ અમારી ટીમનો કાયમી સભ્ય જ હતો. મ્યુનિસિપલ સ્કૂલોમાં નામદેવ વર્ગમાં જેવો દાખલ થાય કે તરત સાવ ડલ થઈ ગયેલાં નિસ્તેજ બાળકોના ચહેરા તેજસ્વી બની જાય. નવી ચેતના થનગનવા લાગે. અભિનયથી છલકાતો આ માણસ ઉત્તમ નટરાજ

હતો. નામદેવનો સિગ્નેચર ટ્યુન કાયમ "પ્રભુ પ્રભુ પ્રભુ" રહ્યો છે. સહુ કોઈને પ્રભુ કહીને બોલાવે.

એકવાર અમે બ્રિટિશ કાઉન્સિલના સહયોગથી "લેંગ્વેજ ડેવેલપમેન્ટ થ્રુ ડ્રામેટિક્સ એક્ટિવિટી" એ વિષય ઉપર ત્રણ દિવસનો વર્કશોપ રાખ્યો હતો. એ વર્કશોપમાં રિસોર્સ પર્સન તરીકે શેક્સપિયર રંગભૂમિની અભિનેત્રી ઈલૈન ફિલિપ્સ લંડનથી આવી હતી. એ વર્કશોપમાં રત્ના પાઠક શાહ, સુલભા દેશપાંડે, દીપા લાગુ, મીના નાઈક અને નામદેવ લહુટેએ સક્રિય ભાગ લીધો હતો. વર્કશોપના અંતિમ દિવસે એવું નક્કી કરવામાં આવ્યું કે દર શનિવારે અમારે મ્યુનિસિપલ શાળાઓમાં જવું અને બાળકોને સિચ્યુએશન આપીને નાટ્યપ્રવૃત્તિમાં ઇન્વોલવ કરવાં. એ પછી દર શનિવારે અભિનેત્રી રત્ના પાઠક શાહ અને હું સાંતાક્રુઝ પૂર્વની વાકોલા મ્યુનિસિપલ સ્કૂલમાં નિયમિત જતાં. મોર્નિંગ સ્કૂલ હોય એટલે અમે આઠ વાગ્યે રિક્ષામાં વાકોલા પહોંચી જતાં. રત્ના અને હું દસ વાગ્યા સુધી (રિસેસ સુધી બાળકોના એક અબોલ જૂથને બોલતા કરવા માટે નાટકની વિવિધ સિચ્યુએશન આપતાં હતાં. એકવાર રત્નાએ એના જૂથનાં બાળકોને એક સિચ્યુએશન આપી કે "તમે નોકરી લેવા જાઓ ત્યારે શું બોલો?" સહુ બાળકોએ એની ભાંગીતૂટી ગુજરાતી ભાષામાં જવાબો આપ્યા પણ એક બાળક કશું બોલે જ નહિ. સાવ મૂંગો રહે. રત્નાએ એ બાળકને બોલતું કરવા પ્રેમપૂર્વક ખૂબ પ્રયાસ કર્યા. બાળકને માથે હાથ ફેરવીને રત્ના વારંવાર પૂછતી રહી કે "તું નોકરી લેવા જાય ત્યારે તું શું બોલે?" છેવટે મહાપ્રયત્ને એ બાળક રત્નાની સામે જોઈને એટલું જ બોલ્યું: "એમાં બોલવાનું શું હોય? પૈસા આપી દેવાના." બાળકનો આ જવાબ સાંભળીને રત્ના અને હું ખૂબ જ વ્યથિત થઈ ગયાં. નામદેવ પણ આવી ગયા રિસેસમાં. અમે ચર્ચા કરી કે શું પૈસો એ જ લેન્ગ્વેજ બની ગયો છે? મતલબ કે બાળકોના ભાવવિશ્વમાં સાંપ્રત સમાજનું કેવું પ્રતિબિંબ પડે છે? બાળકો તો માત્ર પાંચ જ કલાક નિશાળોમાં રહે છે બાકીના ઓગણીસ કલાક તો આપણા ભ્રષ્ટ સમાજમાં જ વિતાવે છે ને? નામદેવ તરત બોલ્યા : "પ્રભુ, આજે પૈસો એ જ શક્તિશાળી ભાષા બની ગયો છે, એમાં બોલવાની બિલકુલ જરૂર પડતી નથી, પ્રભુ, જૂની રંગભૂમિમાં 'પૈસો બોલે છે' નામે નાટક ભજવાયું હતું તે યાદ કરો." નામદેવ લહુટેના આ શબ્દો હજીયે મારા કાનમાં ગુંજ્યાં કરે છે : "પૈસો બોલે છે." આજની તારીખે પણ આ સત્ય તમે ઉઘાડી આંખે જોઈ રહ્યા છો કે ભારતમાતાની જીભ સિવાઈ ગઈ છે અને સર્વત્ર પૈસો બોલે છે.


એક નાનકડા બાળકનો એક ટૂંકો જવાબ એ આપણો વર્તમાન છે. આ અનુભવ પછી એક લેંગ્વેજ ઓફિસર તરીકે મારું માથું શરમથી ઝૂકી ગયું. નિશાળોમાં ભણતાં બાળકોના ભાવવિશ્વમાં પ્રવેશ્યા વિના થર્ડ ક્લાસ ટેક્સબૂકો લખાય છે, નિશાળો ચાલે છે. વર્ગો ચાલે છે, શિક્ષણખાતું ચાલે છે પણ બાળક ચાલતું નથી. ચીની ભાષામાં એક કહેવત છે : "તમે મને કહેશો તે હું ભૂલી જઈશ, તમે મને બતાવશો તો હું યાદ રાખીશ પણ તમે મને ઇન્વોલ્વ કરશો તો જ હું સમજી શકીશ." ગુજરાતમાં નિશાળો ચાલે છે પણ એમાં બાળકોનું ઇન્વોલ્વમેન્ટ કેટલું છે? આ યક્ષપ્રશ્ન છે. આ જ સમસ્યા ઉપર ગુલઝારે "કિતાબ" નામે એક ફિલ્મ બનાવી હતી તે સહુને યાદ હશે. નામદેવ લહુટેએ બાળ રંગભૂમિના માધ્યમથી મુંબઈનાં ગુજરાતી બાળકોને ઇન્વોલ્વ કર્યાં હતાં એ જ એમનું સહુથી મોટું પ્રદાન હતું. બાકી નિશાળોમાં ચોક અને ટોકથી ભણાવતા નોકરિયાતોનો કોઈ પાર નથી. કમનસીબી એ છે કે આ બધું અરણ્યરુદન છે. આવા અરણ્યરુદન વારંવાર કરવાં જ જોઈએ. નામદેવ લહુટે કાયમ કહેતો : "ડ્રામા બનવો જોઈએ, કહાનીમાં વળાંક આવવો જોઈએ, પ્રભુ."

એક દિવસ હું મારી ઓફિસમાં બેસીને કંઈક લખી રહ્યો હતો. લંચ ટાઇમ હતો. બપોરનો સમય હતો. એવામાં એકાએક નામદેવ લહુટેનો ટહુકો સંભળાયો : "પ્રભુ, આવું કે?" મેં જોયું તો નામદેવ આજે વધારે ખુશખુશાલ લાગતા હતા. એના હાથમાં એક પેંડાનું પેકેટ હતું અને એની સાથે દીકરાના લગ્નની કંકોત્રી હતી. "પ્રભુ, મારો એકનો એક દીકરો પરણે છે, એમાં તમારે જરૂર આવવાનું છે. પ્રભુ તમે નહિ આવો એ બિલકુલ નહિ ચાલે. આખો સીન જ લગ્નનો છે. "આટલું કહીને એ ગાવા લાગ્યો, "નાણાવટી રે સાજન બેઠું માંડવે" આટલું કહીને નામદેવને હરખનાં નોતરાં દેવા બીજા મિત્રોને ઘેર જવાનું હતું એટલે એણે ગાતાં ગાતાં વિદાય લીધી. મેં પ્રોમિસ આપ્યું કે હું જરૂર તારા દીકરાનાં લગ્નમાં આવીશ. "હવે દૃશ્ય બદલાય છે: નામદેવના ઘરમાં આનંદમંગળ વર્તાઈ રહ્યો છે. ઘર ભર્યું ભર્યું છે. રાતનો સમય છે. બીજા દિવસે સવારે જાન લઈને દીકરાને પરણાવવા જવાનું છે. બધી તૈયારી થઈ ચૂકી છે. એવામાં રાત્રે અગિયાર વાગ્યે દીકરાને કશુંક યાદ આવ્યું હોય એમ નામદેવને કહ્યું: "પપ્પા, મારા કેટલાક મિત્રોને કંકોત્રી આપવાનું રહી ગયું છે તે આપવા જાઉં છું અને વાજોવાજ પાછો આવું છું." આટલું કહીને દીકરો મોટર સાઈકલ ઉપર સડસડાટ દોસ્તોને કંકોત્રી આપવા નીકળી ગયો. અહીં

તમારું પ્રિય સામયિક

નવનીત સમર્પણ

હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ



તમારાં કોમ્પ્યુટર, લેપટોપ, નોટબુક, ટેબ્લેટ કે અન્ય ગેજેટ ઉપર વાંચો

* * *

હમણાં જ ક્લિક કરો

www.navneetsamarpan.com

અને **માણો**

ઉત્તમ, આનંદદાયક અર્થસભર વાચનનો રસથાળ

એક વર્ષનું લવાજમ
ડાઉનલોડ - રૂ. 220
રીડિંગ - રૂ. 120

અનુકૂળતાઓ:

ગમે ત્યાંથી, ગમે ત્યારે, પાનું ફેરવો, એકસાથે પાનાં જુઓ, પાનાનું કદ મોટું કરી વાંચો

એ જ રાતનું બીજું દૃશ્ય બદલાય છે: મોડી રાતે નામદેવને ઘેર સંદેશો આવે છે. મોટર સાઈકલ પર કંકોત્રી આપવા ગયેલા દીકરાને વરલી પાસે અકસ્માત થયો છે. દીકરો મૃત્યુ પામે છે. એનું શબ ઘેર આવે છે. એ પછી શું થયું એ હું લખી શકું એમ નથી. બીજે દિવસે દીકરાની જાન જવાની હતી એ જ દિવસે એની અંતિમ યાત્રા નીકળી. નામદેવ સાવ અવાક થઈ ગયા. મને નામદેવના જ શબ્દોના પડઘા સંભળાયા, "પ્રભુ, ડ્રામા બનવો જોઈએ. કહાનીમાં વળાંક આવવો જોઈએ." એ પછી નામદેવ લગભગ પાગલ જેવા થઈ ગયા હતા. કોઈ મળવા જાય તો એને ઓળખે નહિ. છેવટે એ સાવ નિરાધાર અવસ્થામાં મૃત્યુ પામ્યા ત્યારે એને અંતિમ વિદાય આપવા માટે માત્ર ચાર જ માણસો સ્મશાનમાં હતા. અખબારોમાં એની નોંધ પણ ના આવી. એક લેખ પણ લખાયો નહિ. નામદેવ લહુટે મૃત્યુ પામે એ કાંઈ ન્યુઝ થોડા કહેવાય? હુ ઈઝ નામદેવ લહુટે? મેરા નામ જોકર ફિલ્મના આ ગીતની પંક્તિ સાથે પૂર્ણવિરામ મૂકીએ : "કલ ખેલ મેં હમ હો ના હો ગર્દિશમે તારે રહેંગે સદા." એક મરાઠી માનુષે ગુજરાતી બાળ રંગભૂમિ માટે જીવ આપી દીધો એનો હું સાક્ષી રહ્યો.

[ક્રમશ:]



બીજી સ્ત્રી

□ બિબિઆના કેમચો □ અનુ.: દિવ્યાશા દોશી

[બિબિઆના કેમચો (મેક્સિકો, ૧૯૭૪)ની સ્પેનિશ વાર્તાનો સિસિલિઆ વેડ્ડેલ (એસોસિએટ એડિટર હાવર્ડ રિવ્યુ) દ્વારા અંગ્રેજીમાં અનૂદિત 'ધ અધર વુમન'નો ગુજરાતી અનુવાદ.

બિબિઆના કેમચો તે લેખિકાનું સાચું નામ નથી. લેખિકાનાં દાદી મેક્સિકોનાં જાણીતાં લેખિકા હતાં, એટલે લેખિકા તે જ નામે લખે છે. એટલે આમ જોઈએ તો લેખિકા પણ બીજી સ્ત્રી છે. મેક્સિકો અને મુંબઈ કેટલાં નજીક અને બન્નેની સ્ત્રીઓ પણ કેટલી સમાન. રોજિંદી હાડમારી વચ્ચે સ્ત્રીનું અસ્તિત્વ કઈ રીતે અને કેટલું બદલાઈ જાય છે એની સૂક્ષ્મ રજૂઆત વાચકોને સ્પર્શશે.]

મારે હજી વધારે સમય પલંગમાં પડી રહેવું હતું, પણ પડી રહીને શું કરત? મને ખાતરી હતી કે એવું કરવાથી કશો ભલીવાર વળવાનો નહોતો. ઊલટું પરિસ્થિતિ ચોક્કસ જ બગડી હોત. ઑફિસમાં આજકાલ કામનો ઢગલો ચગદી નાખવા તત્પર હોય છે. હજી વધારે સૂતી હોત તો ચોક્કસ જ ખરાબ સપનું આવ્યું હોત, જો કે જાગ્યા બાદ જરાય યાદ ન રહેત. મારી જાતને લગભગ ઢસડતી બાથરૂમ તરફ લઈ ગઈ. લાઈટ ચાલુ કરી, શાવરનો નળ ફેરવ્યો. માથા પર પાણી પડ્યા બાદ જ મેં મારી આંખ પહેલીવાર પૂરી ખોલી. નાહીને શરીર લૂછી, આગલી રાતે ટોઈલેટ સીટ પર મૂકી રાખેલાં નવાં કપડાં પહેર્યાં. અરીસા સામે ઊભા રહી ચહેરા પરના કંટાળાના ભાવ અને સૂઝેલી આંખોને અવગણી વાળ ઓળવા લાગી. અચાનક આયનામાં દેખાતા મારા પ્રતિબિંબ પર ધ્યાન ગયું. વરસો વીતવા સાથે વ્યક્તિ બદલાતી હોય છે. ગમે તેટલું ધ્યાન કે કાળજી રાખીએ તો પણ ચિંતા, સંજોગો ચહેરા પર સમયના થપેડાં લાદીને, તેને બદલી નાખતા હોય છે. ચહેરા પર બની રહેલી ડબલ ચીન અને આંખ નીચેની ચામડીની શિથિલતા નજરે ચઢતાં તેની નોંધ લેવાઈ ગઈ. પણ અરીસામાં જે જોયું તે આ બધું નહોતું. એ મારો ચહેરો જ નહોતો. એ યુવાન કે પ્રૌઢ નહોતો લાગતો કારણ કે એ ચહેરો મારો હતો જ નહીં. એ ચહેરો જરાક મારા ચહેરા જેવો જરૂર દેખાતો હતો. આંખ નીચેના સોજા મારા જેવા જ હતા. ભ્રમરનો આકાર પણ સરખો હતો. એવા જ પાતળા તેમ જ ચિંતાને લીધે સતત જકડાયેલા લાગતા હોઠ. પણ, નાક થોડું લાંબું અને સાંકડું હતું. આંખો થોડી વધુ દૂર હતી. ચિબુક ગોળ અને મારા ચહેરાના પ્રમાણમાં નાની લાગી. હું એ ચહેરા પર વધુ ધ્યાન ન જાય એ માટે વાળમાં વધુ ઝડપથી બ્રશ ફેરવવા લાગી. મને લાગ્યું કે ચોક્કસ જ હું ખૂબ થાકી ગઈ હોઈશ અથવા મારું મગજ મારી સાથે કોઈ ચાલ રમી રહ્યું છે. વાળને રબરથી પોની ટેઈલમાં બાંધ્યાં અને આંખની પાંપણો પર મસ્કરા લગાવ્યું. દાંત બ્રશ કર્યા, પર્સ અને ચાવી ઉપાડી ઑફિસ જવા ચાલી નીકળી.

ઑફિસમાં એટલું બધું કામ રહે છે કે કામ પરથી પાછી આવું ત્યારે થાકીને ઠૂસ થઈ ગઈ હોઉં છું. ઘરે પહોંચીને બીજું કશું જ કરવાનું મન થતું નથી. બસ શરીરને પલંગમાં ફંગોળી કશુંક વાંચું કે પછી ટેલિવિઝન જોઉં. એમ કરતાં ક્યારે ઊંઘી જાઉં તે ખબર પણ ન પડે. જ્યારે ભૂખ લાગે ત્યારે આંખ ખોલી પેટ ભરવાના પ્રયત્ન કરવા ઊઠું. જે સહેલાઈથી બને તે બનાવી પેટમાં નાખીને પાછી સૂઈ જાઉં. કામનું આટલું ભારણ થોડો સમય પૂરતું

જ હોય એવું માનવું સારું લાગે, પણ હું અને મારા સાથી કર્મચારીઓ સારી રીતે જાણીએ છીએ કે આ પરિસ્થિતિ હવે કાયમી જ છે. એ લોકોએ બે જણાને કામ પરથી પાણીચું આપ્યું ત્યારે તેમનાં કામ અમારા બધા વચ્ચે વહેંચી દીધાં. કહ્યું હતું કે ટૂંક સમયમાં નવા માણસોની ભરતી થશે, પણ એવું કશું જ બન્યું નહીં.

મેટ્રો સ્ટેશન તરફ ડગ માંડતાં ઓફિસમાં રાહ જોઈ રહેલાં અઢળક કામમાંથી પહેલું કયું કરવાનું છે તે વિશે વિચારવું હતું, પણ સેન્ડલની ઘસાઈ ગયેલી એડીનો અવાજ મારા વિચારોમાં ખલેલ પાડી રહ્યો હતો. ગયે અઠવાડિયે વીકએન્ડની રજામાં મોચી પાસે લઈ જઈ રિપેર કરાવવાં હતાં, પણ ભુલાઈ ગયું. અને હવે રસ્તા પર થપ્પડ મારતાં હોય તે રીતનો સેન્ડલનો અવાજ અકળાવી રહ્યો હતો. મેટ્રોનું પ્લેટફૉર્મ ખીચોખીચ ભરેલું હતું. મહિલાઓના ડબ્બા તરફ જતાં પરફ્યુમ, લોશન અને ડિઓડરન્ટની ગંધ અનુભવી. મોટાભાગનાએ ઓફિસવેર પહેર્યાં હતાં. બ્લેઝર, કેશમેર પેન્ટ, સિલ્ક બ્લાઉઝ અને હીલ્સ. આ બધા વચ્ચે ઉચાટનો સ્થાયી ભાવ સમાન રીતે ફેલાયેલો હતો. કેટલીક સ્ત્રીઓ દાંત કચકચાવીને ગુસ્સો વ્યક્ત કરતી હતી તો કેટલીક બોગદા તરફ કોઈ જ ભાવ વિના ઉદાસ નજરે તાકી રહી હતી. સામાન્ય રીતે આ સમયે પ્લેટફૉર્મ પર લોકોની ભીડ નથી હોતી કે ટ્રેન મોડી પણ નથી હોતી.

ભીડ અને ચિંતાને કારણે અમે પરસેવે રેબઝેબ થઈ રહ્યા હતા. હું પ્લેટફૉર્મની દીવાલને અઢેલી ઊભી રહી. મારી બાજુમાં ત્રણ ફેરિયણો ઊભી હતી. એમના ચહેરા પરથી દેખાતું હતું કે તેમણે ગઈરાત્રે પાર્ટી કરી હશે, પણ તેનો અંત સારો નહીં આવ્યો હોય. તેમના ચહેરા અને ગળા પરથી મેકઅપ નીતરી રહ્યો હતો. ગઈકાલે વાળને જેલ કે હેરસ્પ્રે લગાવી સરસ રીતે બાંધ્યા હશે જે આજે માથા ઉપર મનફાવે તેમ ફરફરી રહ્યા હતા. એક જણીની પીઠ પર મોટું સ્પીકર લટકી રહ્યું હતું. સૌથી નાની પીપરમીન્ટ વહેંચી રહી હતી અને ત્રીજીના ખભા પર બેકપેક હતી. મેં અનેક ટ્રેન છોડી કારણ કે તેમાં જગ્યા મેળવવી લોઢાના ચણા ચાવવા જેવું કઠિન હતું. દરેક વખતે ટ્રેન આવે એટલે તેમાં જગ્યા મેળવવા માટે સ્ત્રીઓ જાનનું જોખમ વહોરીને પ્લેટફૉર્મના છેડા સુધી પહોંચી જતી.

લગભગ અડધા કલાક પછી હું ટ્રેનમાં ચઢી શકી. ટ્રેનમાં બહુ ગરદી નહોતી. લાગતું હતું કે હવે ટ્રેનનો પ્રવાહ નિયમિત થઈ ગયો હશે. મને બેસવા માટે ખાલી સીટ પણ મળી ગઈ. હું શાંતિથી બેઠી. ફરી હું ઓફિસમાં મારી રાહ જોઈ રહેલાં કામના વિચારો કરી હતી. ત્યાં બારીના કાચમાં દેખાતા

પ્રતિબિંબ પર નજર પડી. પહેલાં તો હું ડરી ગઈ. મારા જેવો જ દેખાતો અજાણ્યો ચહેરો અચરજથી મને તાકી રહ્યો હતો. અરીસો શોધવા મેં પર્સ ફંફોળ્યું પણ જડ્યો નહીં. મેં મારી હડપચી અને ગાલ પર હાથ ફેરવ્યો. મને આંગળીઓનાં ટેરવાંનો સ્પર્શ અનુભવાયો ખરો, પણ જાણે હું કોઈ બીજી જ સ્ત્રીના આજાણ્યા ચહેરાને અડી રહી હોઉં એવું લાગ્યું.

અકળ અને ઘેરી ઉદાસીએ મારા પર કબજો જમાવ્યો. કઈ ઘડીએ હું આટલી બધી બદલાઈ ગઈ હોઈશ? સાવ એક રાતમાં તો આવું ન બને. બાજુમાં બેઠેલી સ્ત્રી પર નજર ગઈ. લગભગ ચાલીસેક વરસની હશે. સોનેરી રંગે ડાય કરેલા વાળને વાંકડિયા કર્યા હતા. એક સમયે જ્યાં ભ્રમર હશે ત્યાં આછા છીંકણી રંગથી આકાર આપવામાં આવ્યો હતો. પાંપણો પર ઘેરા રંગનો આઈશેડો લગાવ્યો હતો. ગાલ પર ગુલાબી રંગની ઝાંય હતી અને હોઠ લાલ રંગથી રંગ્યા હતા. સુંદર દેખાવાના પોતાના પ્રયત્નોથી તે સંતુષ્ટ જણાતી હતી.

જે બોગદામાંથી પસાર થઈ રહ્યા હતા તે તરફ ફરી મેં નજર નાખી. ફરીથી કાચમાંથી એ અજાણ્યા ચહેરાનું પ્રતિબંબ મારી તરફ તાકી રહ્યું. ત્યાં જ અરીસો ધરાવતું પાકિટ વેચતો ફેરિયો ડબ્બામાં દેખાયો. પળનોય વિચાર કર્યા વગર એક પાકિટ ખરીદી લીધું. તરત જ તેને ખોલ્યું અને તેમાં મારો ચહેરો તપાસ્યો. પર્સમાંથી મારું વર્ક આઈડી કાઢ્યું. આઈડીમાં લગાવેલો ફોટો જોતાં મેં અરીસાને વધુ નજીક લીધો. એમાં સામ્ય હતું ખરું પણ એ જ નહોતો. જો કે નવો ચહેરો સાવ ખરાબ નહોતો. તે છતાં પહેલાંનો જે ચહેરો હતો તે મને વધુ ગમતો હતો. અચાનક મનમાં ભય વ્યાપી ગયો. જો મારા સાથી કર્મચારીઓ, મિત્રો કે પરિવારજનો મને ઓળખી નહીં શકે તો? મેં ફરીથી મારો આઈડી ફોટો અને અરીસામાં દેખાતા પ્રતિબિંબિને ધ્યાનથી જોયાં. જુદાપણું સરળતાથી ઓળખી શકાય એવું નહોતું પણ ધ્યાનથી જોવામાં આવે તો ફરક જણાઈ આવતો હતો. બદલાવ અકળ હતો, પણ પ્લાસ્ટિક સર્જરી કર્યા બાદ દેખાતું અણિયાળું નાક અને સુઝેલા ગાલ હોય એવો અકુદરતી નહોતો.

મારા ઊતરવાના સ્ટેશનના એકાદ બે સ્ટોપ પહેલાં, ટ્રેન અચાનક બોગદાની અધવચ્ચે અટકી ગઈ. લાઈટો બંધ થઈ અને જાણે ટ્રેને તેનો છેલ્લો શ્વાસ લઈ લાંબા કિચુડાટ પછી નિશ્વાસ નાખ્યો હોય એવું લાગ્યું. અંધારાએ ડબ્બામાં ચાલતો ગણગણાટ બંધ કરી દીધો. અંધકાર એટલો ઘટ્ટ હતો કે મને બીજા પ્રવાસીઓના શ્વાસોચ્છ્વાસ સંભળાઈ રહ્યા હતા. કોઈક પોતાની સીટ પરથી હલ્યું, કોઈ ગાળ બોલ્યું, કોઈના

પાકિટનું ક્લીક, ક્યાંક પ્લાસ્ટિક બેગના ચીમળાવાનો અવાજ... સમય પસાર થતો રહ્યો પણ ટ્રેન ન ચાલી. આ રીતની સ્તબ્ધતા અપેક્ષિત હોવા છતાં અમારી ચિંતા વધી. લાઈટ પાછી ન આવી, ન તો સામેના પાટા પરથી બીજી ટ્રેન પસાર થઈ કે ન અમારી ટ્રેન પાછી ફરી. એ અંધારામાં અને બહારના જગતથી દૂર મેં મારા ચહેરાની યાદગાર ક્ષણોને યાદ કરવાનો પ્રયત્ન કર્યો. મારા એપાર્ટમેન્ટમાં મિત્રોએ મને જન્મદિવસની શુભેચ્છા પાર્ટી આપીને આશ્ચર્યમાં મૂકી દીધી હતી ત્યારનો, કે પછી ગયા મહિને મને પગાર વધારો કરી આપવામાં આવ્યો ત્યારનો, કે હું મારા બાળપણના મિત્રોને વીસ વરસ બાદ મળી હતી એ ક્ષણોને યાદ કરવાનો પ્રયત્ન કર્યો, પણ એ ન થઈ શક્યું. યાદગાર પળો જીવતી વખતે કોઈ પોતાના ચહેરાને જોઈ શકતું નથી. હા, એ સમયે બીજાના ચહેરાઓને યાદ રાખવા શક્ય બને છે ખરું. મારી જાતને કેટલું ઓછું જાણતી હતી એ વિચાર આવતાંની સાથે હું ઉદાસ થઈ ગઈ. યાદગાર ક્ષણોમાં અનુભવેલી મારી લાગણીઓને પણ હું યાદ કરી શકતી નહોતી. અંધારામાં હળવેથી મેં મારા ચહેરાને ફરીથી સ્પર્શ કર્યો. મારા હાથથી ચહેરાની લાક્ષણિકતાઓને પકડી ન શકાઈ. કંઈક નવાઈ પમાડે એવું હતું. હાથની આંગળીઓનાં ટેરવાંને ખબર હતી કે આ હું નથી પણ કોઈ બીજી સ્ત્રી છે.

મારી પાછળ ઊભેલી સ્ત્રીએ ગભરાટમાં ચીસ પાડી. અંધારામાં કેટલાક સહપ્રવાસીઓ એ સ્ત્રીને શાંત કરવાનો પ્રયત્ન કરી રહી હતી. એ સ્ત્રી કહી રહી હતી કે એનાથી શ્વાસ નથી લેવાતો અને હમણાં જ ટ્રેનમાંથી નીચે ઊતરવા માગે છે. કોઈએ ઈમરજન્સી અલાર્મની ચેન ખેંચી. મારી બાજુમાં બેઠેલી સ્ત્રીએ ઊભા થઈને સટાક કરીને પેલી ચીસો પાડી રહેલી સ્ત્રીને લાફો ઝીંકી દીધો. ફરીથી શાંતિ છવાઈ ગઈ. સંભળાઈ રહ્યો હતો ફક્ત અલાર્મનો ક્યાંક દૂરથી વાગી રહ્યો હોય એવો એકધારા અવાજનો પડઘો, જાણે કોઈક રડી રહ્યું હતું. અચાનક કેટલીક સ્ત્રીઓ બોલવા માંડી હતી. ક્યાંક ગણગણાટ ચાલી રહ્યો હતો, તો કોઈ મોટા અવાજે વાત કરી રહ્યું હતું, કોઈક રડતાં રડતાં બબડી રહી હતી. અમે લગભગ એક કલાકથી અંધારા બોગદામાં ફસાયા હતા. કોઈ બાજુના ડબ્બાના પેસેન્જર સાથે વાત કરી રહ્યું હતું. એ લોકો બારીમાંથી અડધું શરીર બહાર કાઢીને લટકી રહ્યા હતા. કેટલાક આગળના ડબ્બાને જોડતા દરવાજાને ખોલવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. કદાચને ખૂલે તો આગળના ડબ્બામાં જઈને બહાર નીકળી શકાય. મૂંઝવણ અને ઉચાટભર્યા અવાજોથી શાંતિ ભંગ થઈ ગઈ હતી. કેટલાક જોરજોરથી દરવાજો

ઠોકી રહ્યા હતા. અંદર બહાર બધું જ જાણે ઉખાડીને ફેંકી દેવાના પ્રયત્નો થઈ રહ્યા હોય. લોકો જાણે હુલ્લડ કરી રહ્યા હતા. કોઈક બેભાન થઈને પડ્યું. હું જાણે આ બધું અવાસ્તવિક હોય એવું વિચારતી રહી.

હજી વધુ સમય અરાજકતા અને અસંમજસમાં પસાર થયો. હું પણ બીજી સ્ત્રીઓ સાથે મારા તરફની બારી ભણી જોઈને સતત બૂમો પાડવા લાગી. કોઈક સમાચાર લાવ્યું કે બહાર સિવિલ વોર ફાટી નીકળ્યું છે. એટલે અમે બધા અહીં છીએ તે ભૂલી ગયા છે. વળી કોઈ કહેવા લાગ્યું કે ધરતીકંપે આખા શહેરને ખતમ કરી નાખ્યું છે. કોઈક કહી રહ્યું હતું કે ત્રાસવાદીઓએ હુમલો કર્યો છે ને શહેરને બાનમાં લીધું છે. કોઈક વળી કહે કે કાઢી મુકાયેલા કામગારોએ ટ્રેનને બાનમાં લીધી છે.

ત્યાં બોગદાને છેડે પ્રકાશના શેરડા હલતા દેખાયા. ફરી ડબ્બામાં શાંતિ છવાઈ ગઈ. ધીમે ધીમે પ્રકાશ નજીક આવતો ગયો અને સ્પષ્ટ થતો ગયો. પીળી હેલ્મેટ પહેરેલા કેટલાક પુરુષો અમને આ પરિસ્થિતિમાંથી મુક્ત કરવા આવી રહ્યા હતા એ દેખાયું. એમણે જોર કરી દરવાજો ખોલ્યો અને નીચે ફુલાવી શકાય એવી ગાદી પાથરી જેથી અમે બહાર કૂદી શકીએ. સ્ત્રીઓ મદદ કરવા આવનારની સૂચનાઓ અને કૂદવાના જોખમને અવગણીને પોતાની જાતે બહાર કૂદવા પડાપડી કરવા માંડી. કોઈને મદદ કરવાની પડી નહોતી. બધાને પહેલાં બહાર નીકળી જવું હતું. એટલે ધક્કામુક્કી કરી દરવાજા તરફ જઈ રહી હતી. રઘવાઈ થઈને બહાર પાટા પર પડતું મૂકતી હતી. ધડામ એવો મોટો અવાજ અને ચીસો સંભળાતી હતી. જ્યાં સુધી ડબ્બો ખાલી ન થઈ જાય ત્યાં સુધી મેં મારી જાતને દરવાજાથી દૂર રાખી. શરૂઆતમાં એ લોકો ગાદી પર કૂદતાં પહેલાં હીલ કાઢી નાખવાની સૂચના આપતા હતા પણ એમનું કોઈ સાંભળવા તૈયાર નહોતું. કોઈએ પોતાની હીલ, છત્રી, બેગ કશું જ છોડવું નહોતું. પછી ભલે તે એમને વાગે. અમારામાંથી મોટાભાગનાએ નીચે બેસીને બે હાથથી અમારું શરીર સરકાવવું પડતું. જેથી મદદ કરનારા અમારા પગ અને કમર પકડીને અમને નીચે ઉતારીને ઊભા રહેવામાં મદદ કરે. એ લોકો વીસ વીસ જણાંના જૂથમાં અમને અંધારા બોગદામાંથી સલામત રીતે નજીકના સ્ટેશન સુધી દોરી જવા લાગ્યા.

અમે ચૂપચાપ અંધારા બોગદામાં ધ્યાન રાખીને ચાલી રહ્યાં હતાં કારણ કે અમારી મદદે આવનારાઓની પાસે જે ફ્લેશલાઈટ હતી તે બધા માટે પૂરતી નહોતી. અમે ક્યારે સ્ટેશન પર પહોંચ્યાં તેનો ખ્યાલ ન રહ્યો. ત્યાં સ્ટેશન પર પણ લાઈટ નહોતી અને બધું સૂમસામ હતું.

અમે ધીમે ધીમે ત્યાં મૂકવામાં આવેલાં પાટિયાં અને પગથિયાં ચઢીને બહાર આવ્યાં. અમારામાંથી મોટાભાગની સ્ત્રીઓ પોતાની મેળે રસ્તો શોધીને જલ્દીથી બહાર નીકળી જવાના પ્રયત્નો કરવા લાગી.

કોઈકે વિચાર્યું હતું એમ જ ટ્રેન અકસ્માતે કામ કરતી બંધ થઈ ગઈ હતી. શહેર માટે આ એક દુર્ઘટના જ હતી. જો કે ટ્રેનમાં અમે જે ભયંકર કલ્પનાઓ કરી હતી એમાંનું કશું જ અઘટિત ઘટ્યું નહોતું.

રોડ પર અરાજકતા ફેલાયેલી હતી. બસો મફત સેવા આપી રહી હતી, પણ તેમાં ચઢવું લગભગ અશક્ય હતું. ટેક્સી પણ કોઈ દેખાતી નહોતી. હું થાકીને લોથ થઈ ગઈ હોવા છતાં ચાલી રહી હતી. બોગદામાં વીતાવેલો સમય મારા માટે યુગ સમાન હતો. તરસને કારણે મારું મોઢું સુકાઈ રહ્યું હતું.

મને ખ્યાલ ન રહ્યો કે હું કઈ રીતે ઓફિસે પહોંચી. મોટાભાગના મારા સાથી કર્મચારીઓ પાસે કાર હતી. તે છતાં હું દાખલ થઈ ત્યારથી લોકો ટ્રેનની દુર્ઘટના વિશે વાત કરી રહેલા દેખાયા. હું સીધી બાથરૂમમાં ગઈ. મોંઢા પર પાણી છાંટ્યું અને અરીસામાં ચહેરા સામે જોયું, એ ચહેરો મારો નહોતો. જો કે આ બદલાવની નોંધ ફક્ત મેં જ લીધી હતી એવું લાગ્યું. કારણ કે સાથી કર્મચારીઓએ મને હંમેશની જેમ હું જ હોઉં તે રીતે સ્મિત સાથે આવકારી હતી. ત્યારબાદ મેં કલાકો કોમ્પ્યુટર પર કામ કરતાં વિતાવ્યા. કાગળો જોયા, કોફી પીધી, કુકીઝ ચગળ્યાં. દિવસ ખતમ થતાં મેં કોમ્પ્યુટર બંધ કર્યું અને કાળી સ્ક્રીન પર મને મારું વિકૃત પ્રતિબિંબ દેખાયું. મેં ખરીદેલા પાકિટમાંથી અરીસો બહાર કાઢીને મારો ચહેરો તપાસ્યો. એ હું જ હતી. ફરીથી એ જ મારા ચહેરા સાથે. મારા ચહેરાની દરેક લાક્ષણિકતાઓ તેની મૂળ જગ્યાએ પાછી આવી ગઈ હતી. મને રાહત થઈ. ખાતરી કરવા માટે મેં મારું આઈડી કાઢીને તેને સરખાવ્યું. પણ કંઈક આશ્ચર્યજનક બન્યું. આઈડી પરનો ફોટો એ બીજી સ્ત્રીનો હતો. જેને મેં સવારે અરીસામાં અને ટ્રેનમાં કેટલીક મિનિટો માટે જોઈ હતી. એ જ નાની ચિબુક, આંખો વચ્ચેનું વધુ અંતર, લાંબું નાક જે કોઈ બીજી સ્ત્રીનું હતું, મારું નહીં.

❑❑❑

જીવન નામનું તત્ત્વ અપાર વૈવિધ્યો, દ્વંદ્વો, આશ્ચર્યો, રહસ્યો અને વિધિની વક્રતાથી ભરેલું છે, સત્ય અને સૌંદર્યથી ભરેલું છે. એની થોડીઘણી છાંટ પણ કોઈ સાહિત્યકૃતિમાં કે કલાકૃતિમાં ઝિલાય તો એ સર્જન સાર્થક બને છે. - કુન્દનિકા કાપડીઆ

ડૉ. હર્ષદ પંડિત M.V.Sc. (Medicine)
''ૐ'' 4-કરણપરા, રાજકોટ-360 001. મો. 94282 99637

વિશ્વમાં પ્રથમવાર રોગ પ્રતિકારશક્તિ ખોરાક દ્વારા માત્ર 15 દિવસમાં વધારતી કીટ

કીટ : દેશ-વિદેશ પહોંચેલ કાયાકલ્પ + તુંજ તારો તારણહાર - ભાગ-1, 2, 3 + 20 યુરિન ટેસ્ટ પટ્ટી + ટોનિક ભસ્મ એક માસ માટેની.

જે તમારા શરીરમાં રોગ આવવા દેશે નહીં અને આવ્યો હશે તો દૂર થશે.

શરીરની રોગ પ્રતિરોધક ક્ષમતા વધે નહીં ત્યાં સુધી રોગ મટે નહીં, શરીર જ રોગ મટાડે, દવા તો રોગ મટાડવામાં, આડાં આવતાં પરિબળો દૂર કરે

રોગ : (સંધિવા, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ, બી.પી. હૃદયની નળીઓ બ્લોક થવી, પેશાબના રોગો, કેન્સર, એઈડસ વગેરેમાં ફાયદો થશે.)

રૂ. 300/- મોકલી તમારું સરનામું (પીનકોડ સાથે) S.M.S. કરો.

SARLA PANDIT, DENA BANK, CANAL ROAD, BRANCH, RAJKOT. A/C No - 019610002161, IFSC-BKDNO310196.

દેશ-વિદેશમાં નિ:શુલ્ક 300 પ્રવચનો કર્યાં છે તેનો લાભ લો. દરેક જિલ્લામાં તંદુરસ્તીના કાર્યકર્તાને આકર્ષક કિંમતે કીટ આપીશું. આવેલ રકમ રાષ્ટ્રીય કાર્યમાં વપરાશે.

તન, મન, ધનથી
રાષ્ટ્રીય આરોગ્યના ભેખધારી,

ડૉ. હર્ષદ પંડિત, મો. 9428299637

Email: drharshadpandit@gmail.com



કલકત્તાના નંદન ફિલ્મ અને કલ્ચરલ સેન્ટરમાં સત્યજિત રાયની પૉટ્રઈટ-છબી સાથે
અમૃત ગંગર, ફોટો. અંજન બોઝ. પશ્ચિમ બંગાળ સરકાર-સંચાલિત
આ સેન્ટરનું નામ નંદન સત્યજિત રાયે આપ્યું હતું

આરો ઍકબાર માણિકદાર બાડિતે

સરણીઓના શહેરમાં એક ધરણીનું ધારણ થવું અને સ્મૃતિઓની ઇતિ કથા

□ અમૃત ગંગર

હજી મને કોલકાતાને કલકત્તા કહેવાનું ગમે છે એટલે મારા મનગમતા શહેરને હું કલકત્તા જ કહીશ. સરણીઓ (શેરીઓ)ના આ શહેરને મેં મુંબઈવાસીએ ફૂટબૉલથી ક્રિકેટપ્રિય થતાં જોયું છે, વિદ્યાર્થીઓને ધોતિયું ને સાડી છોડીને પૅન્ટશર્ટ ને કુર્તીપાયજામામાં પલટાતાં જોયા છે, લાલવાવટાના

લહેરાતા માનવમહેરામણના માઈલો સુધી લાંબા મોરચાઓને વિલીન થતા જોયા છે, ટ્રામોના મંદ ગતિના લયબદ્ધ ધ્વનિઓના આ શહેરને કર્કશ ઘોંઘાટની કૅકોફોનીમાં પ્રવેશતાં જોયું છે, કોલેજ સ્ટ્રીટના કૉફી હાઉસના અડ્ડાઓની બહસમાં થતા બદલાવને સાંભળ્યો છે, શહેરની પ્રથમ અંડરગ્રાઉન્ડ મેટ્રો લાઈન શરૂ થતા અગાઉ વર્ષો સુધી તેના ખોદાયેલા બદનને જોયું છે અને તેના પર પહેલું સ્કાયસ્ક્રેપર ઊભું થતાં પણ. ધીમે ધીમે મહાકાલીના આ *મહાનગર*માં *દો બીઘાં ઝમીન*ના રિક્ષાચાલક શંભુના સાથીઓ તેમજ કાળીપીળી ધરખમ કાયાવાળી ઍમ્બેસૅડર ટેક્સીઓ પણ ઓછી થતી ગઈ, કિંતુ ઉત્તર કલકત્તાની સાંકડી શેરીઓ એવી ને એવી રહી અને ગરીબ મહેનતકશ રિક્ષાચાલકને કુમાશભર્યા કલકત્તાએ હાંસિયાથી બહાર ધકેલી દીધો નહીં. નેવું વર્ષના વયોવૃદ્ધ જ્ઞાની મિત્ર નાકુબાબુ (સુશીલકુમાર ચૅટર્જી) ની બાડી ઉત્તર કલકત્તાના મારા પ્રિય ઇલાકા હાથીબાગાનની એક સાંકડી શેરીમાં. નેવું વર્ષની ઉંમરે પણ તેમની સ્મૃતિ ખૂબ શાર્પ, *પથેર પાંચાલી*ના લેખક વિભૂતિભૂષણ બંદોપાધ્યાયને કોઈ નદીકાંઠેના અરણ્યમાં ક્યારેક મળ્યા હતા તેની રોમાંચક વાતો કરે, બાજુના માદન થિયેટરમાં મૂકપટો જોયાની સ્મૃતિઓને વાગોળે, તકનિકી જીવ એટલે કૅમેરા ને પ્રોજેક્ટરોની બારીકાઈથી વાતો કરે.

હાથીબાગાનથી શ્યામબજાર મેટ્રો સ્ટેશન સાવ નજીક અને ત્યાંથી ગડપારલેન પણ ઢૂંકડે. કલકત્તા જાઉં ત્યારે શહેરના ઉત્તર ભાગના આ ઇલાકામાં ભમવાની મારી ગમતી પ્રવૃત્તિ. ગડપારલેન વિષે થોડી ખાસ વાત કરીશ તો કદાચ આપ સૌ પણ મારી સાથે આવવા માટે તલપાપડ થઈ જશો. આ લેનના એક મોટા મકાનમાં બંગાળના રેનેસાં-મૅન અને વિશ્વવિખ્યાત ફિલ્મદિગ્દર્શક સત્યજિત રાયનો નવાણું વર્ષ પહેલાં ૧૯૨૧ના વર્ષની બીજી મેના દિવસે જન્મ થયો હતો. (૩ મે ૨૦૨૦થી તેમનું શતાબ્દિ વર્ષ મનાવવાનો આરંભ થઈ ગયો.) મારું બંગાળી સાવ તૂટ્યુંફૂટ્યું, એટલે કલકત્તાની મારી વિદ્યાર્થિની જેવી યુવાન કવિ અને ઑનલાઈન પોએટ્રી જર્નલ *એશિયન સિગ્નેચર*ની સહસંપાદક સુરભિ ભટ્ટાચારજીનો સાથ ઘણો ઉપયોગી નીવડે. દક્ષિણ કલકત્તાના જાદવપુર વિસ્તારમાં રહેતી સુરભિને ઉત્તર કલકત્તાની ગલીકૂંચીઓની પણ સારી એવી જાણ. સો યુ આર ઇન ગુડ હૅન્ડ્સ! તો, આવો મારી સાથે.

સત્યજિત રાયના દાદા ઉપેન્દ્રકિશોર રૉયચૌધરી (૧૮૬૩-૧૯૧૫)એ ઈ.સ. ૧૮૯૫માં યુ. રાયના નામે એક છાપખાનાની અને પ્રકાશનગૃહની



૧/૧ બિશપ લૅફ્રોય રોડ (સત્યજિત રાય ધરણી)ના ઘરમાં સંદીપ રાય સાથે અમૃત ગંગર, ફોટો. નટરાજ દાસગુપ્તા

સ્થાપના કરી હતી. ઈ.સ. ૧૯૦૦ના વર્ષે તેમના સુપુત્ર સુકુમાર રાય (એટલે સત્યજિતના પિતા) તેમની સાથે જોડાયા એટલે કંપનીનું નામ યુ. રાય ઍન્ડ સન્સ થયું. શરૂઆતના ગાળામાં ઉપેન્દ્રકિશોર ઉત્તર કલકત્તાની કૉર્નવૉલિસ સ્ટ્રીટના તેરમા નંબરના મકાનમાં રહેતા હતા. [કૉર્નવૉલિસ સ્ટ્રીટ એટલે પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્ય પ્રધાન બિધાન-ચંદ્ર રૉય (૧૮૮૨-૧૯૬૨)ના નામની હાલની બિધાન સરણી]. ઉપેન્દ્રકિશોર રૉયચૌધરીનાં છ સંતાનોમાં બીજા નંબરનું સંતાન એટલે સત્યજિતના પિતા સુકુમાર (૧૮૮૭-૧૯૨૩). ૧૯૧૩ના વર્ષમાં જ્યારે સુકુમાર લંડનમાં ભણીને કલકત્તા પાછા ફર્યા ત્યારે એ જ વર્ષમાં ઉપેન્દ્રકિશોરે બાળકો માટેનું બંગાળી સામયિક *સંદેશ* શરૂ કર્યું. ૧૯૧૪માં ઉપેન્દ્રકિશોર રાય તેમના કુટુંબ સાથે ઉત્તર કલકત્તાના ગડપારલેનના નવા આલિશાન ઘરમાં પ્રવેશ્યા. સરનામું: ૧૦૦, ગડપારલેન. આ મકાનના આગલા ભાગમાં તેમનું છાપખાનું હતું અને પાછળના ભાગમાં દક્ષિણ સંમુખે તેમનું રહેઠાણ. ઉત્તર કલકત્તાની ગડપારલેનના આ જ મકાનમાં માતા સુપ્રભાની કુખે પુત્ર સત્યજિતનો જન્મ થયો હતો. કમનસીબે તેઓ હજી માંડ બે વર્ષના હતા ત્યારે પિતાની છત્રછાયા ગુમાવી દીધી.

માણિકતલાથી પાસેના નારકેલડાંગા પોલિસ સ્ટેશનની બાજુના ૧૦૦ ગડપારલેનના પ્લૉટ પર આવેલા બે માળના આ મકાનમાં હવે ઍથેનિયમ ઇન્સ્ટિટ્યૂશન હાયર સૅકન્ડરી સ્કૂલ ચાલે છે. આ મકાનના ભોંયતળિયેથી

બાળકોનું પ્રિય બંગાળી સામયિક *સંદેશ* પ્રગટ થતું હતું. સ્થાનિકોમાં સત્યજિત રાયના જન્મસ્થળ તરીકે જ આ મકાન વધારે જાણીતું છે. બે દાયકા અગાઉ કલકત્તા મ્યુનિસિપલ કૉર્પોરેશને આ મકાનને હેરિટેજ દરજ્જો આપ્યો હતો. મકાનના પ્રવેશદ્વાર પર મૂકેલી તક્તી પર લખેલું છે કે સત્યજિત રાય આ મકાનમાં ૧૯૨૬ના વર્ષ સુધી રહ્યા હતા. ૧૯૩૧માં અહીં સ્કૂલ ભાડૂત તરીકે આવી હતી. *જખન છોટો છિલામ* નામની તેમના બાળપણની બંગાળી આત્મકથામાં સત્યજિત રાયે આ મકાનનું સુંદર રેખાચિત્ર દોર્યું છે ને તેના વિષે વાતો પણ કરી છે. ૧૯૮૨માં પ્રગટ થયેલું ફક્ત ૭૫ પાનનું ને પંદર રૂપિયાની કિંમતનું આ બંગાળી પુસ્તક મેં વર્ષો પહેલાં કલકત્તાની કૉલેજ સ્ટ્રીટમાંથી ખરીદ્યું હતું.

સુરભિએ મકાનમાં પ્રવેશવા માટે પ્રયત્ન કરી જોયો પણ રજાનો દિવસ હોવાથી દરવાને ના કહી. કમનસીબે મકાનની હાલત વર્ષોથી બિસ્માર થતી જાય છે. સત્યજિત રાયે તેમના પિતા સુકુમાર રાય વિષે એ જ નામની બનાવેલી બંગાળી દસ્તાવેજી ફિલ્મમાં ઉપેન્દ્રકિશોર રાયના કુટુંબની તેમજ સુકુમાર રાય વિષે વિગતવાર માહિતી મળે છે. અડધા કલાકની અવધિની આ ફિલ્મ આપ સૌ અહીં આપેલી લિન્ક દ્વારા જોઈ શકશો: https://www.youtube.com/watch?v=kRg1WbFvXqo

હવે સુપ્રભા પાંચ વર્ષના પુત્ર સત્યજિતને લઈને પોતાના ભાઈને ત્યાં દક્ષિણ કલકત્તાના ભવાનીપુરના બકુલબાગાન ઇલાકામાં રહેવા આવે છે અને કિશોર સત્યજિત બાલીગંજ ગવર્નમેન્ટ હાઇસ્કૂલમાં પ્રવેશ મેળવે છે. [*જખન છોટો છિલામ*માં તેમની શાળા વિષે સત્યજિત રાયે એક આખું પ્રકરણ ફાળવ્યું છે, રેખાચિત્ર સહિત; ભવાનીપુર વિષે પણ.] અને હવે સત્યજિત રાય સંપૂર્ણ રીતે દક્ષિણ કલકત્તાવાસી થઈ જાય છે. ઉત્તર-દક્ષિણનો ભેદ કલકત્તાના ભદ્રલોકમાં મુંબઈ કરતાં પણ વધારે લાગે. દક્ષિણના જાદવપુરમાં રહેતી સુરભિને હું પૂછું છું, "તું ઉત્તર કલકત્તાના યુવાન સાથે પરણવાનું પસંદ કરે? કે પછી તારું સાસરું ઉત્તર કલકત્તામાં હોય એ તને ગમે?" ઉત્તર મૂક હતો પણ સરવાળે 'ના' માં. ઉત્તર-દક્ષિણ મુંબઈમાં પણ સગપણના સંબંધો બાંધવા અઘરા પડે!

ખેર, ભવાનીપુરથી નજીકના અંતરે ધરમતલાની લેનિન સરણીમાં ભારતના સૌથી જૂના અને હજી પ્રવૃત્ત અરોરા ફિલ્મ કંપની (સ્થા. ૧૯૦૬) નો સ્ટુડિયો અને તેનું દફ્તર. સ્થાપક અનાદિનાથ બોઝના પૌત્ર અંજન બોઝ મારા મિત્ર એટલે બાલીગંજ થઈને ધરમતલાની લેનિન સરણીમાં અવારનવાર જવાનું થાય. અરોરા



સદાપ્રવૃત્ત સત્યજિત રાય તેમના અભ્યાસખંડમાં, ફોટો. નેમાઈ ઘોષ (વિકિપીડિયા)

ફિલ્મ કંપનીએ સત્યજિત રાયની ફિલ્મ *અપરાજિતો* (૧૯૫૬)નું વિતરણ કર્યું હતું. અંજનબાબુના દફ્તરની દીવાલ પર સત્યજિત રાયે જાતે ડિઝાઇન કરેલાં *અપરાજિતો* ફિલ્મનાં પોસ્ટરો જોવા મળે. અંજનબાબુ પણ સત્યજિત રાયના બકુલબાગાન રહેઠાણની ખૂબ વાતો કરે. ઑનેક ગૉલ્પો! કહે, અહીંના રહેવાસ દરમિયાન જ તેમનો પોતાની ભવિષ્યની જીવનસાથી વિજયા (બિજોયા) સાથે પરિચય થયો હતો.

ઇન્ટરેસ્ટિન્ગલી, ભવાનીપુર ઇલાકામાં મૃણાલ સેન પણ રહેતા (જુઓ *મૃણાલ સેન સાથે મુલાકાત*, અમૃત ગંગર, *નવનીત સમર્પણ*, ઑક્ટોબર ૧૯૯૨). ભવાનીપુર સિનેમાઘરોનો ઇલાકો ગણાય. બાળપણથી સત્યજિત રાયને ફિલ્મો જોવાની જિજ્ઞાસા હતી. તેઓ અવાક સિનેમા સવાકમાં પરિવર્તિત થયું એ સંધિકાળના સાક્ષી રહ્યા હતા. સત્યજિત રાયે સંભવતઃ (તેમના શબ્દોમાં), પ્રથમ બોલતી ફિલ્મ જોઈ હતી *ટાર્ઝન ધ એપમૅન* (૧૯૩૨). પણ એ રિલિઝ થયાના પ્રથમ દિવસે ગ્લોબ થિયેટરમાં મામા સાથે જોવા માટે ગયા ત્યારે ટિકિટ નહોતી મળી એટલે અકસ્માતે *કાલ પરિણય* નામની (બંગાળી) મૂક ફિલ્મ જોઈ હતી. નિરાશા ઊપજી હતી. અગાઉ ઑલ્બિયન નામે ઓળખાતા રીગલ થિયેટરમાં તે રિલિઝ

થઈ હતી. સત્યજિત રાય ભવાનીપુર અને પાડોશના વિસ્તારની રસપ્રદ માહિતી આપે છે. ગ્લોબ સિવાય માદન થિયેટર્સ, પૅલૅસ ઑવ વૅરાયટીઝ (પછી એલિટના પણ સંદર્ભો મળે છે. તેઓ ૧૯૩૦-૪૦ના દાયકાની *અંકલ ટોમ્સ કૅબિન*, *બેન હર*, *કાઉન્ટ ઑવ મૉન્ટે ક્રિસ્ટો*, *થીફ ઑવ બગદાદ* જેવી ફિલ્મો જોયાની પણ વાતો કરે છે.

ભારતીય મૂકપટ ઇતિહાસના વિદ્વાન વીરચંદ ધરમસીની ફિલ્મોગ્રાફી *ઇન્ડિયન સાઇલેન્ટ સિનેમા ૧૯૧૨-૧૯૩૪*માં સત્યજિત રાયે જોયેલી અવાક ફિલ્મ *કાલ પરિણય* વિષે કેટલીક અગત્યની વિગતો મળે છે. માદન થિયેટર્સ-નિર્મિત ૧૯૩૦ના વર્ષની આ ફિલ્મનું બીજું નામ હતું, *ફેટલ મૅરેજ*. પ્રિયનાથ ગાંગુલી-દિગ્દર્શિત આ ફિલ્મ રામલાલ બૅનર્જીની નાટ્યકૃતિ પર આધારિત હતી અને તેમાં ધીરજ ભટ્ટાચાર્ય, નરેશ મિત્ર, સીતા દેવી, પેશન્સ કૂપર જેવા એ વખતના અગ્રણી અભિનેતાઓએ કામ કર્યું હતું. (*લાઇટ ઑવ એશિયા*, રીવાઇઝ્ડ આવૃત્તિ, નિયોગી બુક્સ, ૨૦૧૪.)

૧૯૮૨ના વર્ષમાં મુંબઈ-સ્થિત સ્ક્રીન યુનિટ ફિલ્મ સોસાયટી વતી મેં આશિષ રાજાધ્યક્ષ-લિખિત સત્યજિત રાયના સમકાલીન ફિલ્મ દિગ્દર્શક ઋત્વિક ઘટક (૧૯૨૫-૧૯૭૬) વિષે *અ રીટર્ન ટૂ ધ એપિક* નામનું અંગ્રેજી પુસ્તક પ્રગટ કર્યું હતું જેનું વિમોચન ઋત્વિક ઘટકના પત્ની સુરમા ઘટક (મૃત્યુ ૨૦૧૮) ની હાજરીમાં પ્રસિદ્ધ બંગાળી કવિ સુભાષ મુખોપાધ્યાયે (૧૯૧૯-૨૦૦૩) કલકત્તામાં કર્યું હતું. (જુઓ *સુરમા ઘટક સાથે મુલાકાત*, અમૃત ગંગર, *નવનીત સમર્પણ*, ડિસેમ્બર ૧૯૯૬). એ વખતે આશિષ અને હું ભવાનીપુરના મહારાષ્ટ્ર સદનમાં રહ્યા હતા. પણ ત્યારે સત્યજિત રાય ભવાનીપુરથી બિશપ લૅફ્રોય રોડના તેમના ઘરમાં રહેવા ચાલ્યા ગયા હતા.

બકુલબાગાન અને બિશપ લૅફ્રોય રોડનાં બે રહેઠાણો વચ્ચેના આશરે દોઢ દાયકાના ગાળામાં સત્યજિત રાયે બે ઘર બદલ્યાં હતાં: પાંચેક વર્ષ માટે ૩૧, લેક ઍવેન્યૂના ઘરમાં રહ્યા. પુત્ર સંદિપનો જન્મ (૧૯૫૩) આ જ ઘરમાં થયો હતો અને ત્યારે માતા સુપ્રભા હજી હયાત હતાં. સત્યજિત રાયના પ્રિય અભિનેતા સૌમિત્ર ચૅટર્જીની કારકીર્દિની શરૂઆત લેક ઍવેન્યૂના આ જ ઘરમાંથી થઈ હતી. અને ત્યાર બાદ લેક ઍવેન્યૂથી બહુ છેટે નહીં તેવા ૩, લેક ટેમ્પલ રોડના મકાનના બીજા માળના ત્રણ બૅડરૂમના ઍપાર્ટમેન્ટમાં, અગિયાર વર્ષ માટે. મહિનાનું ભાડું રૂપિયા ૬૫૦. એ વખતે સત્યજિત રાય માટે મોંઘું હતું. ૩, લેક ટેમ્પલ રોડના ઘરમાં સુપ્રભાએ ૨૭ નવેમ્બર ૧૯૬૦ના દિવસે અંતિમ શ્વાસ લીધો.



સત્યજિત રાય ઘરણીની શેરીની એક ઝલક, પોસ્ટર મહાનગર (૧૯૬૩) ફિલ્મનો છે, ફોટો. અમૃત ગંગર.

બે ઘરોનો આ સમયગાળો એટલે *પથેર પાંચાલી* (૧૯૫૫)થી લગભગ *ગૂપી ગાયેં બાઘા બાયે* (૧૯૬૯) સુધીનો. ૩, લેક ટેમ્પલ રોડના ઘરમાં જ સત્યજિત રાયે સૌમિત્ર ચૅટર્જી અને માધવી મુખર્જીને ટાગોરની લઘુનવલ *નષ્ટનીડ*નું રૂપાંતર કરતી *ચારુલતા* ફિલ્મકૃતિ વિષે પ્રથમ વાર વાત કરી હતી અને તે ૧૯૬૪માં રિલિઝ થઈ હતી. આ ઘરમાં હતા ત્યારે *કાપુરુષ મહાપુરુષ, નાયક, ચિડિયાખાના,* વગેરે ફિલ્મકૃતિઓ સર્જાઈ હતી. સત્યજિત રાયની ફિલ્મ કારકીર્દિની શરૂઆતની અપુત્રયી (*પથેર પાંચાલી, અપરાજિતો, અપુર સંસાર*), *જલસાઘર* અને *પારસ પથ્થર* જેવી ફિલ્મકૃતિઓ લેક ઍવેન્યૂનના ઘરમાં અવતરી હતી.

લેક ઍવેન્યૂ સાથે મારી બે સ્મૃતિઓ સંકળાયેલી છે. એક પાસેના સધર્ન ઍવેન્યૂમાં રહેતા કૅમેરામૅન-ટેકનિશિયન મૂળ ભાવનગરની બાજુના ઢસા ગામના દેવજીભાઈ પઢિયારને મળવાની (જુઓ *કૅમેરામૅન દેવજીભાઈ પઢિયારની મુલાકાત,* અમૃત ગંગર,



સત્યજિત રાયનો બાળપણનો ફોટોગ્રાફ,
સૌ. જખન છોટો છિલામ


નવનીત સમર્પણ, એપ્રિલ ૧૯૯૬) અને બીજી ચારેક વર્ષ અગાઉ કલકત્તા યુનિવર્સિટીએ એક સેમિનારમાં ભાગ લેવા માટે મને આમંત્ર્યો હતો ત્યારે ગોલપાર્કમાં આવેલા રામકૃષ્ણ મિશનના ઇન્ટરનેશનલ ગેસ્ટ હાઉસમાં રહેવાનું આપ્યું હતું. એક સવારે નાસ્તા વખતે વાત પરથી વાત નીકળતાં મિશનના એક કાર્યકરે મને ત્યાંથી બહુ છેટે નહીં તે સત્યજિત રાયના લેક ઍવેન્યૂ તેમ જ લેક ટેમ્પલ રોડનાં ઘરો વિષે ઉલ્લેખ કર્યો હતો. "૩૧, લેક ઍવેન્યૂની પ્રોપર્ટી તો હવે ઇસ્કૉન પાસે છે ને બીજું ઘર બંધ પડ્યું છે," તેમણે ઉમેરતાં કહ્યું હતું. છતાં દૂરથી મકાન જોયાનો લાભ લીધો હતો. આ ઘરમાં જ અપુત્રયીની ત્રીજી ફિલ્મ અપુર સંસાર (૧૯૫૯) દ્વારા અદાકાર સૌમિત્ર ચૅટર્જીએ તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી. વળી વીરચંદ ધરમસીએ પણ યાદ અપાવી કે તેઓ સત્યજિત રાયને તેમના લેક ઍવેન્યૂના આ ઘરમાં ૧૯૫૯માં મળ્યા હતા અને ત્યારે સત્યજિત તેમની ફિલ્મ *દેવી* બનાવવા માટે પૂર્વતૈયારી કરી રહ્યા હતા.

૩, લેક ટેમ્પલ રોડના ઘરમાં કવિ સુભાષ મુખોપાધ્યાય સિવાય બંગાળી સાહિત્યના ઘણા અગ્રણીઓ અડ્ડો જમાવતા અને એવા એક અડ્ડામાં સૂચન થયું કે *સંદેશ* સામયિકને ફક્ત બાળકો માટે સીમિત ન રાખતાં કિશોર-સાહિત્યને પણ તેમાં આવરી લેવું. ટૂંકમાં *સંદેશ* સામયિકનું અસ્તિત્વ કાયમ રહેવું જોઈએ.. સત્યજિત રાય માટે એ સૂચન મનગમતું હતું. છેક ઈ.સ. ૧૮૯૫માં દાદા ઉપેન્દ્રકિશોર રૉયચૌધરીએ શરૂ કરેલા બાળકો માટેના સામયિક *સંદેશે* આ ઘરમાં નવો અવતાર લીધો એમ કહી શકાય. આ જ ઘરમાં સત્યજિત રાયે ફિલ્મ્સ ડિવિઝન-નિર્મિત રવીન્દ્રનાથ ટાગોરની દસ્તાવેજી ફિલ્મ (૧૯૬૧)ની બાંધણી વિષે કલ્પના કરી હતી. આ ઘરમાં સુપ્રભા અને સત્યજિત રાય તેમના સુપુત્ર સંદીપના જન્મદિવસ (આઠમી સપ્ટેમ્બર)ની પાર્ટી મનાવતાં અને તેમાં

હાજરી આપવાની સ્મૃતિઓ હજી મિત્ર અંજનબાબુના મનમાં તાજી છે; પણ હવે આપણે ૧૯૭૦ના વર્ષમાં પ્રવેશી ચૂક્યા છીએ એટલે બિશપ લૅફ્રૉય રોડ તરફ વળીએ.

બિશપ લૅફ્રૉય રોડના ૧/૧ના ઘરમાં સત્યજિત રાય તેમની પત્ની અને પુત્ર સાથે ૧૯૭૦ના વર્ષમાં પ્રવેશ્યા (*અરણ્યે દિન રાત્રી* ફિલ્મ રિલિઝ થવાનો એ સમય હતો) અને ૧૯૯૨માં તેમના અંતિમ શ્વાસ સુધી સત્યજિત રાય ત્યાં રહ્યા. આ જ ઘરમાં હું ચાર વખત આવી ગયો છું, એક વાર માએસ્ટ્રો જીવતા હતા ત્યારે, બીજી વાર તેઓના દેહાંત પછી તરત જ. હાલે પુત્ર સંદીપ અને તેમનું કુટુંબ આ ઘરમાં રહે છે અને તેમણે સત્યજિત રાયના વિશાળ અભ્યાસ ખંડ અને પુસ્તકાલયને એમને

ઉત્તર કલકત્તાની ગડ઼પાર લેનમાં આવેલા યુ. રાય ઍન્ડ સન્સના મકાનનું સત્યજિત રાયે દોરેલું રેખાચિત્ર, સૌ. જખન છોટો છિલામ



એમ રહેવા દીધાં છે, પિયાનો ને કી-બોર્ડ પણ તેમની જગ્યાએ કાયમ છે! વિશાળ અભ્યાસ ખંડના અવકાશમાં સ્મૃતિઓ ચંચળ પતંગિયાંની જેમ ઊડ્યા કરે છે!

સત્યજિત રાયના દેહાંતના એકાદ મહિના અગાઉ જ ૧૯૯૨ના માર્ચ મહિનામાં *ઇન્ડિયન ઍક્સપ્રેસ* ગ્રુપના બ્રૉડશીટ ગુજરાતી દૈનિક '*સમકાલીન*'એ વીરચંદ ધરમસી અને મને સત્યજિત રાય વિષે ખાસ પૂર્તિ કાઢવા માટે ગેસ્ટ ઍડિટર તરીકે આમંત્રિત કર્યા હતા અને અમે દસ પાનાંની એક દળદાર પૂર્તિ સંપાદિત કરી હતી. તેમાં એક આખું પાનું *સિમ્પોઝિયમ*ના મથાળા હેઠળ હતું જેમાં અમારા કપોલકલ્પિત પ્રશ્ન ''જો સત્યજિત રાય ગુજરાતમાં જન્મ્યા હોત તો?''ના પ્રતિભાવ રૂપે મળેલાં અનુમાનો ખૂબ રસપ્રદ રહ્યાં હતાં.

અમારા આ વિલક્ષણ *સિમ્પોઝિયમ*માં જયંત પારેખ, ચંદ્રકાંત બક્ષી, ગિરેશ દેસાઈ, માલા કાપડિયા જેવાં મુંબઈનાં ઘણાં અગ્રણીઓએ ભાગ લીધો હતો.

*સમકાલીન*ની આ પૂર્તિના લગભગ એક દાયકા અગાઉ એટલે લગભગ ૧૯૮૩-૮૪માં કલકત્તામાં યોજાયેલી ફૅડરેશન ઑવ ફિલ્મ સોસાયટી ઑવ ઇન્ડિયા (ઍફઍફએસઆઇ)ની જનરલ બૉડી મિટિંગમાં વીરચંદભાઈ અને હું સાથે હતા અને એ વખતે તેમની સાથે સત્યજિત રાયના ૧/૧ બિશપ લૅફ્રૉય રોડના ઘરે જવાનો મોકો મળ્યો હતો. વીરચંદભાઈને સત્યજિત રાય વ્યક્તિગત રીતે ઓળખે. દરવાજો ખોલીને અમને આવકારવા કોઈ પણ અભિમાન કે આડંબર વિના જાતે જ આવ્યા હતા. દુનિયાની આટલી મોટી વિભૂતિ જાતે દ્વાર ખોલે, રોજ સવારે આવેલી ટપાલના ઉત્તર જાતે પોતાના કૅલિગ્રાફિક હસ્તાક્ષરોમાં આપે, સદા વ્યસ્ત રહેતા બંગાળના આ રેનેસાં મૅનને કોઈ સેક્રેટરીની જરૂર નહીં. આલીશાન કૉલોનિયલ મકાનના ત્રીજા માળ સુધી પહોંચવા માટે તેઓ બીમાર પડ્યા તેનાથી પહેલાં વર્ષો સુધી લિફ્ટ નહોતી. પછી એ વખતની પશ્ચિમ બંગાળની સરકારે લિફ્ટની વ્યવસ્થા કરી આપી હતી. આ જ ઘરમાં ૧૯૮૭માં ફ્રાંસના પ્રમુખ ફ્રાંસ્વા મિત્તરાં સત્યજિત રાયના ગળામાં તેમના દેશનો સર્વોત્તમ સિવિલિયન પુરસ્કાર પહેરાવવા જાતે પૅરિસથી આવ્યા હતા. અને -


અને ફક્ત બે મહિના અગાઉ જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં હજી કોરાનાએ કાળો કેર વર્તાવ્યો નહોતો ત્યારે સિનેમાના ને બૃહદ સર્જનક્ષેત્રના યાત્રાધામ જેવા આ ઘરે ગયો ત્યારે દરવાજો ખોલીને આવકારવા માટે સત્યજિત રાય નહોતા આવ્યા. ૧/૧ બિશપ લૅફ્રૉય રોડના ઘરમાં પ્રવેશવાનો રોમાંચ કંઈક વેગળો છે. હજી પણ!

મારા આ ઐતિહાસિક ઘરમાં ચતુર્થ પ્રવેશની ૨૦૨૦ના વર્ષની ત્રીજી જાન્યુઆરીની સંધ્યા પણ વેગળી હતી!

આરો એકબાર માણિકદાર બાડ઼િતે...

[હવે બિશપ લૅફ્રોય રોડ સત્યજિત રાય ધરણી તરીકે ઓળખાય છે. 'ધરણી' નામકરણનો આગ્રહ પશ્ચિમ બંગાળનાં મુખ્ય મંત્રી મમતા બૅનર્જીનો વ્યક્તિગત હતો. સત્યજિત રાયની ફિલ્મોનાં પોસ્ટરોની છબીઓથી આભૂષિત આખ્ખી શેરી મ્યુઝિયમ જેવી લાગે છે. સત્યજિત રાયનું હુલામણું નામ માણિક હતું]

તા.ક. કોરોના લૉકડાઉનની ઘરબંધી દરમિયાન મળેલો ફાઝલ સમય સંદિપ રાય માટે તેમજ સત્યજિત રાયની ફિલ્મકૃતિઓના પ્રેમીઓ માટે ખૂબ ઉપયોગી નીવડ્યો છે. એપ્રિલ ૨૦૨૦ મહિનાના અંતની આ વાત છે. ઘરની સાફસફાઈ કરતી વખતે માળિયા પર પડેલાં ખોખાંઓમાંથી સંદિપ રાયને અને પહેલાં કદી જોઈ નહીં હોય તેવી ઢગલાબંધ અલભ્ય સામગ્રી પ્રાપ્ત થઈ, દા.ત. સત્યજિત રાયે પોતે પાડેલા સોએક ફોટોગ્રાફ્સની નૅગેટિવ્ઝ, ફિલ્મો શૂટ થતી વખતે લેવાયેલા અગાઉ કદી જોયા ન હોય તેવા હજારેક વર્કિન્ગ સ્ટીલ્સ, નામાંકિત ફિલ્મ હસ્તીઓનાં પત્રો, ટેલિગ્રામ્સ, વગેરે. સત્યજિત રાયની જન્મ શતાબ્દિના વર્ષમાં અને વિશ્વવ્યાપી કોરોના વાઈરસના વિચિત્ર સમયમાં મળેલા ખજાનાની આ વાત પણ અજીબ છે. ❑❑❑



દક્ષિણ કલકત્તાની બાલીગંજ ગવર્નમેન્ટ હાઈસ્કૂલનું સત્યજિત રાયે દોરેલું રેખાચિત્ર, સૌ. જખન છોટો છિલામ

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો?

- શ્રીમદ્ રાજચંદ્ર



'શુભ યાત્રા'

□ જાનકી શાહ

આ વાસ્કો-દ-ગામા અને કોલંબસ વગેરેની સાહસસફર તો કહેવાની, સાચી સાહસયાત્રા તો સરકારી બસમાં સફર કરવામાં છે. સેલ્ફ કંટ્રોલ માટે વિદેશોમાં થતી હશે જાતભાતની થેરપી, અહીં તો પચાસ સામે એંશી ભરાયા હોય, તેવામાં પોતાની જાતને સંભાળી શકે તેને બીજી કોઈ થેરપીની જરૂર જ નહીં. તેમાંય સરકારી બસનું સૂત્ર છે કે- 'સ્વચ્છ, સલામત અને સમયબદ્ધ.' મને હજીયે યાદ છે કે, તે દિવસે લગભગ એક માણસના વજન જેટલો કચરો સાફ કરવા માટે એ ખખડધજ બસ અંદર ગઈ અને સીધી... બે દિવસ લેટ થઈ ગઈ.

એસ.ટી. બસો, બસ સ્ટેન્ડની આખી દુનિયા જ નિરાળી છે અને મને એનો ખૂબ 'ઊંડાણ'થી અનુભવ છે. દેશભરમાં એસ.ટી. મથકો ઓળખવાં ખૂબ આસાન

છે. તેના પ્રવેશદ્વાર પર રિક્ષાઓ લાડુ પર કીડીની જેમ બાઝી ગઈ હોય એ જ તેની ઓળખ. રિક્ષાઓની ભૂલભુલામણીમાંથી પગથિયે પહોંચો તો એમ લાગે કે મારિયોનું એક લેવલ ના જીતી લીધું હોય! જગ્યાએ જગ્યાએ પ્રતીતિ થાય કે મોટા ભાગના લોકો મિસમેનેજમેન્ટમાં પીએચ.ડી. છે. એમાંય અમુક ડેપો સ્ટાર ડેપો હોય છે. જેમકે, વડોદરા કે અમદાવાદનો ડેપો. ઉત્સાહમાં ને ઉત્સાહમાં એવા ડેપો માટે બસ-પોર્ટ શબ્દ ચલણી બન્યો છે. એ તો પાછળથી સમાચારમાં એરપોર્ટ પર વારંવાર ફ્લાઈટ ડીલે થવાના, સ્ટાફની ઉદ્ધતાઈના સમાચાર વાંચ્યા ત્યારે મને એ શબ્દનો ગૂઢાર્થ સમજાયો. સરકાર ડેપોને એરપોર્ટની નહીં, એરપોર્ટને ડેપોની સમકક્ષ બનાવવા માગે છે.

હવે જે લેવલની સિક્યોરિટી બસ-પોર્ટ પર હોય છે, તે જોતાં મને ખાતરી છે કે; ભરતી વખતે માત્ર એક જ માપદંડ રહેતો હશે- નવ-દસ હજારમાં બાર કલાક કામ કરે તેવા યુવકોની જરૂર છે. આવા ડેપોમાં 'લગેજ ચેકિંગ' નથી થતું, 'લગેજ ટચિંગ' થાય છે. ઘરમાં કોઈ આરતી લઈને આવે અને સૌ દીવા પર હાથ ફેરવે તેમ સિક્યોરિટી ગાર્ડ સામાન પર હાથ ફેરવે છે અને તમે અંદર જવા લાયક ઠરો છો. મને તો 'થિયરી ઓફ રિલેટિવિટી' સમજાય છે પણ એ નથી સમજાતું કે, યાત્રીને મેટલ ડિટેક્ટરથી ચેક શું કરે છે? કોઈ સાચે જ હથિયાર લઈને ઘૂસી ગયો અને પકડાઈ પણ ગયો તો શું તેનો સામનો હાથથી કરશે? એટલે આ ચેકિંગ 'તમે આંતકવાદી કે હથિયારધારી છો?' - એ પ્રશ્નનો જવાબ મેળવવા છે જ નહીં પણ 'તમે આંતકવાદી કે હથિયારધારી નથી' માત્ર એ કહેવા માટે છે. જો કે, હુમલાનું એલર્ટ મળે તો પાછી ગંભીરતા વધી જાય છે. પણ તેનેય ખબર છે કે, અંદરથી કંઈ પણ નીકળ્યું તો પરિસ્થિતિ તેમના હાથમાં તો બિલકુલ રહેવાની નથી.

આ મહત્ત્વના 'પડાવ' વટાવીને આગળ જઈએ એટલે ઓહોહો... ખિસ્સાના પૈસાને આકર્ષતા ચુંબક જેવા ખરીદી માટેના અઢળક વિકલ્પો તમારી નજર સામે તરવરે. એમ તો, ડેપો ને શોપિંગ કોમ્પ્લેક્ષ છે એમ લાગે જ નહીં બલકે મોલ ને વિશાળ પાર્કિંગ એરિયા હોય એમ લાગે. ખાણી-પીણી, ફન સ્ટ્રીટ, બુક સ્ટોર... આ બધાના ચક્કરમાં ઘણી વાર બસ જ ભુલાઈ જાય એવું મારી સાથે ઘણી વાર થયું છે. ખાણી-પીણીની દુકાનો કે જે ફન સ્ટ્રીટના નામે ઓળખાય છે તેનો ટ્રેડમાર્ક હતો, વડાપાઉં વેચનારનો ગ્રાહકને બોલાવવાનો અંદાજ. તેના અવાજમાં તીવ્રતા અને તાજગી છોકરીની ઉંમરના પ્રમાણમાં વધતી હતી. એક યુવતીને જોઈને તે કઈંક વધારે જ ઉત્સાહમાં આવી 'વડાપાઉં'... 'વડાપાઉં'... બૂમો પાડવા લાગ્યો. પણ પેલી છોકરીએ તેને એટલો જ નજરઅંદાજ કર્યો કે જેટલો ટ્રમ્પ અમેરિકા સિવાયના દેશોને કરે છે.

બસ-પોર્ટમાં સુવિધા અને શોપિંગની તકો એટલી છે કે જાણે 'બસ'ને જ શોધવી પડે અને તેમાંય ઇન્ક્વાયરી કાઉન્ટર તો અફઘાનિસ્તાનના તોરા-બોરા પહાડોની ભૂલભુલામણીમાં લાદેન છુપાયો હતો તેવી ગૂઢ રહસ્યમય જગ્યાએ. એ મળી આવે તો જાણે ભગવાન મળી ગયા હોય એમ લાગે. બલકે, એ તો એ વાતની સાબિતી છે કે, સરકારી કર્મચારીઓ સુધી પહોંચવું એ ખાવાના ખેલ નથી! પ્રથમ નજર પડતાં જ રોજ મને બે બસ નજરે પડે- એક INDIAની બસ જે અમદાવાદ જતી વોલ્વો હોય અને બીજી ભારતની બસ જે ખખડધજ હોય અને ગામડે જતી હોય. વોલ્વો એ ઘરમાં આવેલી દુલ્હન જેવું સ્થાન ભોગવે છે. બધાની નજર બસ એના પર જ હોય. મોટા કાચ અને પડદાવાળી બારીમાંથી અમુક લોકો તો એવા અભિમાનથી બહાર જુએ કે જાણે, નગર તેનું રજવાડું ન હોય!

પણ ઘણાં નગરો ખૂબ બદનસીબ હોય છે. કારણકે, વર્ષોથી રાહ જોતી પ્રિયતમાની જેમ તે નગર જવા માટે બસની લાં... બી... રાહ જોવી પડે. ઘણીવાર એમ બને કે, દોઢ કલાક સુધી એ બસની રાહ જોવાની કે જેની સફર જ કલાકની હોય. પણ આ રાહ જોવામાંય એક મજા છે, હંઅઅ... જાતભાતની વાર્તાઓ કોઈ દિલધડક વળાંકના ઇંતેજારમાં ફરતી હોય. ભારતમાં થયેલી અમુક શોધો પણ ગજબ છે હોં! એ આર્યભટ્ટની શૂન્યની શોધ, દશાંશ પદ્ધતિ અને પછી બસ આવતાં જ બેગથી સીટ રોકવાની ઇન્ડિયન કોપીરાઇટ પદ્ધતિ! યુદ્ધમાં 'લલકાર હો' બોલીને કેમ યોદ્ધાઓ સામે દોડી જાય એમ સૌ બસ સામે દોડી જાય. મને તો શંકા છે કે, ઘણા વિદ્યાર્થીઓ તો માત્ર સીટ રોકવા જ બેગ લઈને આવતા હશે. આ કોઈ લીગલ કોન્ટ્રાક્ટ કરતા પણ મજબૂત પદ્ધતિ છે. ખુશબૂ ગુજરાત કી!

વડોદરા જેવા ડેપોમાં બીજાં રાજ્યોની બસ પણ હાજરી પુરાવવા આવતી હોય છે. ગુજરાતની બસો વચ્ચે આવી એકાદ બસ, ભારતીયો અમેરિકામાં પડે તેમ અલગ પડી જાય છે. એ બસ બિચારી દુશ્મનોના કેમ્પમાં ઘૂસી ગયેલી વ્યક્તિ જેવી લાગે. એકવાર તો ભારે થઈ ગઈ... રાજપીપળા-ઉદેપુર લખેલી બસ આવી. સૌ ઉત્સાહીઓ ફટાફટ ગોઠવાઈ પણ ગયા. પછી ડ્રાઈવર કાચ લૂછવા નીચે ઊતર્યો અને કપડું લીધું ત્યારે પૂરું બોર્ડ વંચાયું: રાજપીપળા-છોટાઉદેપુર. એ તો સારું થયું કે કોઈકે આ ઘટનાક્રમથી બધાને વાકેફ કર્યા. બાકી, ગુજરાતીમાં એક નવી કહેવત આવી જાત- 'જાના થા છોટાઉદેપુર ઔર પહોંચ ગયે ઉદેપુર'.

તો, તમને નથી લાગતું કે બસ પરના હાસ્યલેખ માટે આટલું બસ છે? અને જતાં-જતાં એ ન ભૂલશો કે ગમે તેવી તો ય G.S.R.T.C. છે. જેમાં T.C.નો અર્થ Take Care થાય છે.

❑❑❑



કુમુદબહેન પટવા, એક વિરલ વ્યક્તિત્વ

☐ ડૉ. પ્રીતિ ભટ્ટ

બહુમુખી પ્રતિભા ધરાવતાં કુમુદબહેન પટવાનું 27મી એપ્રિલે સવારે ટૂંકી માંદગી બાદ મુંબઈમાં નિધન થયું. કુમુદબહેનનો જન્મ સુરતમાં. એક ગર્ભશ્રીમંત ઘરમાં. માતાપિતાનું પાંચમું સંતાન. બે ભાઈઓ સાથે ખાસ વહાલભર્યો સંબંધ.

જેમ જેમ મોટાં થતાં ગયાં તેમ તેમ તેમના આનંદી સ્વભાવમાં રહેલી લાક્ષણિકતાઓ જેમ કે સાહસિક વૃત્તિ,

સમભાવ દૃષ્ટિ ઉજાગર થતાં ગયાં. તેમણે રબરબોટમાં કરેલી નર્મદા યાત્રા તેમની સાહસિક વૃત્તિનું અનોખું ઉદાહરણ છે.

ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થઈને સેવાદળમાં જોડાયાં, પદયાત્રાઓ કરી. સમાજસેવામાં વધુ રુચિ પેદા થઈ. જીવન શિસ્તબદ્ધ અને અનુશાસનપ્રિય બન્યું. આજે પણ તેમણે પોતાના ભાઈની સાથે મળીને સુરતમાં પિતાને નામે શિક્ષણસંસ્થા સ્થાપેલ જે અહીં કાર્યરત છે.

ભાઈના પ્રોત્સહનથી અમેરિકા ભણવા ગયાં એ જમાનામાં જ્યારે આ બધું એટલું સહેલું ન હતું. ત્યાં બે વર્ષનો ફૂડ એન્ડ ન્યુટ્રીશનનો કોર્સ કરી ભારત પાછાં ફર્યાં. બરોડા કોલેજમાં લેક્ચરર તરીકે કામ કર્યું. લગ્ન પછી મુંબઈ આવી સ્થાયી થયાં.

એસએનડીટી યુનિવર્સિટીમાં હોમ સાયન્સમાં જોડાયાં અને ધીરે ધીરે પ્રિન્સિપાલ થયાં. તેમની કાર્યકુશળતા, કુનેહ અને આયોજનક્ષમતાથી ખૂબ સફળતા મેળવી. તેમના સ્વભાવમાં રહેલ સહજતા, સૌ પ્રત્યે પ્રેમભાવ અને મીઠી વાણીથી તેઓ લોકપ્રિયતાની સીડી ચડતાં ગયાં.

જીવનમાં ઘણા સંઘર્ષોનો સામનો પણ કરવો પડ્યો પણ હકારાત્મક વલણથી પોતાની જાતને ઉન્નત બનાવી. એસએનડીટીમાં મળ્યા શ્રી સુરેશ દલાલ અને શ્રી ગુણવંત શાહ. હવે સાહિત્ય અને ફિલોસોફીમાં રસ પડવા માંડ્યો. જીવનને નવો વળાંક મળ્યો.

આપણાં સગાં સંબંધીઓ તો ઈશ્વરદત્ત હોય છે. પણ કોઈ ભાગ્યવાનના જીવનમાં એવી વ્યક્તિઓ આવી મળે છે કે જેનાથી જીવન ધન્યતા અનુભવે છે. કુમુદબહેન મારા જીવનમાં એવી એક વ્યક્તિ હતાં. આમ જોવા જઈએ તો મારામાં અને એમનામાં કોઈ સામ્યતા નહીં. તેઓ ઉંમરમાં મારાથી ઘણાં મોટાં. મારી અને એમની કોઈ સરખામણી થઈ શકે નહીં. અમે બન્ને એસએનડીટીમાં પણ એ ઘણા ઊંચા પદ પર, જ્યારે હું સાધારણ પ્રાધ્યાપિકા. મારો વિષય સંગીત અને એમનો હોમ સાયન્સ. સ્વભાવમાં પણ કોઈ મેળ નહીં.

કાલિંદીબહેન રાંદેરી ત્યારે ડીન હતાં. તેમને લીધે અમારે કોઈક વાર મળવાનું બનતું. વળી સુરેશભાઈ અને ગુણવંતભાઈ સાથે પણ મળવાનું થતું. આમ ધીરે ધીરે મુલાકાતો વધતી ગઈ. તેઓ મારા સંગીતના કાર્યક્રમમાં આવતાં. તેમને મેં ગાયેલાં ભજનો અને ગીતો ખૂબ ગમતાં. આમ પરિચય વધતો ગયો અને ક્યારે એ સંબંધ એટલો ગાઢ થયો, ક્યારે અમે એકબીજામાં વણાઈ ગયાં, એકબીજાના કુટુંબના સભ્ય થઈ ગયાં તે ખબર પણ ના પડી. તેઓ મારી ખૂબ જ સંભાળ લેતાં. મૂળમાં જ તેમનો સ્વભાવ પરગજુ. બીજાને

મદદ કરવા સતત તત્પર.

મારી બાબતમાં તેઓની કાળજી કદાચ મારી નબળી દૃષ્ટિને લીધે હોઈ શકે. મારા ઘરમાં કોઈ પણ કામ હોય તો એ હાજર થઈ જાય. કામની બધી જવાબદારી પોતે ઉપાડી લે. પછી એ રસોડું ગોઠવવાનું હોય કે બાથરૂમ રીપેર કરવાનો હોય!

સવારના બન્ને જણા કોલાબા સ્થિત BPT gardens, સાગર ઉપવનમાં જતાં. કુદરતના સાંનિધ્યમાં. પક્ષીઓના કલરવ અને સામે ઘૂઘવાતા સાગરના પાર્શ્વસંગીતને માણતાં વાંચન કરતાં. કોઈકવાર રજનીશજી, તો કોઈવાર રામકૃષ્ણ પરમહંસ. કોઈ વાર કાંઈ સારું વાંચ્યું હોય તો એકબીજા જોડે એની આપ-લે કરતાં. કોઈવાર સાહિત્યચર્ચા તો કોઈવાર આધ્યાત્મિક ચર્ચા. Jainism પર તેમનું સારું પ્રભુત્વ. એટલે એ ધાર્મિક ચર્ચા પણ થતી. ટૂંકમાં એમણે મને ઘણું આપ્યું છે. હું તેમની પાસેથી ઘણું શીખી છું. તેમના વ્યક્તિત્વની વિશાળતા સામે નતમસ્તક છું. તેમના કરુણામય અને ક્ષમાશીલ સ્વભાવથી પ્રેરિત છું. તેમની ઋજુતા, કોમળતા છતાં વખત આવે ડોકાઈ જતી કઠોરતાથી અહોભાવિત છું.

તેઓને હું શું કહું? મારા પરમ મિત્ર કહું, મુરબ્બી કહું, વડીલ કહું કે આત્મીય સ્વજન કહું જાણતી નથી. તેઓના જવાથી ખાલીપો તો જરૂર ભાસશે. તેમની સાથે ગાળેલ પળો, તેમની સાથે માણેલા પ્રસંગો મમળાવીને ક્યારેક હસું છું તો ક્યારેક રડું છું. પણ મને લાગે છે કે તેઓ મારી પાસે જ છે. તેઓ મને હંમેશા પરોક્ષ રીતે માર્ગદર્શન આપતાં રહેશે. આ વર્ષના ફેબ્રુઆરીની નવમીએ તેમની વર્ષગાંઠ પર 'નિર્ગુણ નાદ' નામે કબીરનાં પદોનો કાર્યક્રમ તેમને ભેટ રૂપે ધર્યો હતો. ત્યારે જાણતી ન હતી કે આ મારી તેમને છેલ્લી ભેટ હશે... 'લોકડાઉન'ને લીધે તેમને છેલ્લે મળવાનું પણ ના બન્યું તેનો રંજ રહેશે.

પ્રભુ, કુમુદબહેન જેવા વહાલસોયા, સ્નેહસભર મુરબ્બી મિત્ર મને આપવા બદલ તારો આભાર. તેમને મારી પ્રેમભરી શ્રદ્ધાંજલિ! ❑❑❑

ઈશ્વર, સત્ય, બ્રહ્મ અથવા જે કહો તે છે કે નહીં, તેનો ઉત્તર ગ્રંથો, ધર્મગુરુઓ, તત્ત્વચિંતકો કે ઉદ્ધારકો કદી આપી શકશે નહીં. આ પ્રશ્નનો ઉત્તર તમારા સિવાય બીજું કોઈ અથવા કશું આપી શકે નહીં અને તેથી તમારે તમારી જાતને જ ઓળખવી પડશે. પોતાની જાતને સમજવી તે પ્રજ્ઞાનો પ્રારંભ છે.

- જે. કૃષ્ણમૂર્તિ

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India

Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@gmail.com
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)



ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

ક્વિનક્વિના ગ્લાસની આરપાર

વિલિયમ સેન્સમની આ વાર્તા 'Through the Quinquina glass'નો અનુવાદ 'નવનીત-સમર્પણ'ના મે 1993ના અંકમાં પ્રકાશિત થયેલો છે. વિચિત્ર લાગે તેવી શૈલીમાં આ વાર્તા કહેવાઈ છે. વાર્તાનો કથક અને તેનો મિત્ર એક કાફેના ટેબલ પર ક્વિનક્વિના પીતાં પીતાં વાતો કરી રહ્યા હતા ત્યારે કાફેમાં એક ચાલીસેક વર્ષનો, કાળો કોટ પહેરેલો માણસ પ્રવેશે છે. વાર્તાકથકને જાણે ધુમ્મસમાંથી સ્ફુરતી હોય એમ અચાનક જ પેલા તદ્દન અજાણ્યા માણસની વાર્તા લીલા ગ્લાસની આરપાર દેખાઈ રહી છે. બંને મિત્રોની વાતો અચાનક જ ફંટાય છે. કથક કહે છેઃ 'આ કાળા કોટવાળો

માણસ... તેનું નામ... ચાલને આપણે તેને એરિસ્ટાઈડ ફ્યુજેરેસ કહીએ. તે ચાળીસ વર્ષનો છે. આ નાનકડા શહેરમાં તે વકીલ છે. છ મહિના પહેલાં તેણે શોધી કાઢ્યું કે તેની પત્નીએ તેને દગો દીધો હતો. તો હવે આ એરિસ્ટાઈડની વાત કેવી હોઈ શકે તે જરા જોઈએ...' ક્વિનક્વિના પિવાઈ રહ્યું છે અને વાર્તા આગળ વધે છે. લીલા ગ્લાસની પારની દુનિયા રહસ્યભરી લાગી રહી છે. કથક ટુકડા જોડતો હોય એમ વાત કરતો જાય છે. કૌંસમાં એના દ્વારા આવું પણ કહેવાય છેઃ 'આ વાર્તા કોઈ વિલક્ષણ પ્રવાહિતા સાથે મારા હોઠ પર આવી રહી હતી... એવું લાગતું હતું જાણે મને પહેલેથી ખબર હોય. એવી વાર્તા સંભળાવી રહ્યો હોઉં. બહુ વિચિત્ર રીતે હું મારા શબ્દો બાબતે ચોક્કસ હતો.' આવી કબૂલાત પછી વાર્તા આગળ ચાલે છે. એરિસ્ટાઈડને ખબર પડી હતી કે એની પત્નીએ બીજા શહેરમાંથી આવેલા એક વેપારી સાથે રાત ગાળી હતી. એણે પત્નીને કશું ન કહ્યું. કકળાટ પણ ન કર્યો. પણ એનો અહમ્ ઘવાયો હતો. પત્ની સાથેના પ્રેમભર્યા દિવસોની યાદ એને અકળાવી દેતી હતી. એની પત્ની હજીયે ખાસ્સી રૂપાળી અને મોહક લાગતી હતી એની એને ખબર હતી. રાત્રે બાજુમાં સૂતેલી પત્નીના બીજા પુરુષ સાથેનાં પ્રેમદશ્યોની કલ્પનાથી એને પારાવાર યાતના થતી. પત્નીએ 'એક રાતના લફરાથી' વધારે વિશ્વાસઘાત નથી કર્યો એની ખાતરી કરવા છેવટે એણે જાસૂસ રોક્યો. એને જાણવું છે એની પત્ની ક્યાં જાય છે, કોને મળે છે... તે ઉપરાંત એ સતત પત્નીના રૂમમાં ખાંખાંખોળાં કરે છે. એને કોઈ પણ હિસાબે પત્ની વિરુદ્ધ પુરાવા જોઈતા હતા. એ પત્રો કે ફોટા કે કંઈ પણ શોધવા મથે છે. પુરાવા શોધીને એ પત્નીની સત્તાને પડકારવા ઇચ્છે છે. પુરાવા એકઠા કરવાનું એનું ઝનૂન ઘેલછામાં ફેરવાતું જતું હતું. પત્નીને 'બહારગામ જઉં છું.' કહી અચાનક ઘરે પાછા ફરતા મિ. ફ્યુજેરસે આખા ઘરમાં ફરી વળતા, સિગારેટનાં ઠૂંઠાં શોધતા, પરદા સૂંઘતા, વોશબેસિનની જાળી તપાસતા... ઘણીવાર ઘરની બહાર અંધારામાં કલાકો સુધી બેસી રહેતા... કંટાળીને પોતે વેશ્યાલય જતા થયા. પણ પત્ની જાણી જશે એ વાત તો ફરી એની સત્તા સ્થાપિત થઈ જશે. એ વાતના ડરે અઠવાડિયામાં વેશ્યાલય જવાનું બંધ કરે છે. કોઈ પણ રીતે પત્નીને વાંકમાં લાવી પોતાની સત્તા એનાં પર સ્થાપવા બહાવરા બનેલા. મિ. ફ્યુજેરેસને પત્ની વિરુદ્ધ કોઈ પુરાવા નથી મળતા. અંતે કંટાળીને એ પત્નીના પ્રેમી એવા વેપારીને મળવાનું નક્કી કરે છે. એની સાથે દોસ્તી બાંધવાનું નક્કી કરે છે. એમની કલ્પના વધુ આગળ વધે એ પહેલાં એમને ખબર પડે છે


કે પેલો વેપારી તો પાંચ મહિના પહેલાં જ કીડનીના ટી.બી.ને કારણે મરી પરવાર્યો હતો. મૃત્યુએ અચાનક જ જિંદગીના પાસાં પલટાવી નાખ્યાં. પોતે અત્યાચાર સુધી એક મૃત વ્યક્તિની ઈર્ષા કરતા હતા! હવે પત્ની પર શો આરોપ મૂકવો? એ તો અચાનક જ નિર્દોષ ઠરી. એમને જિંદગીમાંથી રસ ઊડી ગયો છે. અને એવી મનઃસ્થિતિમાં હવે એ અહીં આપણી સામેના ટેબલ પર આવીને બેઠા છે. એમણે હવે શું કરવું એ એક પ્રશ્ન છે. વાર્તાકથક અહીં અટકે છે. પત્નીની બેવફાઈ સાબિત કરવા મથતા રહેતા મિ. ફ્યુજેરેસ અચાનક જ જાણે પ્રવૃત્તિ વગરના થઈ ગયા. જે શોધવા વેપારધંધાને એમણે ચોપટ થવા દીધો હતો એમાં તો કંઈ મળ્યું નહીં. મિ. ફ્યુજેરેસ હવે કરે તો શું કરે? કથક અહીં આવીને અટકે છે અને કહે છેઃ 'વાર્તાને કઈ રીતે પૂરી કરવી તે હું ખરેખર જ જાણતો નથી.' હવે વાર્તા નીચેની લીટીઓ સાથે પૂરી થાય છે, બરાબર એ જ ક્ષણે કાળો કોટ પહેરેલો એ માણસ ખુરશીમાંથી ઊભો થયો. તેના ટેબલ પાસેના ભોંયતળિયાને તાકતો થોડીક ક્ષણો તે ઊભો રહ્યો. પછી ઝડપથી એણે એના હાથને કાન તરફ ઊંચો કર્યો. એક ધડાકો થયો. તે બેવકૂફની જેમ લહેરાઈને ટેબલ પર પડ્યો તે પહેલાં મેં તેના હાથમાંથી જમીન પર પડી જતી કાળી પિસ્તોલ જોઈ.'

સાવ ઉટપટાંગ રીતે ચાલતી વાર્તા અચાનક જ સાચી બની જાય છે. Fact અને Fiction વચ્ચેની પાતળી રેખા લોપાઈ જાય છે. એક એકસ્માતે વાર્તાને સાચી બનાવી દીધી. પણ સાહિત્યકૃતિમાં પ્રયોજાતો અકસ્માત કદી કૃતક ન લાગવો જોઈએ. લેખકે જાણીજોઈને અકસ્માત ઊભો કર્યો છે એવું પણ વાચકને ન લાગવું જોઈએ. એરિસ્ટોટલે કહ્યું છે તેમઃ 'Even coincidences are most striking when they have an air of design' અકસ્માતને પણ કોઈ ભાત, કોઈ આયોજન હોય, માત્ર લેખકની મુશ્કેલીના ઉપાય તરીકે પ્રવેશતો અકસ્માત વાર્તાની નિષ્ફળતા છતી કરે છે. દા.ત. દ્વિરેફની જાણીતી વાર્તા 'સાચી વાર્તા.' પણ આ વાર્તામાં બને છે તેમ વાર્તાને સાચી ઠેરવવા યોજાયેલ અકસ્માત વાર્તાના રહસ્યને ઘૂંટવાને ઉપકારક નીવડી એક કલાત્મક વાર્તા નિપજાવે છે. કલ્પનાને સાચી બતાવવા લેખકે પ્રયોજેલ અકસ્માત ક્યાંય તાલમેલિયો નથી લાગતો તેનું કારણ વાર્તાની શરૂઆતથી જ ઊભું કરાયેલું ધુમ્મસભર્યું, રહસ્યમય વાતાવરણ છે. માત્ર હકીકતનું 'સત્ય' નહીં, વાર્તાના ઘટકોની સંવાદિતાનું સત્ય પણ વાર્તાની કલાત્મકતા માટે જરૂરી છે એ વાત અહીં પુરવાર થાય છે.

❑❑❑

અક્ષરની ઓળખાણ

☐ ડૉ. પ્રજ્ઞા શુક્લ



રવીન્દ્ર-પત્રમધુ : (રવીન્દ્રનાથના પત્રો) સંપાદન અને અનુવાદ : જયંત મેઘાણી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-380001. પૃ. 280, રૂ. 280, પ્રથમ આવૃત્તિ 2018.

રવીન્દ્રનાથ મહાન પત્રલેખક પણ હતા. એમની અંતરતમ અભિવ્યક્તિના સાક્ષી એમના બંગાળી અને અંગ્રેજીમાં લખાયેલા અસંખ્ય પત્રો છે. એમના પત્રો એમના જીવનને સમજવા, એમના અંતરંગને પામવા માટેનું પ્રાણવાન માધ્યમ છે.


રવીન્દ્ર-પત્રમધુ કવિવરના પત્રસાહિત્યનો પ્રતિનિધિસંચય નથી છતાં લેખકે લગભગ અઢીસો પત્રોનો આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે જેને તેઓ 'એક વિરાટ મધપૂડામાંથી ઝીલેલાં થોડાં મધુબિંદુઓ' કહે છે. આ પત્રોમાં રાનુ નામની મુગ્ધ કિશોરી, રોમા રોલાં, વિદેશિની, વિલિયમ રોધેન્સ્ટાઈન, ચાર્લ્સ એન્ડ્રુઝ, પ્રિય ભત્રીજી ઇંદિરા, ભાભી કાદંબરીદેવી, સહચરી મૃણાલિનીદેવી તેમ જ આપ્તજનો અને ઇતરજનો પર લખાયેલા અને એમના ઉત્તરોનો સમાવેશ થાય છે. કવિવર રવીન્દ્રનાથના આ પત્રોમાં ક્યાંક એમનું રમતિયાળપણું તો ક્યાંક જીવનનાં ઊંચેરાં સત્યો છે. ક્યાંક ઇંગ્લેન્ડ-પ્રવાસની ઝલક છે તો ક્યાંક આલ્પ્સની છાયા છે. તર્ક અને ઊર્મિનાં સંમિશ્રણથી પૂર્ણ આ સંચય સામાન્ય ભાવકોને પણ રસ પડે એવો છે.

રવીન્દ્ર સાહિત્યના ભાવકોએ તો જરૂર વાંચવા જેવું પુસ્તક.

❑

તપાસ : (ગ્રંથાવલોકનો) નરોત્તમ પલાણ, બીજલ પ્રકાશન, વડોદરા-390023. પૃ. 104, રૂ. 100, પ્રથમ આવૃત્તિ 2019.

'ઝીણું જોઈને પાકું જોગવનારા મર્મી આલોચક' નરોત્તમ પલાણના ગ્રંથાવલોકનોના પુસ્તક 'તપાસ'માં 1976 થી 2017 સુધીનાં પુસ્તકોનાં અવલોકનો છે. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી અને રામપ્રસાદ શુક્લથી ભીમજી ખાચરિયા સુધીની જૂની-નવી બન્ને પેઢીઓના પ્રતિનિધિ સર્જકોનાં પુસ્તકોની તપાસ લેખકે કરી છે.



લેખકના મતે 'કડક સમીક્ષકની કમી વિવેચનક્ષેત્રની સૌથી મોટી કમનસીબી છે. વિવેચકે અહમ્ અને મમ્‌થી પર રહીને સંજયદૃષ્ટિએ કામ લેવું ઘટે.' આ પુસ્તકના બધા ગ્રંથોની તપાસ ઊલટભેર થયેલી અભ્યાસપૂત તપાસ છે. દરેક અવલોકનને જે શીર્ષક આપવામાં આવ્યું છે તે આ 'તપાસ'નો સાર છે. જેમ કે 'નર્મદ વિશેનો આ લગભગ સર્વાંગી અભ્યાસઅંક' 'ગંગાજળમાંય શુદ્ધિની અપેક્ષા', 'મુનશીનું અધૂરું ચિત્ર' અને 'કૃતિ બહારના સંદર્ભો - જોખમ' ઇત્યાદિ.

'વિવેચક આસ્વાદ કરે છે. એમાં જે અડચણરૂપ કે અન્યથા જણાય તે પ્રતિ તે કડક બને છે.' લેખકનું વિવેચન કડક છે જેથી સર્જન વધુ તેજસ્વી બને, અને સાહિત્યની શુચિતા ઉજાગર થાય. સર્જક, વિવેચક, શોધાર્થીઓ અને સાહિત્યના અભ્યાસુઓએ જરૂર વાંચવા જેવું પુસ્તક.

❑

ચપટી શમણાંની કુલેર : ચતુર પટેલ, લજ્જા પબ્લેકિશન, વલ્લભ વિદ્યાનગર - 388120. પૃ. 74, રૂ. 150, પ્રથમ આવૃત્તિ 2017.



'ચપટી શમણાંની કુલેર'ના કવિ ચતુર પટેલ વૈજ્ઞાનિક, કલાકાર, વાર્તાકાર અને અનેક બોલીઓના જાણકાર - એમ બહુમુખી પ્રતિભાસંપન્ન છે.

ચરોતરી બોલીના કાવ્યોમાં કવિની વેદના, ભીતરનો વલવલાટ, માવતરે ભોગવેલ અનેક કષ્ટોભર્યું જીવન વ્યક્ત થયું છે. આ કૃતિઓમાં હાસ્ય દ્વારા વ્યંગ,


હાસ્ય અને Black Humourની સાથે કવિની વેદનાનો વલોપાત અવતર્યો છે. કવિના જીવનના અનુભવો સામાન્ય વિષયોમાં અનેક તળપદી ચરોતરી કહેવતો સાથે એમની કવિતામાં ઊતરી આવ્યા છે.

કવિ ચતુર પટેલને જે લાગ્યું, અનુભવાયું અને પોતાની અંગત પીડાથી ફારેગ થવા માટે આ ચરોતરી કવિતાઓએ એમને સાથ આપ્યો.

ચરોતરી બોલીમાં લખેલી કવિતાઓ માણવા-સમજવાની મુશ્કેલી ના પડે માટે દરેક કવિતાની નીચે શબ્દોના અર્થ આપ્યા છે, જેથી કવિતાપ્રેમીઓ કવિતાઓને માણી શકે છે.

જીવનની વાસ્તવિકતાનો પરિચય કરાવતી ચરોતરી બોલીનો કાવ્યસંગ્રહ.

❑



મહેતાજી તમે એવા શું? : ધીરેન્દ્ર મહેતા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-380001. પૃ. 360, રૂ. 400, પ્રથમ આવૃત્તિ 2018.

'કથા એ જીવન હોવા છતાં જીવન એ કથા કરતાં બૃહદ છે... કહી-કહીનેય કથામાં કેટલું કહી શકાય છે અને કેટલું બધું તો રહી જાય છે! એનું શું?' જાતને જોવાની આવે, ત્યારે રહી ગયેલું એ બધું પણ દેખાઈ જતું હોય છે-' 'મહેતાજી, તમે એવા શું?' ધીરેન્દ્ર મહેતાની આત્મવૃત્તાંતરૂપ સ્મૃતિયાત્રા છે, જેમાં એમણે કથામાં રહી ગયેલું ઘણું બધું જોઈને વાચકને આપ્યું છે.


આત્મકથામાં લેખકે એમની સાહિત્યકૃતિઓનો - નવલકથાઓનો વિશેષ વસ્તુનિર્દેશ કર્યો છે જે લેખકના સાહિત્યના અભ્યાસીઓને દિશાનિર્દેશ કરે છે. પરિશિષ્ટના બે લેખ પુસ્તકને વિશેષતા બક્ષે છે.

લેખકના જીવનસંઘર્ષનો પરિચય કરાવનારી સુંદર આત્મકથા.

❑

ળળળ... : પ્રતિષ્ઠા પંડ્યા, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-380014. પૃ. 144, રૂ. 200, પ્રથમ આવૃત્તિ 2019.

આમ તો બારાખડીમાં આવતો 'ળ' કોઈ નવી શરૂઆત નથી કરતો



પણ પ્રતિષ્ઠા પંડ્યાનો કાવ્યસંગ્રહ 'ળળળ...' પ્રતિકારની કવિતાઓનો સંગ્રહ છે. બાળપણમાં પિતરાઈ ભાઈઓએ 'ળળળળળ...' કરીને પ્રતિષ્ઠાને ચૂપ કરી દીધી હતી અને વર્ષો પછી એક સ્ત્રીની અંદર અને બહારથી આવતા એને ચૂપ કરવા મથતા તમામ અવાજોનો પ્રતિકાર 'ળળળ...' દ્વારા કવિતાનું સ્વસ્થ ધારણ કરે છે.

અંતરબાહ્ય તમામ પરિબળો અને કારણોથી એક સ્ત્રી સભાન છે. અનેક બાહ્ય કારણોની સાથે આંતર કારણો - સંસ્કારનાં, ઉછેરનાં, સ્ત્રી હોવાનાં, રોજિંદાપણાનાં, સહજીવનનાં, ભય, આકાંક્ષા, અપેક્ષા, હતાશા, કંટાળાનાં - એ બધાં પ્રતિષ્ઠા પંડ્યાનાં કાવ્યોમાંથી પસાર થતાં અનુભવાય છે. પણ પ્રતિષ્ઠા એ તમામને ળળળ... કહીને કોઈનેય હરાવ્યા વિના જીત મેળવે છે.

સંપૂર્ણ કાવ્યસંગ્રહ ક, ખ, ગ, ઘ, ળ અને ફરીથી ક એમ છ વિભાગોમાં વિભાજિત છે. દરેક વિભાગ એક વિશિષ્ટ વિષય અથવા ભાવને કેન્દ્રિત કરીને લખાયેલાં કાવ્યોનો છે. ળ વિભાગ દ્રોપદી, અહલ્યા, દુર્ગા જેવાં પૌરાણિકપાત્રો લઈને આવે છે અને સંગ્રહનાં ઉત્તમ કાવ્યોનો પરિચય કરાવે છે.

'ળ'ની કવિતાઓ સહૃદય ભાવકને રસ પડે એવી છે.

❑

'નવનીત સમર્પણ' લવાજમના દર

છૂટક અંક	-	રૂ. 30	વિશેષ અંક	-	રૂ. 40
એક વર્ષ	-	રૂ. 300	વિદેશમાં દરિયાઈ માર્ગે	-	રૂ. 1500
બે વર્ષ	-	રૂ. 580	હવાઈ માર્ગે	-	રૂ. 2600
ત્રણ વર્ષ	-	રૂ. 850			
પાંચ વર્ષ	-	રૂ. 1400			
દસ વર્ષ	-	રૂ. 2800			

ઓનલાઈન લવાજમ ભરવાની એકદમ આસાન સેવાનો લાભ લેવા...
http://www.bhavans.info/periodical/pay_online.asp

તમારી દૃષ્ટિએ

'નવનીત સમર્પણ' મે 2020નો ઈ-અંક વાંચ્યો. કોરોના મહામારીના સમયમાં પણ વાચકોને પોતાનું પ્રિય સામયિક સુલભ કરાવી આપવા બદલ આપનો આભાર. અભિનંદન...

પેન્શન કેસ, ખરેડી વાર્તા ગમી. કોરોના વિષયક લેખ ગમ્યા. નવરાશના સમયમાં ઉત્તમ વાંચન મળી ગયું.!! આભાર.

જામનગર **- નૌશાદ ઉકાણી**

* * *

પહેલી જ વાર આખો અંક મોબાઈલ પર વાંચવાનો અનુભવ લીધો. લોક ડાઉનમાં પણ પ્રકાશન શરૂ રાખવાનો અભિગમ સ્તુત્ય.

• સૂફી છાંટ સાથેના ગઝલગુચ્છ પર લલિત મુદ્રા - બહુ સરસ. આ રીતે એક સર્જકની કૃતિઓ એકસાથે વાંચવા મૂલવવાથી એની સર્જન પ્રક્રિયાને સુપેરે માણી શકાય.

• "ખરેડી" વાર્તા સાથે કવયિત્રી પારુલ ખખ્ખર સજ્જ વાર્તાકાર તરીકે રજૂ થયાં છે. ત્રણ સ્ત્રીઓના અલગ મિજાજ સાથે એમનાં મનોસંચલનોને બોલચાલની ભાષામાં વ્યક્ત કરવામાં એ સફળ રહ્યાં છે. તાજગીભરી નવી શૈલી સાથેની સુવાચ્ય વાર્તા.

• નર્મ મર્મ સાથે આગવી શૈલીમાં રતિલાલ બોરીસાગર દ્વારામતીની સફર કરાવે એટલે વાચકોને તો રસથાળ.

• "પાન પુરાણ" - પાન બનાવવા જેટલી જ ધીરજપૂર્વક લખાયેલો સ્વાદિષ્ટ લેખ. હર્ષદ ત્રિવેદી જેવા પાનરસિયા જ આટલું મજેદાર લખી શકે. વાંચ્યા પછી નિર્વ્યસની પણ ખાવા લલચાય એ જોખમ ખરું!

• સ્વ. કુન્દનિકા બહેનનો ખાનગી પત્ર ક્યારે પ્રકટ થાય એનો સૌને ઈન્તઝાર રહેશે.

• હાસ્યેન સમાપયેત્‌માં વોટ્સએપના વાસી ટૂચકાઓ જ રજૂ કરવાને બદલે અલગ રમૂજો પીરસાય તો વધુ રસપ્રદ બને.

(આવી રમૂજો પાઠવવા માટે આપને નિમંત્રણ છે. -સં.)

• અન્ય તમામ લેખો - વિભાગો પણ હંમેશ મુજબ ઉત્તમ. ડિજિટલ અંકના સુવાચ્ય લેઆઉટ અને વૈવિધ્યપૂર્ણ સામગ્રી માટે અભિનંદન.

વડોદરા **- સંજય ઉપાધ્યાય**

* * *

વિચાર નામે વિકાર છે, આથી વિચારહીન અવસ્થા મારે માટે કાવ્ય છે. જે બુદ્ધિ પરિચિત છે અને પરમતત્ત્વનો તાગ કાઢી શકતી નથી તે બુદ્ધિવિકાસ મિથ્યા પુરુષાર્થ જ બની નથી રહેતો? વિદ્યાલયમાં કલાકના કલાક બેસીને ઉછીની આણેલી વિદ્યાનો જ્ઞાનદંભીઓને મોઢે થતો શુકપાઠ સાંભળવા કરતાં મંદિરના પવિત્ર વાતાવરણમાં પાંચ ક્ષણ બેસવું તે મારે મન વધુ મૂલ્યવાન છે. - **સુરેશ જોષી, 'પ્રથમ પુરુષ એકવચન'માંથી સાભાર**



ભવન્સ-વૃત્ત

નાગપુર કેન્દ્રઃ લોકનૃત્ય પ્રતિયોગિતા

સુભાષ મંડલ, કોટન માર્કેટ, નાગપુરમાં 21 જાન્યુઆરીથી 22 જાન્યુઆરી લોકનૃત્ય પ્રતિયોગિતાનું આયોજન થયું હતું. જેમાં નાગપુરનાં વિવિધ નૃત્યજૂથોએ પોતાનું કલાકૌશલ્ય રજૂ કર્યું હતું. પ્રતિયોગિતામાં એકાકી નૃત્ય, જૂથનૃત્ય, લોકનૃત્ય અને ભારતીય પરંપરા, સંસ્કૃતિ તથા અન્ય વિષયના આધારે લોકનૃત્ય રજૂ થયાં હતાં. વિજેતાઓને રોકડ રકમ અને સ્મૃતિચિહ્નો આપવામાં આવ્યાં હતાં.

નડિયાદ કેન્દ્રઃ ભવનાઈટ્સ વિવિધ ક્ષેત્રે ઝળક્યા

નડિયાદ કેન્દ્રે માત્ર શૈક્ષણિક સ્તરે નહીં પણ કલાત્મક પ્રવૃત્તિઓમાં પણ પોતાનું કૌશલ્ય પુરવાર કર્યું. ભવનની એમ. કે. પટેલ શાળાના ધોરણ 6ના વિદ્યાર્થીઓને ગુજરાતનું લોકનૃત્ય અને ગરબામાં પ્રથમ ક્રમ મેળવ્યો. કલા મહાકુંભ-રાજ્યસ્તર કાર્યક્રમમાં શાળા (ગાયન)માં પ્રથમ ક્રમાકે આવી. આ જ કાર્યક્રમ ધો. 11 કોમર્સની સંગીતમાં શાસ્ત્રીય ગાયિકા કુમકુમ સોનીએ લોકગીત અને ભજનમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો. ધોરણ 7ની અલ્ગુ પારીએ 'સુગમ સંગીત'માં પ્રથમ ક્રમાંક મેળવ્યો. તાલુકા સ્તરે ધોરણ 7ના મીર ટી. મિસ્ત્રીએ હાર્મોનિયમમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો. ધોરણ 11 કોમર્સના શ્રીજી પટેલે નેશનલ કરાટે ચેમ્પિયનશીપ (અન્ડર 18 કેટેગરી)માં મૂલ્યવાન રજત અને કાંસાનાં પદક પ્રાપ્ત કર્યાં. રાજ્યસ્તરની શિબિરમાં ધોરણ નવના વૃંદ કંસારાએ વિદ્યાર્થી વિજ્ઞાન મંથનમાં ત્રીજો ક્રમાંક અને રૂ. 2000/-ની ધનરાશિ પ્રાપ્ત કર્યાં હતાં.

જયપુર કેન્દ્રઃ સકારાત્મક વાલીપણું

જયપુર કેન્દ્રે જિંદાલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ બીહેવીઅરલ સાયન્સના સંયુક્ત ઉપક્રમે મહારાણા પ્રતાપ સભાગૃહમાં સકારાત્મક વાલીપણા વિશે પરિસંવાદનું આયોજન કર્યું હતું. જિંદાલ ઇન્સ્ટિટ્યૂટના આચાર્ય નિદેશક ખ્યાતનામ વૈજ્ઞાનિક પ્રાધ્યાપક ડો. સંજીવ પી. સાહની પરિષદના સૂત્રધાર હતા. પરિષદમાં સંઘર્ષ અને સર્વાંગી વિકાસ માટે બાળકોની કાર્યક્ષમતાને પ્રગટ કરવા જરૂરી ઉપાયો ઉપર ભાર દેવાયો હતો.

નાગપુર કેન્દ્રઃ નાગપુર કોરાડીના ભવન્સ બી. પી. વિદ્યાલયે ફેબ્રુઆરી 27ના સરસ્વતી માતાના શ્રીવિગ્રહનું અનાવરણ તામિલનાડુના રાજ્યપાલ અને ભારતીય વિદ્યા ભવનના ટ્રસ્ટી શ્રી બનવારીલાલ પુરોહિતના હસ્તે કરાયું હતું. કેન્દ્રના વહીવટી સમિતિના સભ્ય પ્રા. ક્યુ. એચ. જીવાજી કાર્યક્રમના અધ્યક્ષ હતા. કાર્યક્રમમાં વિશેષ આમંત્રિત મહાનુભાવો ઉપરાંત સ્ટાફના બધા જ સભ્યોની ઉપસ્થિતિ રહી હતી.



શ્રી બનવારીલાલ પુરોહિતે માતા સરસ્વતીના શ્રી વિગ્રહનું અનાવરણ કર્યું

કોલકાતા કેન્દ્રઃ વાર્ષિક રમતોત્સવ (મેળો) ભવન્સ ગંગાબક્ષ કનોરિયા વિદ્યા મંદિરનો વાર્ષિક રમત (મેળો) ઉત્સવ 19 ડિસેમ્બર 2019ના આયોજિત થયો હતો. જાણીતા કોચ અને ભૂતપૂર્વ ફૂટબોલર શ્રી મૃદુલ બેનરજી કાર્યક્રમના મુખ્ય અતિથિ હતા.

ઉત્સવની શરૂઆત સ્વાગતનૃત્ય જે એનસીસીના વિદ્યાર્થી અને ફોર હાઉસિસના વિદ્યાર્થીઓએ કવાયત સાથે રજૂ કર્યું. ત્યારબાદ ધોરણ છ અને સાતના વિદ્યાર્થીઓએ કવાયતો અને લોખંડના કડા ફેંકની રજૂઆત કરી. દિવસની વિશેષતા રૂપે વ્યાયામ કાર્યક્રમ હતો. કાર્યક્રમ ઇનામ વિતરણ સાથે અને ચેમ્પિયન હાઉસની જાહેરાત સાથે સમાપ્ત થયો.

ગંટુર કેન્દ્રઃ 35મા વાર્ષિક દિનની ઉજવણી

ભવન્સ વિદ્યાશ્રમ ગંટુરે 20 ફેબ્રુઆરી 2020, ગુરુવારે 35મા વાર્ષિક દિનના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. બાળકોએ પોતાની કુશળતા શાસ્ત્રીય નૃત્ય, પાશ્ચાત્ય નૃત્ય, વિવિધ રાજ્યોની સંસ્કૃતિ, એકાંકી અને એકપાત્રી અભિનય વગેરે વિવિધ ક્ષેત્રોમાં પ્રદર્શિત કરી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી અધનકી શ્રીધર બાબુએ નૈતિકતાનાં મૂલ્યો અને ભવિષ્યના નાગરિકોના જીવનમાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે તેમ જણાવતાં શાળાનાં કાર્યોની પ્રશંસા કરતાં કહ્યું, આવા કાર્યક્રમો પણ મહત્ત્વપૂર્ણ છે.

ગંટુર કેન્દ્રઃ વૈજ્ઞાનિક સી. વી. રામનની જન્મતારીખ. ભવન્સ ગંટુર કેન્દ્રે 28 ફેબ્રુઆરી 2020ના 'નેશનલ સાયન્સ ડે'ના પ્રસંગે વિજ્ઞાનમેળાનું આયોજન કર્યું હતું. બાળકોએ સાયન્સ મોડેલની તૈયારી અને રજૂઆત કરી હતી. આ પ્રકારના કાર્યક્રમો બાળકોની મનઃસ્થિતિ પ્રદર્શિત કરે છે. જે હાલની પરિસ્થિતિમાં ખૂબ આવશ્યક છે.

ચંડીગઢ કેન્દ્રઃ ભવન વિદ્યાલયે શ્રેષ્ઠ CCPCR એવોર્ડ જીત્યો

ભવન વિદ્યાલય ચંડીગઢે CCPCR (ચંડીગઢ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્સ રાઈટ્સ) જેવો મૂલ્યવાન એવોર્ડ તેઓની અથાગ મહેનત અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ તથા વિશેષ જરૂરિયાતવાળાં બાળકોને સમર્થ બનાવવાના સાહસને લીધે પ્રાપ્ત થયો છે. આ કાર્યક્રમ ગવર્નમેન્ટ મોડેલ સીનિયર સેકેંડરી સ્કૂલ, સેક્ટર 18માં આયોજિત થયો હતો. ચંડીગઢ કમિશને આ એવોર્ડ બાળકોના અધિકારના રક્ષણ માટે આપ્યો હતો. સાથે શાળાને પ્રમાણપત્ર અને સોવેનિયર ભેટ કર્યાં હતાં.



1987માં શાળામાં વિશેષ વિભાગ (cell)ની સ્થાપના થઈ. જે બાળકોની શૈક્ષણિક અને સામાજિક જરૂરિયાતો પૂરી પાડે છે. તેઓનાં શારીરિક, માનસિક અને અન્ય વ્યાધિ વગેરેમાં પણ સહાયક થાય છે. ખાસ અનુભવી અને સમર્પિત સમાજસેવકો આ વિભાગનું સંચાલન કરે છે. તેઓ જીવનોપયોગી અને વિદ્યાર્થીઓ બધી રીતે આત્મનિર્ભર બને અને પોતાની આર્થિક સૂઝ વિકસાવે તેવી તાલીમ આપે છે.



વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

તાજું સંશોધન : પરણેલા પુરુષોના પેટ વધવાનું કારણ શું?

સાથે નોકરી કરતી બહેનપણી જોડે ભરપેટ ખાધા પછી ઘરે પત્નીની બીકમાં ફરીથી ખાવું તે...

☺ ☺ ☺

પત્ની બહુ મગજમારી કરે તો ચંપલ ઉઠાવો... ને પહેરીને ઘરની બહાર જતા રહો. બાકી તમે મનમાં જે વિચાર્યું એના માટે તે નવો જન્મ લેજો.

☺ ☺ ☺

જો કોઈ બાળક સાંજના ભાગે નિરાંતે ઘોડિયામાં ઘસઘસાટ ઊંઘતું હોય તો સમજી લેવું કે...

રાત્રે તમારી ઊંઘ હરામ કરવા ચાર્જિંગમાં મૂકેલું છે.

☺ ☺ ☺

ધૃતરાષ્ટ્ર : અરે! સવાર પડવાની હમણાં. ક્યાં ગઈ હતી?

ગાંધારી : આપણાં છોકરાઓને રાત્રિની શુભેચ્છા પાઠવી રહી હતી...

બોધ : નાનું કુટુંબ સુખી કુટુંબ.

☺ ☺ ☺

લગ્ન વિશે તમારે શું કહેવું છે?

લગ્ન એક એવી વ્યવસ્થા છે જેમાં ઘા પહેલાં હળદર લગાડાય છે.

☺ ☺ ☺

હાસ્યેન સમાપયેત

એક ભાઈ બીચારો આવા ધોમ તડકામાં અગાસી ઉપર કપડાં સૂકવતો હતો. મેં પૂછ્યું, ''ભાઈ લગન થઈ ગયા છે?''

''તો કહે હા, કોઈ મા આવા તડકામાં દીકરાને કપડાં સૂકવવા મોકલે?''

પછી મને થયું કોણ આવી પારકી પંચાતમાં પડે? મારે હજી વાસણ પોતાંય બાકી છે!''

☺ ☺ ☺

''સારી પત્ની એટલે?''

''લોકડાઉનના સમયમાં જે પતિને ઘરકામમાં મદદ કરે!''

☺ ☺ ☺

''લોકડાઉનમાં માત્ર વાઈરસને નહિ પણ શરીરને પણ ફેલાતાં રોકવાનું છે!''

☺ ☺ ☺

''તમે ઊઠી ગયા? તો ચા મૂકું!'

''તને કેટલી વાર કહ્યું છે કે આવા શબ્દો વાપરવા નહિ!

આ લોકડાઉનને લીધે આમેય ધંધો મંદ છે!''

☺ ☺ ☺

ડોક્ટરઃ ''બાળકને પાણી પિવડાવતાં પહેલાં ઉકાળી લેવું.''

પોપટલાલઃ ''ડોક્ટર સાહેબ, ઉકાળવાથી બાળક મરી તો નહીં જાય ને!''

☺ ☺ ☺

મારા બોસ નવી ગાડીમાંથી ઊતર્યા એટલે મેં કહ્યું. ''સર તમારી ગાડી બહુ સરસ છે!''

બોસ કહેઃ ''તમે લોકો આ રીતે મહેનત કરતા રહેશો. થોડું વધુ ખેંચાઈને કામ કરતા રહેશો તો આવતે વર્ષે આનાથી સારી ગાડી લઈશ.''

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month

www.dostirealty.com

Versatile Living... Varied Lifestyle...



DOSTI VIHAR	DOSTI IMPERIA	DOSTI CENTERIO	DOSTI AMBROSIA
Pokhran Road No. 1, **THANE (W)**	Ghodbunder Road, **THANE (W)**	Old Mumbai-Pune Road (NH-4), **SHIL-JUNCTION THANE**	Dosti Acres, New Uphill Link Road, off S. M. Road, **New Wadala.**
1½, 2, 2½ & 3 BHK Apartments	**2 & 3 BHK Apartments**	**1, 1½, 2 & 2½ BHK Apartments**	**Lavish 2 & 3 BHK Apartments**

FRIENDS FOR LIFE

DOSTI

DOSTI REALTY LTD., Established in 1980 | 5 million+ sq. ft. Developed | 27,500+ residents across Mumbai
3.3 million+ sq. ft. under development in Townships, Retails, Commercial & IT Park

DOSTI REALTY LTD., Lawrence & Mayo House, 1st Floor, 276, Dr. D. N. Road, Fort, Mumbai - 400 001.
Contact: 022-2219 8500